# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો
## તોરણિયા (તાલુકો–દાંતા જિ. બનાસકાંઠા)

અહેવાલ લેખન
ચંદ્રકાન્ત એસ. પટેલ

સંકલન
ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

285

૧૯૯૦

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકરણ - ૧ | પ્રાસ્તાવિક અને વિસ્તાર પરિચય | ૧થી૮ |
| પ્રકરણ - ૨ | ભૌતિક સંસ્કૃતિ | ૯થી૧૩ |
| પ્રકરણ - ૩ | સામાજિક જીવન | ૧૪થી૨૪ |
| પ્રકરણ - ૪ | આર્થિક જીવન | ૨૫થી૫૦ |
| પ્રકરણ - ૫ | ૧૯૮૯માં આદિવાસીઓમાં દેખાતાં પરિવર્તનો | ૫૧થી૬૧ |
| પ્રકરણ - ૬ | અભ્યાસ આધારિત પ્રશ્નો, તારણો અને સૂચનો | ૬૨થી૬૮ |

## પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક અને વિસ્તાર પરિચય

### પ્રાસ્તાવિક :

૧૯૮૧ પ્રમાણે રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ ૧૪.૨૨% છે. તેમાં જુદી જુદી ૨૮ અનુસૂચિત જનજાતિઓનો સમાવેશ થાય છે. આ ૨૮ આદિવાસી જાતિમાંથી કેટલાંક જૂથોની વસ્તી વધુ છે તો કેટલાંક જૂથોની વસ્તી બહુ જ થોડી છે. ૧૯૬૯માં આદિવાસી કેન્દ્ર તરફથી એવું નક્કી કરવામાં આવ્યું કે રાજ્યમાં જે આદિવાસીઓની વસ્તી એક લાખ કરતાં વધુ હોય તેના સાંસ્કૃતિક અને સામાજિક આર્થિક અભ્યાસો કરવાના. એ મુજબ સઘન આદિવાસી વસ્તી ધરાવતા વલસાડ, સુરત, ભરૂચ, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ જિલ્લામાંથી જે તાલુકામાં વધુ સંખ્યામાં એક લાખ કરતાં વધુ વસ્તીવાળી જાતિઓ હોય તે તાલુકા પસંદ કર્યા. આ રીતે ઉપરોક્ત સાથ જિલ્લામાંથી ૧૧ તાલુકા પસંદ કરી ૧૧ ગામોનો અને તેમાં વસતા આદિવાસી કુટુંબોનો સામાજિક આર્થિક અભ્યાસ કરવાનું નક્કી થયું હતું. એ મુજબ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાનું તોરણિયા ગામ પસંદ થયું હતું. તપાસમાં ગામમાં વસતા આદિવાસી કુટુંબોને આવરી લેવાયા હતા. કેમકે ગામમાં બધાં જ કુટુંબો આદિવાસી હતાં. સાથે એક બાબતનો ઉલ્લેખ કરીએ ૧૯૬૦-૬૧માં સેન્સસ તરફથી આ ગામની સામાજિક આર્થિક તપાસ થઇ હતી. તેથી ખાસ કિસ્સા તરીકે આ ગામ લીધું હતું. આદિવાસી જાતિમાં અહીં મુખ્યત્વે એક જ જાતિ ડુંગરી (ભીલ)ના હતા. આ જે અભ્યાસ થયો હતો તેની વિગતો અને માહિતી ફાઇલ સ્વરૂપે રહયા હતા. ૧૯૭૯-૮૦માં કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઇ નાયકે એવું સૂચન કર્યું કે ૧૯૬૯-૭૦માં આપણે જે ગામ અને કુટુંબોનો અભ્યાસ કર્યો હતો તેના તે જ કુટુંબોનો ૧૯૭૯-૮૦ના વર્ષમાં અભ્યાસ કરવામાં આવે તો તેમાં વસતા કુટુંબોમાં કયા, કેવું અને કઇ રીતનું પરિવર્તન આવ્યું છે તે જાણી શકાય. આ સૂચનને આધારે ૧૯૭૯-૮૦ના વર્ષમાં આગળ દર્શાવેલ જિલ્લાના પસંદ થયેલ ગામોમાં વસતાં કુટુંબો કે જેનો અભ્યાસ ૧૯૬૯-૭૦માં થયો હતો તેનો અભ્યાસ કરી અહેવાલ સાયકલો સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યા હતા.

૧૯૮૯-૯૦ના વર્ષની વાર્ષિક બેઠક મળી હતી તેમાં કેન્દ્રના નિયામકે જણાવ્યું કે આજથી ૨૦ વર્ષ પહેલાં જે ગામો પસંદ કરી અભ્યાસ કર્યો હતો અને પુનઃતપાસ ૧૯૭૯-૮૦માં કરી હતી એ અભ્યાસો પરથી આદિવાસીઓની બદલાયેલ સ્થિતિ, પાયાની સુવિધામાં ફેરફાર વગેરે ઘણું બધું જાણવા મળ્યું હતું. હવે તો પ્રથમ અભ્યાસ અને અત્યારના સમય (૧૯૮૯) વચ્ચે વીસ વર્ષનો સમય વીતી ગયો છે. આ ગાળા દરમિયાન આદિવાસીઓ માટે 'સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના' આ યોજનાના જ એક ભાગ રૂપે 'બિજરૂપ અંદાજપત્ર' અને એવી જ બીજી ઘણી યોજનાઓમાંથી આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રી તરફથી પ્રયાસો હાથ ધરાઇ રહયા છે. તો આ બધાની અસર આદિવાસીઓના જીવન, સંસ્કૃતિ પર અને તેમના આર્થિક વિકાસ પર કેવી થઇ છે અને તેઓમાં કયાં કયાં નોંધપાત્ર ફેરફાર થયા છે તે ફરી તપાસવું જોઇએ. આ સૂચનને બધાએ સહર્ષ સ્વીકાર્યું અને તેના ભાગ રૂપે 'નોરશિયા' ગામમાં વસતા ડુંગરી (ભીલ) કુટુંબોનો અભ્યાસ કરી તેમાં છેલ્લા બે દાયકામાં કેવું પરિવર્તન આવ્યું છે તે બતાવવાનો પ્રયાસ આ અહેવાલમાં કર્યો છે.

તપાસના ઉદ્દેશો :

સરકારશ્રી તરફથી આદિવાસીઓ માટે ઘણી યોજનાઓ ચાલે છે. આ ઉપરાંત છેલ્લા બે દાયકામાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણ, વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારમાં થયેલ વધારો, વ્યવસાયોમાં આધુનિકરણ, શિક્ષણમાં પ્રગતિ વગેરેમાં લઇને આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં અને જીવનમાં કેવા પરિવર્તનો આવ્યા છે તેમજ ગામમાં પાયાની સુવિધા અને અન્ય બાબતોમાં ફેરફાર થયા છે કે કેમ વગેરે જાણવાનો મુખ્ય ઉદ્દેશ આ અભ્યાસ પાછળ હતો.

તપાસ-પદ્ધતિ :

ગામની તપાસ વસ્તી પદ્ધતિથી હાથ ધરવામાં આવી હતી. ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામમાં કુલ કુટુંબો નોંધાયેલા હતા તેમાં ૧૯૬૯ની તપાસ વખતે ૫૯ ટકા માત્ર આદિવાસી કુટુંબો પસંદ થયાં હતાં. આજ કુટુંબોનો અભ્યાસ ૧૯૬૯માં કરવામાં આવ્યો હતો. અહીં એક બાબતની સ્પષ્ટતા કરવાની કે આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ જે તે કુટુંબોમાં આવેલ પરિવર્તન તપાસવાનો હતો. તેથી ૧૯૬૯ની તપાસમાં જે કુટુંબો લીધાં હતાં તેમાંના કેટલાક કુટુંબોના વડાઓના મૃત્યુ થવાથી ૧૯૭૯માં ૫૯માંથી

૪૩ આદિવાસી કુટુંબોનો સંપર્ક સાધી શકાયો હતો.

જ્યારે આ અભ્યાસ (૧૯૮૯) દરમિયાન અગાઉના સર્વે મુજબ ૪૩ આદિવાસી કુટુંબોમાંથી ૧૫ કુટુંબના વડાનાં મૃત્યુ થવાથી ૨૮ કુટુંબોના વડાનો સંપર્ક સાધી શકાયો છે. છેલ્લા બે દાયકા દરમિયાન અભ્યાસોમા કેટલા કુટુંબો પસંદ થયાં હતા તે નીચેના ચિત્રથી વધુ સ્પષ્ટ થશે.

કોઠો ૧.૧

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯મા સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની વિગત

| ક્રમ | વિગત | પસંદ થયેલ કુટુંબો | | |
| --- | --- | --- | --- | --- |
| ૧ | વર્ષ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| ૨ | કુટુંબો | ૫૯ | ૪૩ | ૨૮ |

આગળ દર્શાવેલ ચિત્રથી એ જોવા મળે છે કે છેલ્લા બે દાયકામાં તપાસમાં પસંદ થયેલા કુટુંબોમાંથી બે દાયકા દરમિયાન ૫૨.૫૪ % કુટુંબના વડાનાં મૃત્યુ થયાં છે. પસંદ પામેલ કુટુંબોની નીચેની સૂચિઓથી વિગત મળેલી હતી.

૧. અનુસૂચિ:

કુટુંબના સભ્યોની સામાન્ય માહિતી, તેઓનુ શિક્ષણ, જમીન, ઘર, ઘરવખરી, આવક, ખર્ચ, દેવું, તેઓનુ આરોગ્ય અને સરકારશ્રી તરફથી મળેલ સહાય તેમના કુટુંબના વિકાસ અને ઉત્થાન માટે શેની જરૂરિયાત છે વગેરે મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં રાખી એક અનુસૂચિ બનાવી હતી. જેનો નમૂનો પરિશિષ્ઠ ૧ માં છે. આ બધીજ વિગતો કુટુંબોના વડાનો તેમના કોઇ સભ્યોનો વ્યક્તિગત સંપર્ક કરી મેળવી હતી.

૨. મુલાકાત :

પ્રશાસનમાં કામ કરનાર અધિકારી, ગામના અને સામાજિક આગેવાનો, સામાજિક કાર્યકરો, સ્કૂલના શિક્ષકો વગેરેને મળી ગામમાં મળતી પ્રાથમિક સુવિધા, ગામની સુવિધા માટે સરકારશ્રી તરફથી કે સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા તરફથી મળેલ સહાય, ગામના પ્રશ્નો, વિકાસ માટેના આગેવાનોનાં સૂચનો વગેરે માહિતી મુલાકાતથી લીધી હતી.

૩. નિરીક્ષણ :

કુટુંબના સભ્યો શું કામ કરે છે, કોણ શું કામ કરે, ખેતીકામ અને તેમના જન્મથી મૃત્યુ સુધીના રિવાજો વગેરે જાણવા માટે સહભાગી અને અસહભાગી નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત તોરણિયા ગામની અને ત્યાંની વસ્તીની કેટલીક વિગતો જોવા માટે ગ્રંથાલયનો પણ ઉપયોગ કર્યો હતો.

## વિસ્તાર પરિચય

ભૌગોલિક પરિસ્થિતિ :

બનાસકાંઠા જિલ્લો :

બનાસકાંઠા જિલ્લો ગુજરાતની ઉત્તરે આવેલો સરહદી જિલ્લો છે. છેલ્લા કેટલાંક વર્ષોથી રાજ્યના અમુક જિલ્લાને પછાત ગણવામાં આવે છે. આમા બનાસકાંઠાનો સમાવેશ થાય છે. સમગ્ર જિલ્લો કુલ ૧૨૭૦૩ ચો. કિ. મી. ના વિસ્તારમાં પથરાયેલો છે. જિલ્લાની ઉત્તરે અને પૂર્વમાં રાજસ્થાન, અગ્નિ ખૂણામાં સાબરકાંઠા જિલ્લો, દક્ષિણે મહેસાણા જિલ્લો, પશ્ચિમ અને નૈઋત્ય ખૂણે કચ્છ જિલ્લો આવેલો છે.

જિલ્લાની મોટી નદીઓમાં બનાસ, સરસ્વતી, સિપુ ઉપરાંત બીજી નદીઓમા ભોયણ, અર્જુના, ઉમરદશી, બાલારામ, લડબી, રેલ, સુણી છે.

જિલ્લો કુલ જુદા જુદા ૧૨ તાલુકાનો બનેલો છે. જેમાનો એક તાલુકો દાંતા છે.

દાંતા તાલુકો :

દાંતા તાલુકાની ઈશાન ઉત્તરે રાજસ્થાન, પશ્ચિમે વડગામ અને પાલનપુર તાલુકા છે. અગ્નિ પૂર્વમાં સાબરકાંઠા જિલ્લો અને દક્ષિણે મહેસાણા જિલ્લો છે. તાલુકાનો વિસ્તાર ૮૫૭.૨ ચો. કિ. મી. છે. તેની ઉત્તરે દક્ષિણ લંબાઈ ૩૮ કિ. મી. અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ ૩૨. કિ. મી. ની છે. જમીન મોટા ભાગની ગોરાળુ અને રેતાળ છે. નદીઓના ભાઠામા કાંપની ફળદ્રુપ જમીન છે. તાલુકામા સરસ્વતી, અર્જુના, કીડી, ધામણાવ, ખારી, ભમરોજ, અરપવાવ, સાબરમતી, નાગ, તોડવતી નદીઓ છે. જયારે હડાદ, સાઢોસી, સોળસંડા, કમળિયુ, પીપોદરા અને વસી તળાવો છે. તાલુકામા મુખ્યત્વે પાક મકાઈ ઉપરાંત ચણા, ઘઉ, કપાસ, રાઈ છે. તાલુકાનો મોટો ભાગ ડુંગરાળ પ્રદેશનો છે. જેમા આરાસુર, ઘોડાવાળો, હરીઓજ, મશરો, ગબ્બર, માણકનાથ, ભદ્રમાળ, ભેંસો ડુંગરો છે. તાલુકામા બસ વ્યવહારની ખૂબ સારી સગવડ છે. રેલવે વ્યવહાર નથી. ખાસ જોવા લાયક સ્થળોમા અંબાજીનુ સુપ્રસિદ્ધ ~~મંદિર~~ મંદિર છે.

તાલુકામાં મોટા ભાગની વસ્તી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલી છે. કારણ કે અહીં ત્રણ સિમેન્ટ ફેકટરીઓ સિવાય કોઇ ઔદ્યોગિક એકમ નથી. અહીંની ખેતીનો સીધો સંબંધ વરસાદ અને આબોહવા છે. તાલુકાની આબોહવા ખૂબ વિષમ છે. શિયાળે સખત ઠંડી, ઉનાળે વૃક્ષો ઓછાં હોવાને કારણે સખત ગરમી અને લૂ વાય છે. ચોમાસે વરસાદની અનિયમિતતા અને ખેંચ હોય છે. દાંતા તાલુકામાં વરસાદ સરેરાશ ૧૪ વર્ષનો એટલે કે ૧૯૭૭થી ૧૯૮૯ સુધીનો ૫૫૬ મિ.મિ. છે. આ વરસાદની ઋતુ જૂનથી ઓકટોબર છે તાલુકામાં વરસાદનું પ્રમાણ એકંદરે ઓછું છે. અગાઉના અહેવાલમાં ૧૯૫૨થી તાલુકામાં કેટલો વરસાદ પડયો છે તેની વિગતો આપી છે. આ અભ્યાસ અહેવાલમાં ૧૯૭૭થી ૧૯૮૯ સુધીનો વરસાદ આપ્યો છે. આંકડાઓ પરથી વરસાદની અનિયમિતતાનો પણ ખ્યાલ આવશે.

કોઠો ૧.૨

| ક્રમ | વર્ષ | વાર્ષિક વરસાદ મિ.મિ.માં |
|---|---|---|
| ૧. | ૧૯૭૭ | ૮૪૫ |
| ૨. | ૧૯૭૮ | ૫૧૩ |
| ૩. | ૧૯૭૯ | ૬૨૦ |
| ૪. | ૧૯૮૦ | ૪૩૬ |
| ૫. | ૧૯૮૧ | ૪૯૨ |
| ૬. | ૧૯૮૨ | ૫૭૭ |
| ૭. | ૧૯૮૩ | ૯૩૧ |
| ૮. | ૧૯૮૪ | ૪૫૦ |
| ૯. | ૧૯૮૫ | ૩૮૮ |
| ૧૦. | ૧૯૮૬ | ૪૬૨ |
| ૧૧. | ૧૯૮૭ | ૧૦૯૨ |
| ૧૨. | ૧૯૮૮ | ૩૦૪ |
| ૧૩. | ૧૯૮૯ | ૬૮૫ |

આ તાલુકામા અરવલ્લીની હારમાળા તથા થોડા જંગલો હોવાને કારણે વરસાદનુ પ્રમાણ સારુ રહે છે. છેલ્લાં કેટલાંક વર્ષોના વરસાદના આંકડા ઉપર મુજબ છે.

જો કે દાંતા તાલુકામા વરસાદના આંકડા વધુ યોગ્ય ગણાય. સામાન્ય રીતે ઉપરના આંકડા જોતા જણાશે કે ૨૦ ઇંચ કરતાં વધારે વરસાદ આ તાલુકામા પડે છે. અને આટલો વરસાદ હલકા ધાન્ય બાજરી, મકાઇ, કઠોળ વગેરેની ખેતી માટે અનુકૂળ હોય છે.જો કે ૧૯૮૧મા માત્ર ૩૮૮ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. ૧૯૮૭માં ૧૦૯૨ મિ.મિ. જેટલો વરસાદ ભારે નોંધાયો હતો.

<u>તોરણિયા :</u>

દાંતા તાલુકાનાં કુલ ૧૮૬ ગામ આવેલાં છે. જેમાંથી માંકડિયારા, જોરાપુરા, ઉમેદપુરા ગામો ધરોઇ જલાગાર યોજનામાં સંપૂર્ણપણે ડૂબમાં ગયેલાં છે. ઘુમાલી ગામનો રકબો ચકડા ગામમાં ભેળવ્યો છે. તેમજ મોટી મંડાલી, નાની મંડાલીનું રેવન્યુ રેકર્ડ એક છે. એટલે ૧૮૬માંથી ઉપરોકત પાંચ ગામ બાદ થતાં ૧૮૨ગામોમાંનું એક ગામ તોરણિયા છે. તોરણિયા ગામ હડાદ પટ્ટામાં આવેલુ છે. હડાદ અંબાજી ખેડબ્રહ્મા માર્ગ પર અંબાજીથી ૧૦ માઇલના અંતરે આવેલું છે. હડાદ આજુબાજુના વિસ્તારનું મોટું ગામ છે. ગામ અમદાવાદ અંબાજી માર્ગ પર આવેલું હોવાથી બસ વ્યવહારની ઉત્તર સગવડ આ ગામને મળે છે. તોરણિયા જવા માટે હડાદથી ચાલતું જવું પડે છે. હડાદથી તોરણિયા ૩ કિ.મી. છે. ગામ સુધી એપ્રોચ રોડ છે. રસ્તામાં નદી આવે છે. પણ નદીમાં ચોમાસાની ઋતુ સિવાય બિલકુલ પાણી હોતું નથી. નદી પર કોઇ પૂલ કે નાળું નથી. ચોમાસાની ઋતુ સિવાય અંબાજીથી દાંતા બસ સર્વિસ છે. ગામથી નજીકનું રેલવે સ્ટેશન આબુ રદડ છે. પક્ષ્ પક્ષ્ પોસ્ટ ઓફીસ, પોલીસ સ્ટેશન, એકથી સાત ધોરણ સુધીની શાળા, સરકારી દવાખાનું, પશુ દવાખાનું, ખરીદ વેચાણ બજાર, સહકારી સ્ટોર, સસ્તા અનાજની દુકાન વગેરે હડાદમાં આવેલુ છે.

તોરણિયા ગામની સરહદે ઉત્તરે રાબધર અને સંતલપુર, દક્ષિણમાં આમલોઇ, પૂર્વમાં નવાવાસ અને પશ્ચિમે મીરાંવાસ ગામો આવેલાં છે. રાબધર અને તોરણિયા ગામની વચ્ચે થઇને મીરાંવાસ તળાવ પર જવાનો મેટલ રસ્તો છે. અસલમાં ઉપર બતાવેલા ફળિયાં તોરણિયાના ફળિયાં હતાં પણ આજે રેવન્યુની રીતે જુદાં છે. આમ વહીવટી રીતે જુદા હોવા છતાં બધાં ગામ ખૂબ જ નજીક નજીક હોવાથી સામાજિક સંબંધો ગાઢ હોવાને કારણે બધાં ગામો એક જ ગામના પરા જેવાં લાગે છે.

ગામમાં મુખ્યત્વે ડુંગરી ભીલોની વસ્તી જુદા જુદા પાંચ ફળિયામાં વસે છે. જેમાં ખાદરા ફળિયું, ખૂણાનું ફળિયું, ઘાટીનું ફળિયું, બેનાનું ફળિયું, વચલુ ફળિયું છે.

ગામમાં મુખ્યત્વે બેગાડિયા અને બબુડિયા ગોત્રની વસ્તી છે. બંનેનાં ફળિયાં અલગ છે. બેગાડિયા ફળિયું એક જ જથ્થામાં વસવાટ કરે છે. જયારે બબુડિયા કુટુંબો બેગાડિયા ફળિયાની સામેની ટુંક ટેકરીઓ ઉપરના ફળિયાઓમાં છૂટક છૂટક ઘર બાંધીને વસે છે. બેગાડિયા કુટુંબોની જમીન સપાટ છે, જયારે બબુડિયા કુટુંબોની ઘણી ખરી જમીન ઢોળાવવાળી છે. જમીનની વચ્ચે વચ્ચે નાની ટેકરીઓ આવેલી છે. ગામની જમીન ગોરાડુ તથા રેતાળ છે. પરંતુ જમીન પાતળી હોવાને કારણે ભેજ સંગ્રહની શકિત વગરની હોય ઓછા પાણીથી થતા પાકો જ માત્ર કરી શકાય છે.

૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૮૨ કુટુંબો અને ૫૧૨ની વસ્તી હતી. જે ૧૯૮માં ૧૧૯ કુટુંબોમાં ૭૩૬ની વસ્તી છે. એટલે કે ૧૯૭૧ કરતાં ૧૯૮૧માં ગામની વસ્તીમાં ૨૨૪નો વધારો થયો છે. એટલે કે ૧૦ વર્ષના ગાળામાં ૪૩%નો વધારો થયો છે.

રાજયમાં, બનાસકાંઠા જિલ્લામાં, દાંતા તાલુકામાં અને તોરણિયા ગામની કેટલીક વિગતો નીચે આપી છે જેનાથી થોડી તુલનાત્મક સ્થિતિનો ખ્યાલ આવશે.

કોઠો ૧.૩

(૧) વસ્તીની માહિતી ૧૯૮૧

| ક્રમ | વિગત | રાજયમાં | બનાસકાંઠા જિલ્લામાં | દાંતા તાલુકામાં | તોરણિયા ગામમાં |
|---|---|---|---|---|---|
| ૧. | કુલ | ૩૪૦૮૫૭૯૯ | ૧૬૬૭૯૧૪ | ૧૦૧૮૪૫ | ૭૩૬ |
| ૨. | પુરુષ | ૧૭૫૫૨૬૪૦ | ૮૫૭૩૧૯ | ૫૨૩૨૬ | ૩૭૮ |
| ૩. | સ્ત્રી | ૧૬૫૩૩૧૫૯ | ૮૧૦૫૯૫ | ૪૯૫૧૯ | ૩૫૮ |
| (૨) વસ્તી વધારો | | | | | |
| | | ૨૭.૬૭ | ૩૧.૮૧ | ૪૩.૯૬ | ૪૩.૭૫ |
| (૩) વિસ્તાર ચો. કિ. મી. | | | | | |
| | | ૧૯૬૦૨૪.૦૦ | ૧૨૭૦૩.૦૦ | ૮૫૭.૨૦ | ૭.૧૫ |

(૪) દર હજાર પુરુષે સ્ત્રીઓની સંખ્યા

| | રાજ્યમાં | બનાસકાંઠા | દાંતા | નોરણિયા |
|---|---|---|---|---|
| ૧. | ૯૪૨ | ૯૪૫ | ૯૪૬ | ૯૪૭ |

(૫) શિક્ષણ ટકામાં

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૪૩.૭૦ | ૨૩.૦૪ | ૨૦.૧૮ | ૪.૬૨ |
| પુરુષ | ૫૪.૪૪ | ૩૪.૦૮ | ૩૦.૭૨ | ૮.૭૩ |
| સ્ત્રી | ૩૨.૩૦ | ૧૧.૩૬ | ૯.૦૫ | ૦.૨૮ |

(૬) અનુસૂચિત જનજાતિની વસ્તી (ટકામાં)

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૧૪.૨૨ | ૬.૭૧ | ૪૫.૫૮ | ૧૦૦.૦૦ |
| પુરુષ | ૧૩.૯૮ | ૬.૭૧ | ૪૪.૮૪ | ૯૯.૫૯ |
| સ્ત્રી | ૧૪.૪૯ | ૬.૭૧ | ૪૬.૩૬ | ૯૯.૨૧ |

(૭) કામ કરનારા અને કામ નહીં કરનારની માહિતી ૧૯૮૧ પ્રમાણે (ટકામાં)

| | | | | |
|---|---|---|---|---|
| મુખ્ય કામ કરનારા | ૩૨.૨૩ | ૩૦.૩૧ | ૨૯.૯૪ | ૨૮.૫૩ |
| પુરુષ | ૫૨.૧૬ | ૫૨.૫૯ | ૫૨.૩૦ | ૫૫.૫૬ |
| સ્ત્રી | ૧૧.૦૩ | ૬.૭૫ | ૬.૩૨ | - |
| સિમાંત કામ કરનારા | | | | |
| કુલ | ૫.૦૪ | ૫.૫૭ | ૪.૭૬ | - |
| પુરુષ | ૦.૭૨ | ૦.૭૫ | ૦.૫૦ | - |
| સ્ત્રી | ૯.૬૩ | ૧૦.૭૭ | ૯.૨૬ | - |
| કામ નહીં કરનારા | | | | |
| કુલ | ૬૨.૭૩ | ૬૪.૧૨ | ૬૫.૩૦ | ૭૧.૪૭ |
| પુરુષ | ૪૭.૦૯ | ૪૬.૭૬ | ૪૭.૨૦ | ૪૪.૪૪ |
| સ્ત્રી | ૭૯.૩૪ | ૮૨.૪૮ | ૮૪.૪૨ | ૧૦૦.૦૦ |

## ભૌતિક સંસ્કૃતિ

### ઘરની રચના :

નોરણિયામાં એક સાથે વધુ મકાનો બાંધી લોકો સમૂહમાં રહે છે. પરંતુ ઘરોની દીવાલો લગોલગ હોતી નથી. તેઓ ખાસ કરીને તો તેમની જમીનો જ વિસ્તારમાં હોય ત્યાં તેઓ પોતાનું રહેઠાણ બનાવે છે. ગામમાં જાડિયા કુટુંબો તો એક સાથે જ રહે છે. બુબડીયા કુટુંબો એક સાથે સમૂહમાં ન રહેતાં પાંચ છ મકાનોના ઝૂંડ બાંધી રહે છે. જાડિયાનાં મકાનો કરતાં બુબડીયાનાં મકાનો વધારે ઉંચાઇએ હતાં. મકાનો આ ખાસ કરીને માટીનાં કે માટી પથ્થરનાં બનાવે છે. ગામમાં દરેક ઘર ડુંગર પર આવેલ છે. તેઓ ઘર ખેતરમાં નહીં પણ ટેકરી ઉપર બાંધે છે. એટલે ખેતી લાયક જમીન ન બગડે.

મકાનો ખાસ કરીને જાતમહેનતથી બનાવે છે. કોઇ કોઇ ગામમાંથી મજૂરો બોલાવી મદદ લે છે. મકાનમાં સુધારા કામની જરૂર હોય તો તે સુધાર માટે બનાવડાવે છે. મકાનમાં હવા ઉજાસ માટે બારી બારણાની કોઇ સગવડ હોતી નથી. મકાનનું છાપરૂં નળિયાંનું હોય છે. આ નળિયાં નજીકના હડાદ ગામમાંથી ખરીદે છે. તેઓ છાજ માટે દેશી નળિયાંનો ઉપયોગ કરે છે.

મકાનના અંદરના ભાગમાં વાંસમાંથી બનાવેલું માળિયું બનાવે છે. જેમાં કેટલોક સામાન રાખી મૂકે છે. પાણિયારું બહારના ખંડમાં એક ખૂણે કે મકાન બહાર રાખે છે. મકાન નીચાં હોવાને કારણે પ્રવેશ કરતાં નીચા નમવું પડે છે. બારણા માટે હજુ ઘણાં મકાનોને બારણાને બદલે વાંસની ઝાંપલી રાખે છે.

### વાડ :

કેટલાક ઘરોમાં પશુની છાપરી ઓસરીની સામેની બાજુએ તો કેટલાંક ઘરોમાં બાજુમાં હોય છે. દરેક ઘરની ઓસરી આગળ ચાર લાકડાં ઉભાં કરી માંડવો બનાવી ઘાસ નાખી રાખે છે. જેનાથી ઉધઇ, ઢોર કે બીજી રીતે ઘાસ બગડે નહીં.

ઘરવખરીની ચીજોમાં પિત્તળ, એલ્યુમિનિયમ, સ્ટીલના વાસણો, બે ચાર માટીનાં વાસણો, ખાટલા, ગોદડાં વગેરે જરૂરિયાત પૂરતાં હોય છે. એ સિવાય ચીમની, કપડાંની પેટી, બેટરી વગેરે હોય છે. રાંધવાનો ચૂલો અંદરના ખંડમાં રાખે છે. તેની સામેની બાજુએ અનાજ ભરવાની

માટીની કોઠી મૂકે છે. સાથ દળવાની ઘંટી હોય છે. ચૂલા નજીક માત્ર માટીનાં વાસણો રાખે છે.

હથિયાર :

તોરણિયા ગામમાં બંદુક રાખવી, તીરકામઠાં રાખવાં કે તલવાર રાખવી એ જરૂરી ગણાય છે. તીરકામઠાં દરેક ઘરમાં જોવા મળે છે.

પશુધન :

ગામમાં બધાં જ કુટુંબો પાસે પશુધન લગભગ છે. બધાં કુટુંબો જમીનવાળાં હોઇ ગાય, ભેંસ, બળદ, બકરાં જેવાં પશુઓ રાખે છે. ગાય, ભેંસ દૂધ આપે ત્યારે તેમને આવક આપે છે. જયારે બધા બળદથી ખેતી કરે છે. પરંતુ જેમની પાસે જમીન ઓછી છે તેમની પાસે પશુઓ ઓછાં છે. તેનું કારણ ઘાસચારાની તંગી, બાંધવાની, સાચવવાની વગેરે કેટલાકને અગવડ છે. ગામમાં ૧૦૦૦થી ૪૦૦૦ની પશુ મિલકતવાળા કુટુંબો છે. આજે આ વિસ્તારમાં દૂધની આવક મળવવાને કારણે પશુઓની ભારે કિંમત જોવા મળે છે.

ખેતીનાં સાધનો :

ખેતીનાં સાધનોમાં હળ, કરબડી, વાલણિયો, નાનાં ઓજારો, દાતરડું, ખુરપી, કુહાડી, પાવડો, કોદારો, ગાડુ વગેરે રાખે છે. ગાડુ ખૂબ ઓછા પાસે જોવા મળે છે. કેટલાક નાના ખેડૂતો એક બીજાનું લઇને કામ કરે છે. છેલ્લા પાંચ સાત વર્ષમાં સિંચાઇનું પ્રમાણ વધ્યું છે. તે કુવાઓ દ્વારા તેઓ કરે છે. તેઓXXXતેમાં ઓઇલ એન્જીન બેસાડીને સિંચાઇ કરે છે. આજે ગામમાં ૧૩ જેટલાં એન્જીન છે.

પહેરવેશ :

પુરુષો ધોતિયું, પહેરણ અને માથા ઉપર ચાર હાથનો કકડો બાંધે છે. પગમાં જોડા પહેરે છે. આજે ઘણા પુરુષો ધોતિયાને બદલે લેંગો, પહેરણને ઠેકાણે ખમીશ અને માથુ ઉઘાડું રાખતા થયા છે. યુવાનો પેન્ટ, શર્ટ પહેરે છે. યુવાન અને નાની છોકરીઓ સ્કર્ટ, ફ્રોક પહેરે છે.

ઘરેણાં :

ઘરેણા પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે પહેરે છે. કારણ કે સ્ત્રીઓ ઘરેણાંની ભારે શોખીન છે. ઘરેણા ચાંદી કે સોનાના પહેરે છે. ઘરેણા મહદશે હડાદ, અંબાજી, દાંતાથી ખરીદે છે.

પુરુષો દાગીનામાં બટન, કાનમાં પનીર અથવા સોનાની મરકી, હાથમાં કડી, પગમાં કડી પહેરે છે. બધા જ પુરુષો આ દાગીના પહેરતા નથી. સ્થિતિ પ્રમાણે પહેરે છે. સ્ત્રીઓ ગળામાં હાંસડી, રંગરંગીલી મોતીની માળા, કબજાને ચાંદીના બટન, નાકમાં કાંટો, કાનમાં સાદા ઠોળિયા, માથે બોરિયું, માથામાં ચાંદીની પીનો, પ્લાસ્ટીકની ચાંપો, યુવાન છોકરીઓ બોપટી માથે બાંધે છે. આ સિવાય માદળા (છુંદણા) હાથ, પગ, છાતીમાં છૂંદાવે છે. પગમાં કડા, સાંકળાં અને પગની આંગળીએ ગોળ ચાંદીની કડીઓ બીડે છે. કેડે કંદોરો, હાથમાં ચાંદીની બંગડીઓ અને બંગડીઓ સાથે સફેદ હાથીદાંત જેવું પ્લાસ્ટીકના બલોયા પહેરે છે. કાચની બંગડીઓ પણ કેટલીક સ્ત્રીઓ પહેરે છે.

આજે પુરુષો અને સ્ત્રીઓમાં દાગીના પહેરવાનું ઓછું વલણ દેખાય છે. યુવાન સ્ત્રીઓ આજે ગળે હાંસડી કે પગમાં ચાંદીના કડાવાળી ભાગ્યે જ દેખાય છે. અત્યારે પ્લાસ્ટીકની બંગડીઓ, રંગબેરંગી મોતીની માળાઓ વિશેષ પહેરતી હોય છે.

<u>ખોરાક અને પીણાં :</u>

ખોરાકમાં મુખ્ય ઘઉં, મકાઈ, જુવાર તેમજ બંટી છે. કઠોળમાં તુવેર, ચણા છે. આમ મકાઈ, જુવાર કે ઘઉંના રોટલા અને ચોખાના રોંધણા સાથે મરચાની ચટણી કે મળે તે શાક બનાવી ખાય છે. શાકનો ઓછો ઉપયોગ કરે છે.

આ સિવાય માંસાહારી ખોરાકમાં બકરા, મરઘા, ભેંસ, સસલાનું માંસ ખાય છે. તેઓ બકરા, મરઘાનું માંસ વિશેષ ખાય છે. કારણ કે જંગલ ન રહેવાથી તેતર, સસલાં ઓછાં મળે એટલે તેનું માંસ મળે ત્યારે જ ખાય છે. માંસાહારી સાથે દારૂ પીએ છે. કેટલાક તો કાયમ દારૂ પીએ છે. મહેમાનને દારૂ, માંસ આપવું એ પ્રતિષ્ઠા ગણે છે. તેમના મહેમાન હોય તેમને ચાને બદલે દારૂ, શાકાહારને બદલે માંસાહાર અને બીડી ચલમ પીવડાવે છે. બીડી ચલમ ખૂબ પીએ છે. ચાનું પ્રમાણ ખૂબ ઓછું છે.

તેમ છતાં તેમના ખોરાકમાં મકાઈને બદલે ઘઉંનું પ્રમાણ વધ્યું છે. માંસાહાર ઓછો થયો નથી. પરંતુ મળે તેમ ખાય છે. કેટલાંક કુટુંબોમાં ચાનું પ્રમાણ વધ્યું છે. જેઓ પશુપાલન કરતા થયા છે તેમને ત્યાં દૂધનો ખોરાકમાં ઉપયોગ થાય છે.

<u>મિલકત :</u>

તપાસેલ કુટુંબોમાં માત્ર જમીનવાળા જ કુટુંબો હતાં, તેમની જમીન, ઘર, પશુઓ, ખેતીનાં સાધનો, ઘરવખરી, જમીનના કદ પ્રમાણે કેટલીક કિંમતની હતી તે કોઠામાં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળી છે.

આ બધીજ કુટુંબોની મિલકતમાં જમીન એ સૌથી અગત્યની મિલકત ગણી શકાય. કારણ કે ગામની લગભગ બધી જ વસ્તી તેના પર એક યા બીજી રીતે જીવનનિર્વાહ કરે છે. ગામની જમીન આમ તો ગોરાડુ, પાતળી છે. પણ જેમ જેમ સિંચાઇ અને માવજત વધતી જાય છે તેમ તેમ ઉત્પાદન વધતું જાય છે. એટલે તો જમીનની કિંમત પણ વધતી જાય છે. એકરદીઠ જમીનની કિંમત ૨ થી ૪ હજાર બિનપિયતની અને ૪થી ૭ હજાર પિયતની આંકી છે. સારા પાણી નિતારવાળી જમીનના ભાવ જ્યાં સપાટ જમીન છે ત્યાં ગામમાં વધારે છે. જમીનના કારણે ધિરાણ પણ સરળતાથી મળવી શકાય છે.

કોઠા નં. ૨.૧

સર્વેક્ષિત કુટુંબોની મિલકત (કિંમત રૂપિયામાં)

| ક્રમ જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન એકરમાં | જમીન | ઝાડ | ઘર | પશુઓ | ખેતીનાં સાધન | વાસણ | ઘરવખરી | ઘરેણાં | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. ૦થી ૨.૫ | ૭ | ૧૧.૩૮ | ૪૦૦૦૦ | ૫૩૫૦ | ૨૭૦૦૦ | ૧૨૮૭૫ | ૬૦૭૭૦ | ૧૩૫૦ | ૧૬૭૧ | ૨૧૫૦ | ૧૫૧૧૬૬ | ૨૧૫૯૫ |
| ૨. ૨.૫થી ૫.૦ | ૯ | ૨૯.૦૯ | ૧૨૯૦૦૦ | ૮૮૫૦ | ૫૭૦૦૦ | ૨૬૫૬૫ | ૫૯૨૧૦ | ૨૦૨૨ | ૨૧૯૯ | ૫૩૦૦ | ૨૯૦૧૪૬ | ૩૨૩૩૮ |
| ૩. ૫.૦થી ૭.૫ | ૫ | ૩૧.૧૯ | ૧૧૫૦૦૦ | ૬૪૦૦ | ૪૦૦૦૦ | ૧૪૮૧૦ | ૩૭૭૮૦ | ૧૦૩૭ | ૧૩૨૨ | ૩૭૦૦ | ૨૧૯૦૩૯ | ૪૩૮૦૭ |
| ૪. ૭.૫થી ૧૦.૦ | ૩ | ૨૨.૦૮ | ૧૦૦૦૦૦ | ૧૯૦૦ | ૨૬૦૦૦ | ૬૩૯૦ | ૧૫૭૦૫ | ૬૮૫ | ૧૧૮૯ | ૪૧૦૦ | ૧૫૫૯૬૯ | ૫૧૯૮૯ |
| ૫. ૧૦.૦થી ૧૫.૦ | ૨ | ૨૬.૭૧ | ૭૫૦૦૦ | ૧૭૦૦ | ૧૬૦૦૦ | ૬૧૫૦ | ૧૨૪૪૦ | ૬૭૦ | ૮૦૪ | ૨૭૦૦ | ૧૧૫૪૬૪ | ૫૭૭૩૨ |
| ૬. ૧૫.૦થી ઉપર | ૧ | ૧૬.૧૫ | ૪૮૦૦૦ | ૫૦૦ | ૧૨૦૦૦ | ૭૬૬૦ | ૧૯૨૪૫ | ૩૪૫ | ૧૯૦ | ૧૨૦૦ | ૮૯૧૪૦ | ૮૯૧૪૦ |
| ૭. જમીન વિહોણા | ૧ | - | - | ૧૫૦ | ૪૫૦૦ | ૩૫૪૦ | ૩૧૮૦ | ૨૩૦ | ૨૧૨ | ૪૦૦ | ૧૨૨૧૨ | ૧૨૨૧૨ |
| ૮. કુલ | ૨૮ | ૧૩૭.૧૭ | ૫૦૭૦૦૦ | ૨૪૮૫૦ | ૧૮૨૫૦૦ | ૭૭૯૯૦ | ૨૦૭૩૨૦ | ૬૩૩૯ | ૭૫૮૭ | ૧૯૫૫૦ | ૧૩૩૧૩૬ | ૩૬૮૯૭ |
| ૯ કુટુંબદીઠ | | ૫.૦૮ | ૧૮૦૭૭ | ૮૮૭૦૫ | ૬૫૧૭ | ૨૭૮૫ | ૭૪૦૪ | ૨૨૬ | ૨૭૦ | ૬૯૮ | ૩૬૮૯૭ | - |

૫.૦૮ સરેરાશ જમીન

## સામાજિક જીવન

### કુટુંબ વ્યવસ્થા :

ગરાસિયાઓમાં પિતૃવંશીય, પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. સ્ત્રી પરણીને તેના પતિને ઘેર જાય છે. કુટુંબની સત્તાઓ વડીલ પુરુષ હસ્તક હોય છે. ઘરનો વારસો પુત્રોને મળે છે. છોકરો મોટો થઇ જુદો રહેતો હોય છતાં અગત્યની બાબતોમાં બધાય પુત્રો પિતાની સલાહ લે છે.

તોરણિયા ગામની તપાસ માટે લીધેલાં ૨૮ કુટુંબોમાં બધા જ કુટુંબો ગરાસિયા જાતિનાં હતાં. પરંતુ બધાં જ એક ગોત્રનાં નહોતાં. તપાસનાં ૨૮ કુટુંબોની કુલ વસ્તી ૧૫૭ની છે. આ ૨૮ કુટુંબોને સભ્યસંખ્યા પ્રમાણે મૂકીએ તો નીચે પ્રમાણે જોવા મળે છે.

કોઠો ૩.૧

સભ્યસંખ્યા પ્રમાણે કુટુંબ સંખ્યા

| સભ્ય સંખ્યા | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબસંખ્યા | ૨ | ૫ | - | ૬ | ૪ | ૫ | ૬ | ૨૮ |

કુટુંબકદ ૫.૬૧

૨૮ કુટુંબો નીચે પ્રમાણે જુદા જુદા પાંચ ગોત્રોમાં વહેંચાયેલાં છે.

૧. બાડિયા - ૧૧ ૨. બુગાડીયા - ૧૦ ૩. ગમાર - ૫

૪. ડામોર - ૧ ૫. પારધી - ૧

ગરાસિયાઓમાં કોઇ જાતના ઉંચનીચના ભેદભાવ નથી. પાંચ જુદાં જુદાં ગોત્ર હોવા છતાં સ્તરીકરણ જોવા મળતું નથી. તેમાં કોઇ ગોત્ર ઉંચુ કે કોઇ નીચુ એવા ભેદભાવ નથી. કોઇ પણ પ્રસંગ ગામનાં બધાં કુટુંબો એકત્ર થઇને કરે છે. લગ્ન કે પછી મરણ જેવા પ્રસંગોએ પણ બધા સાથે મળીને પોતપોતાની ભૂમિકા ભજવે છે.

અત્યારે ગામમાં ને ગામમાં લગ્ન થતાં નથી. તેઓ ગામમાં રહેવાથી ભાઇ બહેન કહેવાય. એમ માને છે. છતાં એકાદ બે કેસો લગ્ન થયાનાં જાણ્યા છે. જે અપવાદ છે. તેમાં પંચ પણ કાર્યવાહી કરી પતાવેલ છે.

ગામમાં સંયુકત અને વિભકત બંને પ્રકારના કુટુંબો છે. તેમાં વિભકત કુટુંબો ૬૦.૭૧% છે. એટલે કે સંખ્યામાં વધારે છે. આ સિવાય કુટુંબના વસવાટ પ્રમાણે મૂકીએ તો નીચે પ્રમાણે જોવા મળે છે.

૧. પતિ, પત્ની, અપરિણિત બાળકો

૨. પતિ-પત્ની, પુત્ર, પુત્રવધૂ, પૌત્ર, પૌત્રીઓ

૩. પતિ-પત્ની, પુત્રો, પુત્રવધૂ, પૌત્ર, પૌત્રીઓ

૪. પતિ-પત્ની, પુત્રીઓ, જમાઇ, પુત્ર, પૌત્ર

૫. પિતા, પરિણિત પુત્ર, પુત્રવધૂ, પૌત્ર, પૌત્રીઓ

૬. પતિ-પત્ની

૭. પતિ-પત્ની, માતા-પિતા

૮. પિતા, પુત્ર, પુત્રવધૂ

## રીતરિવાજો

**રજસ્વલા સ્ત્રી :**

રજસ્વલા સ્ત્રી ચાર દિવસે નહાય છે. રજસ્વલા સ્ત્રીને માટે ચોકકસ શબ્દ મળતો નથી. ચાર દિવસે નહાય છે તેને 'ઝીલવુ' કહે છે. ઝીલવુ એટલે નહાવું એમ અર્થ થાય છે. એમ.સી. દરમિયાન સ્ત્રી ઘરનું બધું જ કામ કરે છે. હિન્દુઓની માફક કોઇ આચાર વિચારના નિયમો પાળતી નથી. આ સમયગાળા દરમિયાન તેની સાથે જાતીય સંબંધ રખાતા નથી. સમય મુજબ જયારે માસિક બંધ થાય ત્યારે ગર્ભ રહયો છે એમ પુરુષો જાણી શકતા નથી. સ્ત્રીઓ જણાવે ત્યારે ખબર પડે અથવા પેટ ઉંચુ આવવાથી ખબર પડે છે એમ કહે છે. અથવા અમને ખબર નથી એમ જણાવે છે.

ગર્ભ રહે ત્યારે જ્ઞીકના સમયમાં કોઇ સામાજિક કે ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. પરંતુ છોકરું ન થતું હોય તો ભૂવા પાસે મંત્ર અને દોરા ધાગા અને માનતાઓ રખાવે છે. તેમનામાં ખોળો ભરવાની વિધિ કરવામા આવતી નથી. પ્રથમ સુવાવડ કે પછીની પતિને છઠ્ઠી ઘરે જ કરાય છે. પ્રથમ સુવાવડ વખતે માતા પુત્રીને જોવા અને ખાવાનું આપવા આવે છે. ઘી, ગોળ, ઘઉં તેમાં લાવે છે.

<u>પ્રસુતિ :</u>

પ્રસુતિ ગામની પોતાની જાતિની જાણકાર દાયણ સ્ત્રી પાસે કરાવે છે. તેમજ કુટુંબની અને આજુબાજુની વડીલ સ્ત્રીઓ પણ આવે છે. પ્રસુતિ સુખથી પતે ત્યાં સુધી રહે છે. જરૂર પડયે ડોકટરની પણ મદદ લે છે. પ્રસુતિ બાદ સ્ત્રીના શરીરે દારૂ ચોળવામા આવે છે. દાયણને મહેનતાણા રૂપે ૫ રૂપિયા અને અનાજ અપાય છે. તેને ખાટ ખવડાવવામાં પણ આવે છે.

પ્રસુતા સ્ત્રીને આ સમય દરમિયાન ખોરાકમાં ઘી, ગોળ, ઘઉંનો ખોરાક આપે છે. આ ખોરાક ૧૦ વિદસ સુધી અપાય છે. ૧૦ દિવસ પછી સ્ત્રી ઘરનું કામ કરવા લાગી જાય છે.

આ પછી બાળકની કોઇ વિધિ કરવામાં આવતી નથી. બાળક ઘોડિયામાં અને પછી તેનાથી મોટા બાળકો સાથે થોડો સમય સુધી ઉછરે છે. બાળક મોટું થાય તેમ તેમ ઘરકામ કરાવી ઉપયોગ લેવાય છે. પછી ઢોર ચારવા, નિશાળ જવું, ખેતીનાં નાનાં કામો કરવા વગેરે કામો કરાવે છે. બાળક ઉંમરલાયક થતાં તેના સગા સંબંધીઓમાં તેના લગ્નની પૂછપરછ કરે છે. પચાતીયા દ્વારા પણ છોકરા કે છોકરીના સંબંધોની વાતો થાય છે.

<u>લગ્ન :</u>

લગ્ન એકસાથી જોવા મળે છે. કોઇ કિસ્સામાં બહુપત્નીત્વ થયેલું જોવા મળે છે. આ એકસાથી લગ્નપ્રથા માટે બે કારણો હોય છે (૧) આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી અને (૨) લગ્નનું દહેજ ત્રણ હજારથી ૧૦ હજાર હોઇ થતાં જોવા મળે છે.

<u>લગ્નપ્રથા :</u>

૧. મા-બાપની પસંદગીનાં

૨. છોકરા-છોકરી પ્રેમ થતાં ભાગી જાય અને લગ્ન થાય.

### કોઠા નં. ૩. ૨

તપાસના કુટુંબોમાં વૈવાહિક દરજ્જો

| પરિણિત | | અપરિણિત | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૩૯.૧૩ | ૫૫.૩૮ | ૫૮.૭૦ | ૪૪.૬૨ | ૨.૭૦ | - | ૧૦૦% | ૧૦૦% |

તપાસના કુટુંબોમાંથી વૈવાહિક દરજ્જો જાણવા મળ્યો છે. જેમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા અપરિણિતોમાં ઓછી જણાય છે. વિધુરનું પ્રમાણ જાણવા મળ્યુ છે, વિધવાનુ જણાયુંનથી.

લગ્ન માટે છોકરા પક્ષ તરફથી બે સગાસંબંધીઓ પ્રથમ છોકરી પક્ષવાળાને ત્યાં જઇ માગણી કરે છે. સગાઇ કરતાં પહેલાં લાડા લાડીનું ઘર કેવુ છે, કુટુંબની ખાનદાની કેવી છે વગેરેની માહિતી મેળવે છે. આ ઉપરાંત ગામ લગ્ન ગોળમાં છે કે નહીં તે જાણી લે છે. છોકરાપક્ષથી સગાઇ કરવા જતાં પહેલાં શુકન સારા હોય તો જ સગાઇ કરવા જાય છે. કન્યાને ત્યાં જઇ લાડીના બાપાને કહે છે સગાઇ કરવા આવ્યા છે. લાડીનો બાપ આનાકાની કરી ચા મૂકી લાવે તો તેના તરફથી સંમતિ મનાય છે. લાડીનો બાપ લાડાને જોઇ હા પાડે પછી પાંચ જણ જઇ સગાઇ કરે છે. સગાઇમાં પ્રથમ ચા મૂકે, દારૂ પાય અને નજીકના સંબંધીઓને મરઘુ ખવરાવે છે. આ વિધિ થાય એટલે બંને પક્ષ તરફથી સંબંધ પાકા ગણાય છે. સગાઇનો ખર્ચ લાડા પક્ષવાળા આપે છે. આ વખતે દાપાની દહેજની વાત નક્કી થાય છે. જે જમણ વખતે પૂરેપૂરી આપવાની હોય છે. સગાઇ વખતે ૨ કિલો ગોળ, ૧૦ બાટલી દારૂ અપાય છે. ગોળ વહેંચી દે છે.

સગાઇ પત્યા પછી લાડી પક્ષવાળા તેને તોડી શકતા નથી. જો તોડે તો ચા અને દારૂના ખર પેટે ૫૦૦ વસુલ કરે અથવા કન્યાને બીજે જવા ન દે અને આ બાબતનો પ્રશ્ન પંચ સમક્ષ ઉભો કરાય છે.

સગાઇ બાદ કન્યા પક્ષવાળા લાડાને ત્યાં તેની મિલકત, ઢોર, જમીન જોવા જાય છે. ત્યાં તેમનું દારૂ અને મરઘું-બકરું ખવડાવી ખુશ કરાય છે.

જમણ જાય :

જે દિવસ નક્કી થયો હોય તે દિવસે લાડાવાળા કન્યાને ત્યાં ગોળ, દાપાના પૈસા લઈ જાય છે. ત્યાં લાડી પક્ષવાળા તેમને રોટલા, ઘી, ગોળ ખવડાવે છે. એ જ રીતે કન્યાપક્ષવાળા લાડા પક્ષવાળાને ત્યાં નક્કી દિવસે ૨૫થી ૩૦ જણ મહેમાન બની જાય છે. ત્યાં જમે છે. પછી લાડાને લાલ પાઘડી પહેરાવે છે. લાડો દરેકને રામ રામ કરે છે. પછી જાન લઈને આવવાનું નક્કી બધા પોતને ગામ જાય છે.

લગ્ન :

આ બધુ પતાવ્યા પછી બીજે દિવસે ગોત્રેજ કાઢવામાં આવે છે. ગોત્રેજભીંત પર ચિત્ર દોરી કાઢવામાં આવે છે. આ વખતે ગામના બધા ભેગા થાય છે. દરેકને ઘર આમંત્રણ આપવા હળદરવાળા ચોખા આપવામાં આવે છે. આજ રીતે કન્યાને ત્યાં ગોત્રેજ કાઢી વિધિ કરવામાં આવે છે.

પીઠી :

જે દિવે જાન જવાની હોય તે દિવસ સુધી એટલે કે ચાર દિવસ સુધી લાડાને ગોત્રેજ પાસે બેસાડી રાખીને કાકી, ભાભી, બહેન પોઠી ચોળે છે. ખાવાનુ પણ ત્યાં જ, સુવાનું પણ ત્યાં રખાય છે. (લાડીને પણ ગોત્રેજ આગળ પીઠી-ચોળવી, સુવુ, ખાવાનુ રખાય છે.) જાન જવાની હોય તેના આગળના દિવસે માંડવી નખાય છે. આ દિવસે ૧૦ મણ જેટલા ઘઉં ગામમાં વહેંચી આપે છે.

માંડવો નચાવવો :

માંડવો નાંખ્યા બાદ ઢોલ વાજાં વગાડે છે. ત્યાં માંડવા નીચે લાડાને બેસાડીને રખાય છે. ત્યાં ગામના તેને બે રૂપિયા કે પાંચ રૂપિયા આપી નાળિયેર આપે છે. દરેક ઘરની ખબર રખાય કેકX કોણ પૈસા ને નાળિયેર આપ્યું છે. પછી કુંવાસીઓ ધોતિયું અને સાડલા લઈ આવી લાડાનો ભાઈ અને બાપને ધોતિયુ આપે છે.

જાન :

બીજે દિવસે સવારે ગામનાં સ્ત્રી પુરુષો સહિતની જાન જાય છે. જેમાં ૧૫૦ જેટલા માણસો જાય છે. સાથે ગાડામાં સગવડ કરીને ઘઉંના રોટલા, ઘુઘરી કરીને સાથે લઈ જાય છે. સ્ત્રીઓ ઘરેણાં પહેરીને જાય છે. લાડાને હાથમાં તલવાર અને બધા દાગીના પહેરાવે છે. (પગમાં સાંકળા, બેડી, ગળામાં હાંસડી, હાથમાં કડાં, કંદોરો, બટન)

જાન લાડીને ગામ સિમાડે ઝાડ નીચે બેસે છે. ગામના વડીલો જાનના સ્વાગત માટે ઢોલ સાથે ગાદલુ, પાણી આપી જાય છે. રામ રામ કરીને પાછા જાય છે.

સુપડું નચાવવું :

આ વિધિ માટે લાડા પક્ષથી પાંચ માણસો નાળિયેર લઇને સુપડું નચાવવા માટે લાડીના ઘર પાસે તોરણની બહાર ઊભા રહે છે. લાડીની કાકી થાળી લઇ પાંચને ચાંલ્લા કરે છે. લાડીપક્ષવાળા રૂપિયો, નાળિયેર થાળીમાં નાખે એટલે કાકી થાળી મૂકી આવી સુપડું અને એક લાકડું હાથમાં લઇ તોરણની બહાર નાચે છે. વરપક્ષવાળાને લાકડા વડે મારો અને નાચે છે ત્યાર બાદ પાંચે જણ પાછા ઉતારે જાય છે.

તોરણ સળના :

જાન આખી લાડાને લઇને કન્યાને માંડવે તોરણ નીચે ઊભી રહે છે. લાડાવાળા નાળિયેર લાડીવાળાને આપે છે. જે તોરણ નીચે ફોડે છે. પછી લાડો તોરણ તલવાર અડાડે. એક ધોતિયું તોરણ પર નાખે છે. આ પોતીયું માંડવાવાળો લઇ જાય પછી લાડાવાળાને પરણવા આવો કહે છે.

પછી લાડાવાળા કપડાં લઇ લાડીને ત્યાં જાય. કપડાં ગોત્રજ આગળ લાડીને આપે છે. કપડાં (ઘાઘરો, ચોળી, કાછડી, પોતીયુ સારુ માટ (મહારો). કપડાં કાકી લાડીને પહેરાવે છે. કાકીને બે રૂપિયા બદલવમાં આપે છે. સાસુ પણ આપેલ સાડલો પહેરે છે. વરપક્ષવાળા ઉપર આ વખતે રાખ નાખી છોકરીઓ મશ્કરી કરે છે.

કુલ્લા કરવા (દાતણ કરવા જવું :

સાસુ આપેલો સાડલો પહેરી હાથમાં બે પાટીની નાની લોટીઓ પાણી ભરી લાડાને કોગળા કરાવે પછી પાછી જાય છે. ત્યાર બાદ સાસુ હાથમાં થાળી, કંકુ અને ૫૮ તાંદળા લઇ લાડાને ચાંલ્લો કરે. કપાળે નાક સુધી ઊભુ ટીલુ કરે ઉપર તાંદળા ચોપડે. આ સમયે લાડાનો ભાઇ સાસુની થાળીમાં ૨૫ રૂપિયા નાંખે. સાસુ પછી લાડાના વાઘા (પહેરણ)નાછેડા બાંધી મૂકી દઇને જાય છે. લગ્ન માટે આમંત્રણ આપે. આ રીતે એટલે લાડો સાસુની પાછળ અને તેની પાછ લગ્ન કરવા જાય.

ત્યારબાદ માંડવામાં ગાદલુ નાંખી લાડા લાડી લગ્નની વિધિ શરૂ કરે છે. ચોરી ચીતરી પછીથી ભાઇ કે કાકો લાડીનો લાડા લાડીને ત્રણ ફેરા ફેરવે છે. લાડો લાડીને મીંઢર બાંધે છે. લાડા રીસાય એટલે લાડીનો બાપ દહેજની વસ્તુઓ આપે છે. લાડીને બાપ ગાય, ભેંસ, બકરુ વસ્તુઓમાં આપે છે. પછી પાંચ ફેરા ફેરવે છે. પછી જ લાડા લાડી એક બીજાને કંસાર ખવડાવે છે. પછી એ થાળીમાં લાડા લાડીના પક્ષવાળા છૂટા પૈસા પાણીમાં નાંખે છે. જે લાડા પૈસા તેનો બાપ અને લાડીના તેનો ભાઇ લઇ લે છે. પછી લાડી બેસી રહે લાડી ઉતારે જાય.

ઉતારે વરપક્ષવાળા રોટલા ખાય છે. પછી પાંચ નાળિયેર લઇ લાડીને તેડવા જાય. ત્યાં કંસારની વિધિ કરી પછી મકાઇ ગોત્રજ આગળ નાંખે છે. બને ગોત્રજને પગે લાગે, ગામના દેવોને પગે લાગે પછી લાડો લાડીને લઇ રવાના થાય.

લાડાને ગામ પહોંચે એટલે નાળિયેર વધેરી બંધુક ફોડે છે. બને ગોત્રજ આગળ પગે લાગે. પછી લાડીને કોઠીઓમા હાથ નાંખી અનાજ જોવાડે છે. વડીલને લાડી રામ રામ કરે બધા રૂપિયો બે રૂપિયા આપે છે. આ બધી વિધિ પત્યા પછી લાડો લાડી ગોત્રજ આગળ સૂઇ રહે છે. ત્યાં અનવર સાથે હોય છે. જાતીય સંબંધની શરૂઆત અહીંથી કરે છે.

આણા માટે પાંચ જણ લાડીવાળા આવે તેઓ રાત રહી ગન્નામાં ૧૨૦ રોટલા, સુખડી વરપક્ષ તરફ લઇ જાય. જે ગામમાં બધાને ઘેર વહેંચી દે છે. પછીના પાંચ દિવસે લાડીવાળા જાય તેમને પણ ૧૨૦ રોટલા ગન્નામાં આપે છે તે પણ લઇ જઇ ગામમાં દરેક ઘેર વહેંચી દે છે.

લગ્ન ક્ષેત્રની મર્યાદાઓ :

(૧) લગ્નો પોતાના ગોત્રમાં થતાં નથી.

(૨) ગામમાં લગ્નો થતાં નથી (પહેલાં થતાં હતાં હવે લગ્નો થતાં નથી)

(૩) પોતાના ગોત્ર સિવાય ગમે તે ગોત્ર સાથે લગ્ન વ્યવહાર રાખી શકે. (એટલે કે નજીકના સગાઓમાં લગ્ન કરી શકાય નહીં. જેમાં કાકા, મામા, ફોઇના છોકરા છોકરીઓ સાથે શકય નથી)

(૪) સાળી અને ભાણી સાથે લગ્ન સંબંધ કરી શકાય નહીં. સાળીવટુ, દિયરવટુનો નિષેધ છે.

લગ્નવિધિ હિંદુઓની માફક નથી. સાથે સાથે તેઓ બ્રહ્મણ પાસે પણ લગ્નવિધિ કરાવતા નથી. તેમનામાંથી કોઇ અનુભવી લગ્ન કરાવે છે.

અહીંના આદિવાસીઓમાં લગ્ન પહેલાના જાતીય સંબંધમાં છૂટછાટ હોય છે. તેને લગ્ન બાદ ચલાવી લેતા નથી. પરિણિત સ્ત્રી બીજા પુરુષ સાથે સંબંધ બાંધી શકતી નથી. બાંધે તો કાઢી મૂકવામાં આવે છે. અહીંના ગરાસિયાઓમાં લગ્ન વખતે દાપાની, દહેજની રકમ મોટી આપવાની હોવાથી લગ્ન માટે દેવુ કરવું પડે છે. તે ખર્ચનો આંકડો ~~ત્રણ~~ ચાર હજાર સુધી પહોંચી જાય છે.

છૂટછેડા :

આ વિસ્તારના ગરાસિયાઓમાં છૂટછેડા બહુ જલદીથી મળી જાય છે. કેટલીકવાર વડીલો, વેવાઇઓ પતાવી નાંખે છે. દાપાની રકમ પાછી આપે એટલે છૂટછેડા થઇ જાય. કયારેક મોટું સ્વરૂપ થાય ત્યારે પંચ તેનો ન્યાય કરે એટલે છૂટછેડા મળી જાય છે. તેઓમાં છૂટછેડા નીચેનાં કારણોસર લે છે.

(૧) પતિ-પત્નીમાંથી એક બીજાને પસંદ ન હોય તો કાઢી મૂકે. સ્ત્રીને પણ પોતાનો પતિ ન ગમતો હોય તો બીજા સાથે ચાલી જાય અથવા પિતાને ઘેર જતી રહે. જયારે આપેલું દાપુ પાછુ આપે એટલે છૂટછેડા.

(૨) સ્ત્રી બીજા પુરુષ સાથે જાતીય સંબંધ બાંધે તો.

(૩) સ્ત્રીને છોકરાં ન થતાં હોય તો પતિ તેને કાઢી મૂકે અને બીજી લાવે.

(૪) ઘરનું કામકાજ બરાબર ન કરતી હોય તો કાઢી મૂકે.

આમ છૂટછેડા મન ફાવે તે બાબતથી એક બીજાથી લઇ શકાય છે. જયારે પંચ કે વડીલોથી આ છૂટછેડા ન પતે તો જવલ્લે જ કોઇ કોર્ટનો આશરો લે છે. આવા કિસ્સા ભાગ્યે જ બને છે. છૂટછેડામાં છોકરા કરતાં છોકરીપક્ષે વધુ ખર્ચ કરવો પડે છે. છોકરીનો ગુનો વધારે ગણાય તેવુ બને છે.

પુનર્લગ્ન :

છૂટછેડા લીધેલ પુરુષ કે સ્ત્રી બીજાં લગ્ન કરી શકે છે. પરંતુ છૂટછેડા લીધેલ પુરુષને છોકરા ન હોય અને ઉંમર નાની હોય તો કુંવરી કન્યા લગ્ન માટે મળી રહે છે. પણ છૂટછેડા લીધેલ સ્ત્રીને કુંવારો પુરુષ લગ્ન માટે ભાગ્યે જ મળી રહે છે. તેને તો છૂટછેડા કોઇ પુરુષને જ શોધવો પડે છે.

ત્યારબાદ માંડવામાં ગાદલું નાંખી લાડા બેસાડી લગ્નની વિધિ શરૂ કરે છે. ચોરી ચીતરી પછીથી લઈ કે કાકો લાડીનો લાડા લાડીને ત્રણ ફેરા ફેરવે છે. લાડો લાડીને મીંઢર બાંધે છે. લાડા રીસાય એટલે લાડીનો બાપ દહેજની વસ્તુઓ આપે છે. લાડીને બાપ ગાય, ભેંસ, બકરું વસ્તુઓમાં આપે છે. પછી પાંચ ફેરા ફેરવે છે. પછી જ લાડા લાડી એક બીજાને કંસાર ખવડાવે છે. પછી બે થાળીમાં લાડા લાડીના પક્ષવાળા છૂટા પૈસા પાણીમાં નાંખે છે. જે લાડા પૈસા તેનો બાપ અને લાડીના તેનો ભાઈ લઈ લે છે. પછી લાડી બેસી રહે લાડી ઉતારે જાય.

ઉતારે વરપક્ષવાળા રોટલા ખાય છે. પછી પાંચ નાળિયેર લઈ લાડીને તેડવા જાય. ત્યાં કંસારની વિધિ કરી પછી મકાઈ ગોત્રજ આગળ નાંખે છે. બને ગોત્રજને પગે લાગે, ગામના દેવોને પગે લાગે પછી લાડો લાડીને લઈ રવાના થાય.

લાડાને ગામ પહોંચે એટલે નાળિયેર વધેરી બંદૂક ફોડે છે. બને ગોત્રજ આગળ પગે લાગે. પછી લાડીને કોઠીઓમાં હાથ નાંખી અનાજ જોવાડે છે. વડીલને લાડી રામ રામ કરે બધા રૂપિયો બે રૂપિયા આપે છે. આ બધી વિધિ પત્યા પછી લાડી લાડી ગોત્રજ આગળ સૂઈ રહે છે. ત્યાં અનવર સાથે હોય છે. જાતીય સંબંધની શરૂઆત અહીંથી કરે છે.

આણા માટે પાંચ જણ લાડીવાળા આવે તેઓ રાત રહી ગન્નામાં ૧૨૦ રોટલા, સુખડી વરપક્ષ તરફ લઈ જાય. જે ગામમાં બધાને ઘેર વહેંચી દે છે. પછીના પાંચ દિવસે લાડીવાળા જાય તેમને પણ ૧૨૦ રોટલા ગન્નામાં આપે છે તે પણ લઈ જઈ ગામમાં દરેક ઘેર વહેંચી દે છે.

લગ્ન ક્ષેત્રની મર્યાદાઓ :

(૧) લગ્નો પોતાના ગોત્રમાં થતાં નથી.

(૨) ગામમાં લગ્નો થતાં નથી (પહેલાં થતાં હતાં હવે લગ્નો થતાં નથી)

(૩) પોતાના ગોત્ર સિવાય ગમે તે ગોત્ર સાથે લગ્ન વ્યવહાર રાખી શકે. (એટલે કે નજીકના સગાઓમાં લગ્ન કરી શકાય નહીં. જેમાં કાકા, મામા, ફોઈના છોકરા છોકરીઓ સાથે શકય નથી)

(૪) સાળી અને ભાભી સાથે લગ્ન સંબંધ કરી શકાય નહીં. સાળીવટું, દિયરવટુંનો નિષેધ છે.

લગ્નવિધિ હિંદુઓની માફક નથી. સાથે સાથે તેઓ બ્રહ્મણ પાસે પણ લગ્નવિધિ કરાવતા નથી. તેમનામાંથી કોઇ અનુભવી લગ્ન કરાવે છે.

અહીંના આદિવાસીઓમાં લગ્ન પહેલાના જાતીય સંબંધમાં છૂટછાટ હોય છે. તેને લગ્ન બાદ ચલાવી લેતા નથી. પરિણિત સ્ત્રી બીજા પુરુષ સાથે સંબંધ બાંધી શકતી નથી. બાંધે તો કાઢી મૂકવામાં આવે છે. અહીંના ગરાસિયાઓમાં લગ્ન વખતે દાપાની, દહેજની રકમ મોટી આપવાની હોવાથી લગ્ન માટે દેવુ કરવું પડે છે. તે ખર્ચનો આંકડો ત્રણ ચાર હજાર સુધી પહોંચી જાય છે.

<u>છૂટાછેડા :</u>

આ વિસ્તારના ગરાસિયાઓમાં છૂટાછેડા બહુ જલદીથી મળી જાય છે. કેટલીકવાર વડીલો, વેવાઇઓ પતાવી નાંખે છે. દાપાની રકમ પાછી આપે એટલે છૂટાછેડા થઇ જાય. ક્યારેક મોટું સ્વરૂપ થાય ત્યારે પંચ તેનો ન્યાય કરે એટલે છૂટાછેડા મળી જાય છે. તેઓમાં છૂટાછેડા નીચેનાં કારણોસર લે છે.

(૧) પતિ-પત્નીમાંથી એક બીજાને પસંદ ન હોય તો કાઢી મૂકે. સ્ત્રીને પણ પોતાનો પતિ ન ગમતો હોય તો બીજા સાથે ચાલી જાય અથવા પિતાને ઘેર જતી રહે. જયારે આપેલું દાપુ પાછુ આપે એટલે છૂટાછેડા.

(૨) સ્ત્રી બીજા પુરુષ સાથે જાતીય સંબંધ બાંધે તો.

(૩) સ્ત્રીને છોકરાં ન થતાં હોય તો પતિ તેને કાઢી મૂકે અને બીજી લાવે.

(૪) ઘરનું કામકાજ બરાબર ન કરતી હોય તો કાઢી મૂકે.

આમ છૂટાછેડા મન ફાવે તે બાબતથી એક બીજાથી લઇ શકાય છે. જયારે પંચ કે વડીલોથી આ છૂટાછેડા ન પતે તો જવલ્લે જ કોઇ કોર્ટનો આશરો લે છે. આવા કિસ્સા ભાગ્યે જ બને છે. છૂટાછેડામાં છોકરા કરતાં છોકરીપક્ષે વધુ ખર્ચ કરવો પડે છે. છોકરીનો ગુનો વધારે ગણાય તેવું બને છે.

<u>પુનર્લગ્ન :</u>

છૂટાછેડા લીધેલ પુરુષ કે સ્ત્રી બીજાં લગ્ન કરી શકે છે. પરંતુ છૂટાછેડા લીધેલ પુરુષને છોકરા ન હોય અને ઉંમર નાની હોય તો કુંવરી કન્યા લગ્ન માટે મળી રહે છે. પણ છૂટાછેડા લીધેલ સ્ત્રીને કુંવારો પુરુષ લગ્ન માટે ભાગ્યે જ મળી રહે છે. તેને તો છૂટાછેડા લીધેલ પુરુષને જ શોધવો પડે છે.

વિધવા કે વિધુર પણ લગ્ન કરી શકે છે. પરંતુ તેનું લગ્ન વિધિસર કરવામાં આવતું નથી. તે માત્ર વિધુર કે કોઇ પરણેલા પુરુષના ઘરમાં જાય છે. વિધુરની ઉંમર મોટી ન હોય તો લગ્ન માટે કુંવારી છોકરી મળી રહે છે.

પુનર્લગ્ન માટે બે કે ચાર હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. એમાં ખાસ વિધિઓ હોતી નથી. માત્ર તેડવા જાય છે.

મૃત્યુ :

ગરાસિયાઓમાં માણસના મૃત્યુ બાદ તેના શરીરને બાળવામાં આવે છે. કોઇ મોટો માણસ મૃત્યુ પામે તો ઢોલ વગાડી ખબર આપે છે. નાનું બાળક મરી જાય તો દાટવામાં આવે છે. કોઇ પુરુષનું અકસ્માત, આપઘાત કે ખૂનથી મોત થાય તો તેને દાટી તેના ઉપર પથ્થરનો ઓટલો બનાવી પાળિયો મૂકાય છે. ઘણા સગવડ થતે ઓટલો બનાવે છે.

તેમનામાં મૃત્યુનો શોક આઠ દિવસ ચાલે છે. જેને બાદ તેનું બારમુ આઠવા દિવસે કરવામાં આવે છે. બારમાના દિવસે 'કાતરીયા' એટલે કે પુરુષો માથું મૂડાવી, મૂછ ઉતરાવે છે. બારમામાં ખીચડી અને ચુરમુ બનાવી સંબંધીઓને અને ગામના લોકોને ખવડાવે છે. મૃત્યુ બાદ નજીકના તહેવારો ઉજવતા નથી.

અહીંના ગરાસિયાઓમાં પિતૃઓની તૃપ્તિ માટે શ્રાદ્ધ કરાય છે. જે દર વરસે ન ઉજવતાં ૨૫ કે ૫૦ વર્ષમાં અથવા વચ્ચે વરસ સારું હોય ત્યારે કરાય છે. બાકી તો શ્રાદ્ધ એક જ દિવસે એક સાથે બે ત્રણ ગામમાં નક્કી કરીને મોટી સંખ્યામાં લોકો ભેગા થઇને ઉજવે છે. તેઓ ગરોડા પાસે વિધિ કરાવી પિતૃઓના પિંડ મૂકાવી આત્માઓને તૃપ્તિ કરાવે છે. આ પાછળનો ખર્ચ ભાગ લીધેલાં બધાં કુટુંબનો ગણાય છે. જયાં સુધી કોઇ પોતાના પિતૃઓનું શ્રાદ્ધ કરે નહીં ત્યાં સુધી લાલ પાઘડી બાંધે નહીં. શ્રાદ્ધ થયા બાદ નજીકનાં સગાં સંબંધીઓ પાઘડી બંધાવે છે.

મૃત્યુ બાદની માણસની સ્થિતિ અંગે તેમનામાં કોઇ માન્યતાઓ જોવા મળતી નથી. કે મૃત્યુ પછીની શી સ્થિતિ હોય છે.

ધાર્મિક જીવન :

તોરણિયા ગામના ગરાસિયાઓના ધર્મમાં જડ કે ચેતનમાં દૈવીશક્તિની કલ્પના કરી તેની પૂજા, જેમાં પિતૃ પૂજા, ભૂતપ્રેતની માન્યતા, ડાકણ જાદુ, મંત્ર વગેરેને તેઓ માને છે. તેઓ માત્ર ધાર્મિક રીતરિવાજો ભયપ્રેરિત માત્ર ભૂવા ભગતના કહેવાથી આ બધું કરે છે. તેમનોપોતાનો ધર્મ એમનો આ એક અલગ પ્રકારનો ભાગ છે. જો કે વર્ષોથી હિંદુઓના સહવાસને કારણે થોડી અસરો જરૂર દેખાય છે. પણ તેમાં માત્ર આદિવાસી

દેવદેવીઓ સાથે હિંદુઓના એક બે દેવદેવતાઓનો વધારો થયો છે. બાકી તેમની પુરાણી પૂજાવિધિ, બલિદાનો, દારૂ ધાર, મસ્તીમાં દેવીને રીઝવવી, નાચવું, ધુણાવવું, ગાવું વગેરે ચાલે છે. જો કે થોડું ઓછું થયું હોય જરૂર માનવું પડે.

આ લોકો તહેવારોમાં દિવાળી, હોળી, ઉત્તરાયણ ઉજવે છે. છતાં મુખ્ય તહેવાર તો હોળીને જ મનાવે છે. આ સિવાય તેમની દેવદેવીઓમાં વધારે ભયપ્રેરિત અને નુકસાન કરનાર દેવદેવીઓને બકરું કે મરઘું અને દારૂની ધાર થઇ પ્રસન્ન કરે છે. ન નુકસાન કરે તેની મીઠી પૂજા કરે છે. જેમાં મરચું, ઘી, ગોળનું વધામણું હોય છે.

તેમની દેવદેવીઓમાં (૧) કરકરી માતા (૨) દેવરા (૩) માતાની પૂજા (૪) ભૈરવ.

આ ગામના ગરાસિયા હજુ ભૂતપ્રેતમાં અને ડાકણમાં માને છે. આખા ગામમાં હજુ ત્રણથી ચાર ભૂવા છે. તેનું સ્થાન ધાર્મિક વડા તરીકે ખૂબ અગત્યનું તેઓ માને છે. ભૂત પ્રેત, ડાકણ, માંદવાળ (ઢોર-માણસ) બંનેના તે દૂર કરવામાં આજે પણ ખૂબ જ અગત્યનો ગણાય છે. તે દાણા જુએ, મરઘુ, બકરું વગેરે કે દારૂની ધાર આપી બધા નિર્ણયો કહે છે. તેમના સમાજમાં ભૂવાનું સ્થાન માત્ર ધાર્મિક ક્ષેત્રના વડા તરીકે જ મહત્વનું હજુ પણ ગણાય છે. આજે શિક્ષણ વધવાથી બહાર દવાખાને બિમારને લઇ જતા થયા છે.

<u>શિક્ષણ :</u>

હાલમાં ગામમાં ૧થી ૪ ધોરણની શાળા છે. જેમાં ગામના શ્રી વજેસીંગભાઇ જ શિક્ષક તરીકે છે. ૧૯૭૧માં પણ ૧થી ૪ ધોરણની શાળા હતી. ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામની કુલ વસ્તીમાંથી (૩૩૭) માત્ર ૧૩ વ્યક્તિઓ શિક્ષિત હતી. આમાંથી કોઇપણ વ્યક્તિ સાત ધોરણથી વધુ અભ્યાસ કર્યો હોય તેવી નહોતી. એટલે કે કુલ વસ્તીના ૪% શિક્ષિત વ્યક્તિ હતી.

૧૯૭૧માં ૫૧૨ની કુલ વસ્તીમાંથી માત્ર ૯ વ્યક્તિઓ શિક્ષિત જાણવા મળી હતી. તે પણ માત્ર પુરુષો જ હતા. એટલે કે કુલ વસ્તીના માત્ર ૧.૭૬%જ વસ્તી શિક્ષિત હતી. આમ ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં શિક્ષણનું પ્રમાણ ઘટવા પામ્યું હતું.

૧૯૮૧ના સેન્સસ પ્રમાણે કુલ વસ્તી (૭૩૬)માં ગામમાં કુલ શિક્ષણનું પ્રમાણ ૪.૬ રહ્યું હતું. જેમાં પુરુષો ૮.૭૩% અને સ્ત્રીઓ ૦.૨૮% માત્ર શિક્ષિત હતી. કુલ વસ્તીમાંથી ૩૩ પુરુષો અને ૧ સ્ત્રી શિક્ષિત જાણવા મળ્યાં હતાં આમ ૨૦વર્ષમાં શિક્ષણની સ્થિતિ ખાસ સુધરેલી જાણવા મળી નથી.

આજે ગામની શાળામાં ૧થી ૪ ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા પહેલાં કરતાં સારી જાણવા મળી હતી. શાળામાં તેમ છતાં એક જ શિક્ષક છે. શાળામાં બાળકોની કુલ સંખ્યા ૭૧ની હતી. જેમાં ૩૦ છોકરા અને ૪૧ છોકરીઓની સંખ્યા હતી.

કોઠા નં. ૩.૩

૧૯૮૯માં ગામની શાળામાં બાળકોની સંખ્યા (ધોરણ પ્રમાણે)

| ક્રમ | ધોરણ | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | પહેલું | ૮ | ૨૪ | ૩૨ |
| ૨. | બીજું | ૮ | ૯ | ૧૭ |
| ૩. | ત્રીજું | ૧૦ | ૭ | ૧૭ |
| ૪. | ચોથું | ૪ | ૧ | ૫ |
| | કુલ | ૩૦ | ૪૧ | ૭૧ |

ગામની શાળામાં છોકરા છોકરીઓની સંખ્યા જાણવા મળી હતી તેમાં શરૂઆતના વર્ષમાં છોકરા છોકરીઓની સંખ્યા વધારે હોય છે. પણ આગળના ધોરણમાં જતાં દર વર્ષે સંખ્યા ઘટતી જાય છે.

ગામમાંથી વધુ શિક્ષણ માટે છોકરાઓ સણાલી આશ્રમશાળામાં તેમજ હડાદ જાય છે. ગામમાં હાલમાં ૧૯૮૯માં એસ. એસ.સી.માં ૫ છોકરા છે, જ્યારે પાછળના વર્ષમાં એસ. એસ.સી. નાપાસ થયેલ છોકરીઓની સંખ્યા ૧૦ની જાણવા મળી હતી. હાલમાં પાંચ છોકરા ૮થી ૧૦ ધોરણ માટે સણાલી જાય છે. એટલે કે છેલ્લા દસ વર્ષના ગાળામાં શિક્ષણની ભૂખ જાગી હોય તેમ જોવા મળે છે.

...

## આર્થિક જીવન ૧૯૮૯

વ્યવસાય :

ગામના મુખ્ય ધંધામાં ખેતી અને મજૂરી ગણી શકાય. ૧૯૮૧ના સેન્સસ પ્રમાણે કામ કરતા બધા જ સભ્યો ખેતીના ધંધામાં રોકાયેલા હતા. તપાસ વખતે પણ ગામના બધા જ કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ગામનાં બધાં જ કુટુંબો ખેતીની ઓછી વત્તી જમીન ધરાવે છે. ગામની કુલ આવકમાં ૭૯.૮૧%જેટલી આવક ખેતીના વ્યવસાયમાંથી મળે છે. બાકીની આવક ખેતમજૂરી, પશુપાલન, છૂટક મજૂરી, નોકરી, ગૃહોદ્યોગ(અંબર ચરખા) વગેરમાંથી મળે છે.

૧૯૮૧ના સેન્સસ પ્રમાણે ગામની કુલ ૭૩૬ની વસ્તીમાંથી ૨૧૦ કામ કરતી અને ૫૨૬ કામ ન કરતી વ્યક્તિઓ હતી. એટલે કે કુલ વસ્તીના માત્ર ૨૮.૫૩% કામ કરનારા અને ૭૧.૪૭% વસ્તી કામ વગરની હતી. આ કામ વગરની વસ્તીમાં બાળકો, પ્રૌઢો અને અશકત વ્યકિતઓ હતી. ગામમાં કામ કરનારની ટકાવારીમાં એકલા પુરુષો જ હતા. આ કામ કરનારની ટકાવારી જોઇએ તો ગામમાં આ પ્રમાણ ઘણું ઓછું છે. ગામ, દાંતા તાલુકો, બનાસકાંઠા જિલ્લો અને રાજ્યમાં આવેલી કામ કરતી વસ્તીની ટકાવારીનું પ્રમાણ નીચે પ્રમાણે કોઠા નં. ૪.૧ મા દર્શાવ્યા પ્રમાણે છે.

કોઠા નં. ૪.૧

| ક્રમ | વિગત | કુલ વસ્તીમાં કામ કરતી વસ્તીની ટકાવારી |
|---|---|---|
| ૧. | ગામ | ૨૮.૫૩ |
| ૨. | તાલુકો | ૨૯.૯૪ |
| ૩. | જિલ્લો | ૩૦.૩૧ |
| ૪. | રાજ્ય | ૩૨.૨૩ |

ઉપરના કોઠામાં જોઇશું તો કામ કરતી વસ્તીનું પ્રમાણ સૌથી ઓછું તોરણિયા ગામમાં છે. જે ૨૮.૫૩% જાણવા મળ્યું હતું. ખનજિવીકા માટે ઘરમાંથી જે કામ કરી શકે એ સભ્યોએ ભેડ યા બીજા કામો કરવાં પડે છે. ખેતીની ઓછી આવક અને અન્ય કોઇ સ્થિર આવક ન હોવાથી મળ ત્યાં મજૂરી (ખેતીની, સિમેન્ટ કારખાનાની) કરે છે. તેમ છતાં ખેતી અને ખેતમજૂરી સિવાય આવકના બીજા સાધનો ન હોવાથી તેમાં ભેડ યા બીજી રીતે ઘરના સભ્યોએ કામ કરવું પડે છે.

ગામમાં ૭૩૬ની વસ્તીમાંથી કામ કરતી વસ્તીનું પ્રમાણ ૨૧૦નું છે. એટલે માત્ર ૨૮.૫૩% વસ્તી જ કામ કરે છે. એટલે કે દર દસ માણસે ત્રણ જ માણસો કામ કરે છે. અને તે ત્રણ માણસો ઉપર બીજા સાત માણસો આધાર રાખે છે. તપાસ દરમિયાન ખેતીના વ્યવસાયમાં પુરુષો સાથે મજૂરીનાં કામોમાં સ્ત્રીઓ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. ૧૯૮૧ના સેન્સસની માહિતી પ્રમાણે જુદા જુદા ધંધામાં રોકાયેલ કામ કરતી વસ્તી કોઠા નં. ૪.૨ માં જોઇએ.

કોઠા નં. ૪.૨

જુદા જુદા ધંધામાં કામ કરતી વસ્તી (૧૯૮૧) (ટકામાં)

| ક્રમ | વિગત | દાંતા | તોરણિયા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૫૬.૮૧ | ૧૦૦.૦૦ |
| ૨. | ખેતમજૂરી | ૮.૯૫ | - |
| ૩. | ખાણ,પશુપાલન, અન્ય | - | - |
| ૪. | ગૃહોદ્યોગ સિવાય | ૧૩.૭૦ | - |
| ૫. | ગૃહોદ્યોગ | ૧.૪૪ | - |
| ૬. | અન્ય સેવાઓ | ૧૯.૧૦ | - |
| | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આમ ગામના આર્થિક વિકાસનો આધાર ખેતી ઉપર છે. એટલે ખેતી એ આવકનું મહત્વનું સાધન છે. તે હકીકત ઉપરથી જાણી શકાય છે કે એટલે ગામમાં ખેતી કરીને જીવનનિર્વાહ કરનારની સંખ્યા સવિશેષ છે. ૧૯૮૧ના સેન્સસ પ્રમાણે માત્ર કામ કરનારની સંખ્યા માત્ર ખેતીના વ્યવસાયની બતાવી છે. પરંતુ તપાસમાં જોતાં હકીકત જુદી છે. આજે ગામમાં ખેતી સાથે ખેતમજૂરી, પશુપાલન, ગૃહોદ્યોગ (અંબર ચરખા ચલાવવા), છૂટક મજૂરી, (સિમેન્ટના કારખાનામાં) કરીને પોતાની આવકમાં ઉમેરો કરતા જોવા મળે છે. કોઇપણ વ્યકિતને બારે મહિના પૂરો સમય કામ મળતું નથી. ઉનાળાના દિવસોમાં તો સાવ તદ્દન કામ વિના બેસી રહેવું પડે છે. આમ અર્ધબેકારીને કારણે માથાદીઠ આવકનું પ્રમાણ તોરણિયામાં નીચું છે.

કુલ કામ કરતી વસ્તીમાં ૨૮.૫૩% પુરુષોનું જ પ્રમાણ બતાવ્યું છે. પરંતુ ૧૯૮૧ના આ સેન્સસ કરતાં તપાસ સમયે જાણવા મળ્યા મુજબ, પુરુષો સાથે સ્ત્રીઓ પણ સારા પ્રમાણમાં કામ ખેતીના વ્યવસાયમાં કરે છે. તેઓ ખેતીમાં જરૂર પડે વાવણી, કાપણી, સિંચાઇ, પાક લેવાના સમયે, નિંદામણમાં, કપાસ વિણવામાં આ બધા જ કામોમાં સ્ત્રીઓ મદદ કરતી હોય છે. આ સિવાય ઢોરનો ઘાસચારો લાવવો, તેને પાણી પાવું, દૂધ કાઢવું વગેરે ઉપરાંત ઘરકામ કરવું.

આમ ઘણા વર્ષોના સમય પછી પણ તેમના ધંધામાં ખાસ પરિવર્તન આવ્યું નથી. આજે પણ જીવન જીવવા માટે ખેતી ઉપર જ આધાર રાખવો પડે છે. થોડાં કુટુંબોને છેલ્લા બે માસથી અંબર ચરખા હડાદ, સણાલી અને ઉમરાની સંસ્થાઓએ આપ્યા છે. જેનાથી થોડી રોજી મેળવશે. થોડા કુટુંબના સભ્યો નજીકમાં ચાલતી સિમેન્ટ ફેકટરીઓમાં ઉચ્ચક મજૂરીએ જાય છે. અને થોડી આવક પ્રાપ્તિ કરે છે. એ સિવાય પશુપાલનના વ્યવસાયમાં ગાય, ભેંસ બકરીને દૂધની આવક કેટલાંક કુટુંબોને થતી જાણવા મળી હતી. આમ ખૂબ જ ઓછા પ્રમાણમાં ખેતી સિવાયના વ્યવસાયોમાંથી આવક પ્રાપ્તિ થતી જણાઇ હતી.

ખેતી એ આવકનું મહત્વનું સાધન છે. આ મહત્વના સાધન માટે જમીન તથા અન્ય સાધનો જાણવા મળ્યાં હતાં જે નીચે મુજબ હતાં કે તેમની આજીવિકાની આવકમાં મહત્વનો ફાળો આપતા હતા.

જમીન :

તોરણિયા ગામની કુલ જમીન ૧૯૮૧માં (સરકારી દફતર) સેન્સસ મુજબ ૭૨૩.૬ એકર છે. જેમાંથી ખેતીલાયક જમીન ૪૧૭.૫ એકર છે. ગામની ૧૯૮૧ની વસ્તી ૭૩૬ માણસોની છે. એટલે કે વ્યકિતદીઠ ૧૯૮૧માં ૦.૫૭ એકર જમીન આવે. સરેરાશ કુટુંબનું કદ ૬ નું હોય તો કુટુંબદીઠ ૩.૫૧ એકર જમીન ગણી શકાય. છેલ્લા દાયકાના વસ્તી વધારાના કારણે કુટુંબદીઠ અને વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ ઓછું થવા પામ્યું છે.

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગામની કુલ રકબો ૭૨૩ એકર ૬ ગુંઠાનો છે. આમાંથી તપાસ સમયે ખેતી નીચેની જમીન ૪૧૭.૫ એકર હતી. એટલે કે ગામના કુલ વિસ્તારના ૫૭.૭૦% વિસ્તાર ખેડાણ નીચે હતો. અને બાકીનો પર્વતો તથા ખેતી ન થઈ શકે તેવો હતો. જેમાં જંગલ હેઠળ ૩૫.૩૮% ગૌચર, ગામતળ ૫.૫૩% અને ખેડાણ ન થાય તેવી ૧.૩૯% જમીનનો વિસ્તાર હતો. પણ દાંતા તાલુકા કરતાં તોરણિયા ગામમાં ખેતી નીચેનો વિસ્તાર સારો કહી શકાય. તોરણિયામાં કેટલોક ભાગ સપાટ હોવાથી ખેતી માટે અનુકૂળ છે. ગામની બે બાજુ ટેકરીઓ આવેલી છે અને જેના ઉપર ગામના મોટા ભાગનાં કુટુંબો વસે છે. જયાં સપાટ ભાગ છે ત્યાં ખેતી કરવામાં આવે છે. એટલે જ તો કુલ ગામની જમીનમાંથી ખેતી હેઠળની જમીન વધારે છે.

ગામનો કુલ વિસ્તાર ૭૨૩ એકરનો છે. જેમાં ખેતી માટે ૫૭.૭૦% જમીન છે. બાકીનો વિસ્તાર નાના મોટા ડુંગરોનો છે. આ વિસ્તાર ખેડાણ હેઠળ લાવવો શકય નથી. આને કારણે જે જમીન છે તે જ ખેતી કરવાનું મુખ્ય સાધન છે. ગામની કુલ ૪૧૭ એકર ખેતી નીચેની જમીન ૧૧૯ કુટુંબો વચ્ચે વહેંચાયેલી છે. આમાં કેટલાંક કુટુંબો પાસે વધારે જમીન છે તો કેટલાંક પાસે ઓછી જમીન છે.

કુટુંબ પાસે કેટલી જમીન છે તેના પરથી તેની આર્થિક સ્થિતિનો અંદાજ બાંધી શકાય. પણ આ આર્થિક સ્થિતિ માત્ર જમીન ઉપરાંત, જમીનની જાત, ખેડૂતની સ્થિતિ, સિંચાઈની સગવડો, આબોહવા, વરસાદ, પાકો, ખેતીનાં સાધનો, ધિરાણની સગવડો, વાવણી પદ્ધતિઓ વગેરે ઉપર ઠ ખૂબજ મોટો આધાર રાખે છે. આ બધા પરિબળોની અનુકૂળતા હોય તો સારી આવક પ્રાપ્તિ મળવી શકાય.

૧૯૮૧ની વસ્તી પ્રમાણે ગામની જમીનનું કુટુંબદીઠ તેમજ વ્યક્તિદીઠ પ્રમાણ કેટલું છે તે જોયું. હવે તપાસેલ કુટુંબોમાં આ કુટુંબદીઠ પ્રમાણ કેટલું છે તે જોઇએ. કોઠા નં. ૪.૩મા દર્શાવ્યા પ્રમાણે તપાસેલ ૨૮ કુટુંબોમાંથી ૨.૫થી ૦.૫ એકર જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા સૌથી વધારે છે. કુલ કુટુંબોમાંના ૩૨.૧૪% કુટુંબો તેમાં આવે છે. આ ૩૨.૧૪% કુટુંબો કુલ ખેડાણ જમીનના ૨૧.૨૮%જમીન ધરાવે છે. બાકીના ૦થી ૨.૫ એકર જમીન ધરાવતા ૨૫% કુટુંબો પથી ૭.૫ એકર જમીન ધરાવતા ૧૭.૮૭% કુટુંબો છે. અહીં કહેવાનું એટલું કે ઓછી જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા વધારે છે. જમીનવિહોણા કુટુંબો માત્ર ૩.૫૭% જ છે.

કોઠા નં. ૪.૩

જમીનના કદ પ્રમાણે કુટુંબો અને જમીનની વહેંચણી

| ક્રમ કુટુંબ કક્ષા | કુટુંબ સંખ્યા | જમીન એકર-ગુંઠા | કુટુંબદીઠ | કુલ કુટુંબના ટકા | કુલ ધારણ કરેલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|
| ૧.૦થી ૨.૫ | ૭ | ૧૧.૩૮ | ૧.૬૩ | ૨૫.૦૦ | ૮.૩૩ |
| ૨. ૨.૫થી ૫.૦ | ૯ | ૨૯.૦૬ | ૩.૨૩ | ૩૨.૧૪ | ૨૧.૨૮ |
| ૩. ૫.૦થી ૭.૫ | ૫ | ૩૧.૧૯ | ૬.૨૪ | ૧૭.૮૭ | ૨૨.૮૪ |
| ૪. ૭.૫થી ૧૦.૦ | ૩ | ૨૨.૦૮ | ૭.૩૬ | ૧૦.૭૧ | ૧૬.૧૭ |
| ૫. ૧૦.૦થી૧૫.૦ | ૨ | ૨૬.૭૧ | ૧૩.૩૬ | ૭.૧૪ | ૧૯.૫૬ |
| ૬. ૧૫.૦થીવધારે | ૧ | ૧૬.૧૫ | ૧૬.૧૫ | ૩.૫૭ | ૧૧.૮૨ |
| ૭. જમીનવિહોણા | ૧ | - | - | ૩.૫૭ | - |
| કુલ | ૨૮ | ૧૩૭.૧૭ | ૫.૦૮ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આમ ખેતીનો વ્યવસાય મુખ્ય હોવા છતાં જમીન વહેંચણીનું પ્રમાણ સરખુ નહીં હોવાથી ગામના થોડા વર્ગ પાસે વધારે પ્રમાણમાં જમીન અને વિશાળ વર્ગ ઓછી જમીન હોય ગામનો ૭૦% જેટલો વર્ગ માત્ર ખેતીના ધંધામાંથી નિર્વાહ જેટલી આવક મેળવી શકવાને સમર્થ નથી. તેમજ ઓછી જમીન અને ઓછી આવકને કારણે સારા સાધનો, બિયારણો, ખાતર વાપરી શકતો નથી. જેને કારણે તેની જમીનમાંથી પાકો થવા જોઇએ તે લઇ શકતો નથી.

આમ સમગ્ર રીતે જોઇએ તો ગામના એક સિવાયનાં બધાં જ કુટુંબો ૧૫ એકર કરતાં ઓછી જમીન ધરાવે છે. કુટુંબના કદ સાથે આ જમીન જોઇએ તો ચોકકસ ખ્યાલ આવશે કે વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ કેટલું નીચું છે. આગળના કોઠા નં. ૩.માં જોયું તો કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૬ એકર ૨૮ ગુંઠા છે. પણ વ્યક્તિદીઠ આ પ્રમાણ ઘણું નીચું આવે છે. જે નીચેના કોઠા ૪.૪ પરથી જોઇ શકાય છે.

કોઠા નં. ૪.૪

જમીનના કદ પ્રમાણે વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ.

| જમીનનું કદ (એકરમાં) | કુલ વસ્તી | કુલ જમીન એકર ગુંઠા | વ્યક્તિદીઠ સરેરાશ જમીન |
|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૩૮ | ૧૧.૩૮ | ૦.૧૩ |
| ૨.૫ થી | ૪૬ | ૨૯.૦૬ | ૦.૨૫ |
| ૫.૦થી ૭.૫ | ૩૨ | ૩૧.૧૯ | ૦.૩૯ |
| ૭.૫થી ૧૦.૦ | ૨૦ | ૨૨.૦૮ | ૧.૦૪ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૭ | ૨૭.૩૧ | ૫.૨૨ |
| ૧૫.૦થી વધારે | ૮ | ૧૬.૧૫ | ૨.૦૨ |
| કુલ | ૧૫૦ | ૧૩૭.૧૭ | ૦૦.૩૭ |

તોરણિયા ગામની વ્યક્તિદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ માત્ર ૦.૩૭ એકરનું છે. આગળ કોઠા નં. ૩ માં કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૬ એકર ૮ ગુંઠા છે. જેમાં જુદા જુદા જમીનના કદમાં જેમ જેમ કદ વધતું જતું હતું તેમ તેમ કુટુંબદીઠ જમીનનું પ્રમાણ પણ વધતું જોવા મળે છે. ૧૫ એકરથી વધારે જમીન ધરાવનાર કુટુંબોમાં માત્ર એક જ કુટુંબ હતું. જેની જમીનનું પ્રમાણ ૧૬ એકર ૧૫ ગુંઠા હતું. ૧૫ એકરથી વધારે જમીન ધરાવનારના જૂથમાં વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ એ ૨ એકર ૨ ગુંઠા છે. એટલે આ પ્રમાણ ખૂબ ઓછું કહેવાય. તપાસેલ કુટુંબોમાં કુટુંબદીઠ સરેરાશ જમીનમાં ઘણો તફાવત જોવા મળે છે. જયારે વ્યક્તિદીઠ સરેરાશ જમીનના પ્રમાણમાં ૧૦થી ૧૫ એકર જમીન ધરાવતા ગ્રુપ સિવાય બીજાં ગ્રુપોમાં ખાસ તફાવત નથી. ૦.૦થી ૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ માત્ર ૦.૧૩ ગુંઠા છે. આ પ્રમાણ ઘણું ઓછું ગણાય. ૧૩ ગુંઠા

જમીનમાંથી એક વ્યક્તિને વાર્ષિક પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા માટેનું ઉત્પાદન ખેતીની આધુનિક ટેકનીકો વ્દારા પણ શકય નથી. જો આ શકય ન હોય તો આટલી અસંખ્યા વ્યક્તિઓનો જીવનનિર્વાહ માત્ર ખેતી જ છે. અને ખેતી માટે જમીનનું પ્રમાણ ખૂબ ઓછું છે.

૧૦ એકરથી વધારે જમીન ધરાવતું એક કુટુંબ છે. ૫ એકરથી વધારે જમીન ધરાવતા મા બે કુટુંબો છે. ગામમાં ૫ એકરથી ઓછી જમીન ધરાવતાં કુટુંબો ૫૭.૧૪% છે.

બધી જ જમીન વ્યક્તિગત માલિકીની છે. જમીનની અછતને કારણે આદિવાસી લોકો પોતાની જમીનનું વેચાણ કરતા નથી. કોઇ આદિવાસી કુટુંબને પણ જમીન વેચાતી મળતી નથી. કારણ કે દરેક ખેતી કરતા કુટુંબ પાસે જરૂર કરતાં ઓછી જમીન છે. તેમની જમીનના અનેક ટૂકડાઓ હોય છે. જેમાં અનેક ભાગીદારો હોય છે. જે ખેતી કરી ભાગ વહેંચે છે.

મુખ્ય પાક :

બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય પાક બાજરીનો છે. જયારે દાંતા તાલુકામાં મુખ્ય પાક મકાઇ સાથે કઠોળ કરે છે. તોરણિયા ગામમાં મુખ્ય પાક તરીકે મકાઇ થાય છે. ગામમાં છેલ્લા કેટલાક વર્ષોથી તળાવ કુવાની સિંચાઇનો લાભ મળવાથી શિયાળુ ખેતી કરવામાં આવે છે. જો કે તપાસના વર્ષે ગામમાં સારો વરસાદ આવ્યો હોવા છતાં તળાવમાં પાણી ઓછું છે. અને તેથી શિયાળુ વાવેતર થોડું ઓછું થઇ શકયું હતું જો કે ચોમાસું ખુબ સારું હોય છે ત્યારે દુબારી વાવેતરનો વિસ્તાર વધી શકે તેવી શકયતાઓ છે. જેને કારણે તળાવમાં પાણી સારું આવે એટલે ખૂબ અનુકૂળ બને છે. પરંતુ છેલ્લાં બે ત્રણ વર્ષોથી મીરાંવાસ તળાવમાં ખૂબ ઓછું પાણી આવે છે. જેને લીધે સિંચાઇ પર અસર થવા પામી છે. વળી છેલ્લા થોડાક વર્ષોમાં કુવાનું પ્રમાણ વધવાથી શિયાળુ પાકો કુવાની સિંચાઇ વ્દારા કરી શકાય છે.

ગામમાં જુદા જુદા ધાન્યો તથા રોકડિયા પાકોનું વાવેતર વધતા ઓછા પ્રમાણમાં થાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી વાવેતર વધ્યું હતું તેમાં પહેલાં ચણાનું વાવેતર વધુ થતું હતું. હવે કુવાની સગવડો મશીન સાથે થવાથી ઘઉં, રાયડાનું વાવેતર વધવા પામ્યું છે. ડાંગરનું વાવેતર ભાગ્યે એક બે ખેડૂતોએ આ વર્ષે કર્યું હતું. તેવી રીતે શાકભાજી વેચવા માટે આખા ગામમાં કોઇ ઉગાડતું જોવા મળતું નથી. આ ગામના આર્થિક સંદર્ભ ધ્યાનમાં રાખીએ તો મકાઇ, ઘઉં, રાયડો અને જુવાર મહત્વના પાક આજે ગણી શકાય.

## વાવેતર પદ્ધતિ :

આજે પણ આ વિસ્તારમાં નવી ખેત પદ્ધતિઓનો વિકાસ બિન આદિવાસી વિસ્તારની દ્રષ્ટિએ પછાત રહેવા પામ્યો છે. તોરણિયામાં પણ એવું જોવા મળ્યું. મકાઇ, ઘઉં, ચણા વગેરે જે કંઇ પાક ચાસ પાડીને વાવે છે. તેમાં આ લોકો સાંકડો ગાળો રાખે છે. અને મુખ્ય પાક સાથે બીજા મિશ્ર પાકોનું વાવેતર કરે છે. જેને કારણે નિંદામણ નીકળી શકતું નથી. સાથે સાથે ખૂબ સાંકડા ગાળે પાક થતો હોઇ છોડની વૃદ્ધિ પણ થતી નથી. એટલે ઉતાર ખૂબ ઓછો આવે છે. કેટલીકવાર એક પાકની પાણીની જરૂર પડે તો પાણી મૂકે છે. જેને કારણે સાથેનો પાક બગડે છે. જમીન પણ અસામાન્ય રાંપડી પદ્ધતિની ખેડી નાખે છે. જેથી પણ પાક જોઇએ તેવો થતો નથી.

## સિંચાઇ :

દાંતા તાલુકામા કુવા, તળાવો વ્દારા તેના ઉપર ઓઇલ એન્જીન જેવાં સાધનો નથી. સારી સિંચાઇની સગવડો છે. તોરણિયામાં પણ મીરાંવાસ તળાવથી સિંચાઇની સુવિધા થઇ છે. મીરાંવાસ તળાવ તોરણિયા ગામથી ઉપરના ભાગમાં હોઇ તોરણિયાની નીચેની બધી જ સપાટ જમીનમાં સિંચાઇ શકય બને છે. પરંતુ છેલ્લાં બે વર્ષથી તળાવમાં પાણી કોઇ કારણસર ઓછું આવે છે. એટલે તળાવની સિંચાઇમાં મુશ્કેલી થઇ છે. છતાં ડેડી નદી જે તળાવની બાજુમાંથી વહે છે તેનું પાણી ચોમાસામાં રોકી તળાવમાં લઇ જવાથી પણ સારી સુવિધા શકય બને તેમ છે. એ રીતે ગામમાં આજે ૩૫ જેટલા કુવા છે જે છેલ્લા પાંચ સાત વર્ષ થયા છે. જેના પર આજે ૧૫ જેટલાં એન્જીનથી સિંચાઇ કરતા ગામના લોકો જોવા મળ્યા હતા. જેના કારણે ઉપર ઘઉં, રાયડાનું વાવેતર આજે ખૂબ વધવા પામ્યું છે. એટલે આ લોકો કુવાનું મહત્વ સમજતા થયા છે અને વર્ષમાં એક કરતાં વધારે પાક લે છે. અને તેના વ્દારા વધારે આવક મળવે છે. ગામમાં કેટલાક કુવા પથ્થર નીકળવાથી પડ઼ી રહેલ ગયેલા છે. છતાં કુવાની યગાવી તથા સબસીડી મળતી હોવાથી લોકો ખોદવા તરફ સારું ધ્યાન આપે છે. પહેલાં ગામમાં કોસથી સિંચાઇ થતી હતી હવે મહદંશે કુવા ઉપર એન્જીન મૂકી સિંચાઇ થતી જોવા મળે છે.

## બિયારણ - ખાતર :

સિંચાઇ પછી બિયારણ પણ મહત્વનું સાધન ગણી શકાય. તોરણિયા ગામમાં સિંચાઇની સગવડો તો છેલ્લાં દાયકા દરમિયાન વધવા પામી છે. એટલે દેશી બિયારણથી ખેતીમાં જે ઉપજ આવે તેના કરતાં હાઇબ્રિડ બિયારણો, ખાતર નાખીને કરવામાં આવે તો સિંચાઇના પાણીથી વધારે ઉપજ આવે. એટલે હાઇબ્રિડ મકાઇ, ઘઉંની નવી જાતો સિંચાઇ કરીને કરવામાં

આપે તો વધુ ઉપજ આપે જ. અને તેનાથી વધારે આવકો પણ વધારી શકાય.

પરંતુ તોરણિયામાં હજુ પણ પાકેલા પાકમાંથી અને બીજાં દેશી બિયારણોથી પાકો લેવામાં આવે છે. એટલે હજુ અહીંના ખેડૂતો જૂની ઢબ પ્રમાણે દેશી બિયારણ વાપરી જ પાકો પેદા થાય તે લે છે. મકાઇનો પાક મુખ્ય છે. તેમાં પણ એકર એકર ૧૦થી ૨૦ મણ જેટલો પાક તેઓ દેશી બિયારણ વાપરી લે છે. જેઓ હાઇબ્રિડ વાપરે છે તેમને ૨૦થી ૩૫ મણ સુધીનો પાક થાય છે. તેવું ગામના ખેડૂતોનું કહેવું છે. કેટલીકવાર સારું બિયારણ ન હોવાથી બધા જ બી ઊગતાં નથી અને પાક ઓછો થાય છે. ખેડ બરોબર ન કરવાથી ઘાસ ઊગી નીકળે છે. એટલે વાવેતરનો ઝડપી વિકાસ થતો નથી. હલકાં સાધનોથી ખેડ પણ જીવજંતુ માટે અનુકૂળ પડે છે. જમીનને નાપ ન મળે તો જીવાત પાકને નુકસાન કરે છે. અહીં પણ ગામના કેટલાય ખેડૂતો હડાદના વેપારીઓ પાસેથી પાકનાં બીજ લાવે છે. એ પણ ઉધાર લાવે છે. રોકડાવાળાનું પણ ભાવ વધારે આપવો પડે છે. ઉધારવાળાને તો પાક ત્યારે બેવડું અનાજ આપવું પડે છે.

ગામમાં અહીં ઘણા ખેડૂતો હાઇબ્રિડ બીજ , ખાતર વાપરતા થયા છે. ઘણા અહીં કરબની ખેડ કરતા હોય છે. એને કારણે ઘઉં, રાયડો જેવા શિયાળુ પાકો સારા થતા જોવા મળ્યા હતા. અહીં સિંચાઇને લીધે ઘઉં, રાયડામાં રસાયણિક ખાતરો, છાણીયા ખાતર સાથે વાપરતા જોવા મળે છે. જો કે ખાતર નાંખ્યા પછી કેટલાક ખેડૂતો સારું નિંદામણ કાઢી નાખે છે. કેટલાક એ કાઢીને ઢોરને ખવડાવે છે. આળસને કારણે એટલાક ઓછું કાઢે છે. જેથી કોઇને સારો વિકાસવાળો પાક તો કોઇને ઓછો પાક થાય છે.

તોરણિયામાં હજુ પણ ઘણા ખેડૂતો ખેતીની ઓછી જમીન ધરાવતા હોવાથી અને આર્થિક સ્થિતિ સારી ન હોવાથી જોઇએ તેમ સમયસર રસાયણિક ખાતર વાપરી શકતા નથી. કેટલાક નાણાંની ખેંચને કારણે વાપરતા જ નથી. કેટલાક ખેડૂતોને આ રસાયણિક રસાયણિક ખાતર વિશે પૂરી માહિતી નથી. કેટલું વાપરવું કયા પાક માટે એ સમજ નથી.

## ખેતી વિકાસ અને ધિરાણ :

તોરણિયા ગામમાં આદિવાસીઓની પરિસ્થિતિ ખરાબ હોવાને કારણે કોઇ બચત કરી શકે તેમ નથી. કેમ કે વાર્ષિક આવકમાંથી જીવનનિર્વાહ જ માંડ માંડ ગોઠવે છે. ઓછી આવક હોવાથી તેઓ ખેતીમાં ઓછું મૂડીરોકાણ કરે છે. જેને કારણે ઓછી આવક થાય. આ માટે વધારે મૂડીરોકાણ કરી ખેતી સુધારવામાં આવે તો જ તેમની આર્થિક સ્થિતિ સુધારી શકાય.

તોરણિયા ગામમાં ખેતી માટે જોઇએ તો મહત્વનો ખર્ચ બિયારણ ગણાય. તે પછી ખાતર, પાણી, મહેસૂલ હોય છે. આ માટે સારા બિયારણો, ખાતરો, દવાઓ, ખેતીનાં સારાં સાધનો વાપરતા થાય તો ખેતી વિકાસ શક્ય બને. આ માટે વધુ ધિરાણ આપવાની જરૂર છે. આ ધિરાણ વસ્તુના સ્વરૂપમાં જ આપવું જોઇએ. કેમ કે પૈસા અપાય તો ખેતીમાં ઉપયોગમાં ન વાપરતાં ઘરખર્ચ કે બીજે વપરાય જાય છે. તેને કારણે આ રોકાણ બિનઉત્પાદકીય બનીને આદિવાસી ખેડૂતોને દેવાદાર બનાવે છે.

ખેતીના વિકાસ માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ તોરણિયા ગામના ખેડૂતો વાહનવ્યવહારને કારણે બહારના સંપર્કમાં આવેલા છે. છતાં જૂની પદ્ધતિઓ, અજ્ઞાનતા વગેરેને કારણે તેઓ વિકાસ કરી નવું અપનાવી શકયા નથી. તેમને નજરે દેખાતી થોડી વાતો સ્વીકારી પણ લે છે. જેને કારણે નવા પાકો અપનાવ્યા છે. બીજા વિસ્તારોની જેમ બેન્ક દ્વારા આ પ્રયત્નો થાય તો તેનાં પરિણામો ટૂંકાગાળામાં મળે તેમાં શંકા નથી.

## ખેતીનાં સાધનો :

ખેતીનાં ઓજારોમાં લાકડાના હળ, કરબ કરબડી, નાના ઓજારો (ખુરપી, દાતરડું, કુહાડી, પાવડો, કોદાળો) વાવણિયો, સમાર વગેરેનો ઉપયોગ કરે છે. ઘણા ખેડૂતો હળ કરતાં કરબને ખેતીમાં વધારે અગત્યનું ગણી તેનો ઉપયોગ કરે છે. કારણ કે કરબથી સરળતાથી ખેડ શક્ય બને છે. બધા ખેડૂતો ખેતીનાં ઓજારો રાખી શકતા નથી. તેઓ એકબીજાનાં માગીને કે ભાડે ફેરવીને ખેતીમાં કામ ચલાવી લે છે. આ બધાં ઓજારો જતા આવતા હડાદ, ખેડબ્રહ્મા, દાંતાથી તેઓ લાવે છે. સરખા કરાવવા હડાદના લુહાર, સુથાર પાસે જાય. કેટલાક જાતે જ કરી લે છે. ખેતીનાં સાધનોમાં કુટુંબદીઠ સરેરાશ જોઇએ તો હળ, કરબ જેવા ખેતીનાં મુખ્ય સાધનો પણ ખૂબ ઓછાં છે. હળની સંખ્યા ૧.૧૪ની છે. અન્ય બીજા સાધનોની સંખ્યા કરતાં હળ, કરબની સંખ્યા ઓછી છે. વાવણિયો પણ ખેતીનું ખૂબ અગત્યનું ઉપયોગી સાધન છે પરંતુ તે પણ બધા ખેડૂતો વસાવી ઉપયોગ કરી શકતા નથી. ગાડા

જેવું મહત્વનું સાધન એક પણ કુટુંબ પાસે નથી. ગાડુ અહીં રાખવા પાછળ પણ ફ્ર તેઓ કહે છે કે ઘરથી ખેતર દૂર હોતું નથી. ખાતર રોજે રોજ ખેતરમાં નાખી દે છે. એટલે બહુ જરૂરિયાત પડતી નથી.

તોરણિયામાં પહેલાં કોસ સિંચાઇનું મહત્વનું સાધન હતું. હવે કૂવા પર ઓઇલ એન્જીન મૂકાવતા હોવાથી તેની સંખ્યા પણ ખૂબ ઓછી થઇ જવા પામી છે. ખેતીનાં સાધનોની કિંમત કુટુંબદીઠ ૭૪૦૪ની છે. ખેતીનાં સાધનો કોઠા નં.૪.૫માં દર્શાવ્યા પ્રમાણે છે.

કોઠા નં.૪.૫

ખેતીનાં સાધનો

| ક્રમ | સાધનનું નામ | કુલ સાધન | કુટુંબદીઠ |
|---|---|---|---|
| ૧. | હળ | ૩૨ | ૧.૧૪ |
| ૨. | કરબ-કરબડી | ૧૫ | ૦.૫૪ |
| ૩. | નાના ઓજાર | ૧૪૪ | ૫.૧૪ |
| ૪. | કોસ | ૨ | ૦.૦૭ |
| ૫. | કૂવા | ૨૪ | ૦.૮૬ |
| ૬. | એન્જીન | ૧૩ | ૦.૪૬ |

XXXX

**ખેતી ખર્ચ અને એકરદીઠ ઉત્પાદન :**

તપાસના ૧૯૮૯ના વર્ષમાં તોરણિયામા કુલ વાવેતર હેઠળનો વિસ્તાર ૪૧૭ એકર હતો. જેમાં તપાસનાં કુટુંબોમાં ચોખો વાવેતર હેઠળનો વિસ્તાર ૧૩૭ એકર હતો. આ કુલ ચોખા વાવેતર હેઠળના વિસ્તારમાંથી ૧૩૪૨૫૦ રૂપિયાનું ઉત્પાદન થયું હતું. આ ઉત્પાદન મેળવવા માટે રૂ. ૩૩૨૪૫નું ખર્ચ કરવામાં આવ્યું હતું. એટલે ખેતીના વ્યવસાયમાંથી રૂ. ૧૦૧૦૦૫ નું ચોખ્ખુ ઉત્પાદન થયું હતું.

આમ તોરણિયાના તપાસ હેઠળનાં કુટુંબોમાંથી એકરદીઠ ઉત્પાદન ૯૭૮.૭ રૂ.નું હતું. જયારે એકરદીઠ ખેતી ખર્ચ રૂ. ૨૪૨.૭નો હતો. આથી એકરદીઠ ચોખ્ખુ ઉત્પાદન ૯૭૮.૭ રૂ. નું હતું.

કોઠા નં. ૪.૬

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ ખેતી ખર્ચ

| ક્રમ જમીનનું કદ | બિયારણ | રસાયણિક ખાતર | દેશી ખાતર | નાના ઓજાર | દવાઓ | સિંચાઇ | ઘાસ | જમીનનું મહેસૂલ | હળભાડા | મજૂરી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. ૦૦થી ૨.૫ | ૧૪૯.૩ | ૧૦૯.૮ | ૩૯.૧ | ૧૦.૧ | - | ૧૧૪.૩ | ૧૦૧.૦ | ૧૦.૭ | ૧૭.૫ | - | ૫૫૨.૦ |
| ૨. ૨.૫થી૫.૦ | ૯૦.૪ | ૫૩.૩ | ૨૮.૨ | ૫.૯ | - | ૬૧.૯ | ૬૧.૯ | ૬.૦ | ૧૨.૦ | - | ૩૧૯.૬ |
| ૩. ૫.૦થી ૭.૫ | ૭૦.૬ | ૩૩.૬ | ૧૯.૩ | ૪.૫ | - | ૨૮.૯ | ૩૦.૫ | ૪.૪ | ૧૪.૫ | ૮.૧ | ૨૧૪.૮ |
| ૪. ૭.૫થી ૧૦.૦ | ૫૮.૯ | ૨૯.૫ | ૧૩.૬ | ૩.૯ | - | ૩૬.૨ | ૧૫.૮ | ૩.૪ | ૧૧.૩ | ૬.૭ | ૧૭૯.૪ |
| ૫. ૧૦.૦થી ૧૫.૦ | ૫૪.૯ | ૨૫.૬ | ૧૪.૭ | ૩.૬ | - | ૧૮.૪ | ૧૬.૫ | ૨.૮ | - | - | ૧૩૬.૪ |
| ૬. ૧૫.૦થી વધારે | ૬૧.૯ | ૨૬.૪ | ૧૫.૫ | ૧૩.૬ | ૧૮.૬ | ૨૭.૮ | ૨૪.૮ | ૪.૧ | ૯.૩ | - | ૨૦૧.૯ |
| કુલ એકરદીઠ ખર્ચ | ૭૫.૨ | ૪૧.૦ | ૨૦.૫ | ૬.૧ | ૨.૨ | ૪૧.૦૦ | ૩૭.૨ | ૪.૮ | ૧૦.૫ | ૨૯૬ | ૨૪૨.૩ |
| એકરદીઠ ખર્ચ ટકામાં | ૩૧.૦૬ | ૧૬.૯૨ | ૮.૪૭ | ૨.૫૦ | ૦.૯૦ | ૧૭.૩૦ | ૧૫.૩૪ | ૧.૯૬ | ૪.૩૬ | ૧.૨૦ | ૧૦૦.૦૦ |

કોઠા નં.૪.૭

જમીનના કદ પ્રમાણે જુદા જુદા પાકોનું એકરદીઠ ઉત્પાદન

| ક્રમ | પાક | ૦૦થી ૨.૫ | ૨.૫થી ૫.૦૦ | ૫.૦થી ૭.૫ | ૭.૫થી ૧૦.૦૦ | ૧૦.૦૦થી ૧૫.૦૦ | ૧૫થી વધારે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | મકાઈ | ૪૦૪.૨ | ૩૩૩.૭ | ૨૦૮.૪ | ૨૮૦.૮ | ૧૭૫.૯ | ૨૩૫.૨ | ૨૫૮.૧ |
| ૨. | ઘઉં | ૬૬૭.૮ | ૪૩૭.૧ | ૩૫૨.૭ | ૩૧૭.૦ | ૨૪૭.૦ | ૧૫૪.૮ | ૩૪૪.૯ |
| ૩. | જુવાર | ૨૬૩.૬ | ૧૬૫.૧ | ૧૧૨.૨ | ૧૧૩.૨ | ૬૦.૮ | ૩૦.૯ | ૧૧૫.૯ |
| ૪. | કોદ્રા | ૭૯.૧ | ૧૩.૭ | - | - | - | ૨૪.૮ | ૧૨.૩ |
| ૫. | રાઈ | ૮૭.૮ | ૮૨.૬ | ૩૨.૦ | ૩૩.૯ | ૧૩૬.૮ | ૩૦.૯ | ૬૭.૪ |
| ૬. | અડદ | ૧૩૪.૮ | ૯૬.૩ | ૪૮.૧ | ૮૬.૦ | ૨૬.૭ | ૮૦.૫ | ૭૦.૮ |
| ૭. | ચણા-તુવેર | ૭૦.૩ | ૮૨.૬ | ૯૬.૧ | ૧૨૬.૮ | ૧૧.૪ | ૨૪.૮ | ૭૦.૮ |
| ૮. | કપાસ | ૧૭૫.૮ | ૨૭.૬ | XXXX | - | - | ૧૫૪.૭ | XXXX ૩૮.૭ |
| | | ૧૮૮૦.૫ | ૧૨૩૮.૯ | ૮૪૯.૬ | ૯૫૭.૮ | ૬૫૭.૫ | ૭૩૬.૮ | ૯૭૮.૭ |

ખેતીખર્ચમાં મહત્વનું ખર્ચ બિયારણનું હતું. કુલ ખેતીખર્ચમાં ૩૧.૦૬ ટકા બિયારણનું હતું. જ્યારે ૧૬.૯૨ % ખેતી ખર્ચ રાસાયણિક ખાતર પાછળ કરવામાં આવ્યું હતું. દેશી ખાતર પાછળ ૮.૪૭%નું ખર્ચ કરાયું હતું. આ સિવાય બીજા ખેતી ખર્ચમાં સિંચાઇનું ૧૭.૩૦% અને ઘાસ પાછળ ૧૫.૩૪%નું ખર્ચ હતું. જમીન મહેસૂલ પાછળ ૧.૯૬%નો ખર્ચ હતો. છાણિયું ખાતર ઘણું જ વપરાયું હતું. જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ ખેતી ખર્ચ કોઠા નં. ૪.૬માં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળ્યું હતું. જેમાં જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ બિયારણ, ખાતર, સિંચાઇ, ઘાસ પાછળ ખર્ચ વધુ થતું જણાયું હતું. બાકીનાં નાનાં ઓજાર, દવાઓ, જમીન મહેસૂલ, હળભાડાનું ખર્ચ ખાસ વધારે નહોતું. સૌથી વધુ ખેતીખર્ચમાં બિયારણ પાછળ અને સૌથી ઓછો દવાઓ પાછળનો ખર્ચ જણાયો હતો. જે કોઠો જોતાં વિગતે ખ્યાલ આવશે.

આમ એકંદરે જોઇએ તો તેમનું ખેતી ખર્ચ ખૂબ વધારે નથી. પરંતુ એમણે બિયારણ, ખાતર અને જમીન મહેસૂલ જેવી ફરજિયાત ખેતી ખર્ચની બાજુઓ છે. જેમાં જ એવો ખેતી ખર્ચ કરે છે. બાકી બીજા મોટા ખેતીના ખર્ચાઓ બીજા વિસ્તારની જેમ નથી. તેઓ જાતે મહેનત કરતા હોવાથી પણ તે ખર્ચ લાગતો નથી.

જુદા જુદા પાકોનું એકરદીઠ ઉત્પાદન કોઠા નં. ૪.૭માં આપેલ છે. મકાઇનું એકરદીઠ ઉત્પાદન ૨૫૮.૧ રૂપિયાનું છે. જેમાં ૦થી ૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં આ ઉત્પાદન ૪૦૪.૨ રૂપિયાનું છે. મકાઇનું એકરદીઠ ઉત્પાદન સૌથી વધારે આ વિભાગમાં થાય છે. જ્યારે ૧૦.૦થી ૧૫.૦ એકર જમીન ધરાવતા વિભાગમાં મકાઇનું ઉત્પાદન સૌથી ઓછું છે. એ જ રીતે ૦.૦થી ૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં પાકો મકાઇ, ઘઉં જુવાર, અડદ, કપાસના પાકોનું ઉત્પાદન અન્ય વધુ જમીન ધરાવતા વિભાગના ઉત્પાદન કરતાં વધારે આવે છે. જો કે સમગ્ર રીતે જોઇએ તો એકરદીઠ ઉત્પાદનનું પ્રમાણ નીચું ગણાય. આ મોંઘવારી, તેમના કુટુંબની વસ્તી સંખ્યા અને ખેતીના ખર્ચને લક્ષમાં લઇએ તો આટલા રૂપિયાનું ઉત્પાદન ખૂબ ઓછું કહેવાય. ઘઉં અને રાઇ જેવા પિયત પાકોનું કારણ આ ઉત્પાદન પ્રમાણ કંઇક અંશે સારું લાગે છે.

## તોરણિયા મુખ્ય અને ગૌણ વ્યવસાયો અને તેમાંથી થતી આવકો :

જીવનધોરણનો આધાર તેની આવક પ્રાપ્તિ ઉપર રહેલો છે. વધુ આવક તેમ જીવનધોરણ ઊંચુ, ઓછી આવક તેમ જીવનધોરણ નીચું. તોરણિયા ગામના ગરાસિયા કુટુંબોનું જીવનધોરણ તપાસવા માટે તેમની આવકો કુલ કેટલી છે અને કયા કયા વ્યવસાયોમાંથી મળે છે તે જોઈએ. તેમની કુટુંબદીઠ અને માથાદીઠ આવક કેટલી છે તે કોઠા નં. ૪.૮માં દર્શાવ્યા પ્રમાણે તપાસના કુટુંબોમાંથી તેમની કુટુંબદીઠ અને માથાદીઠ આવકો જાણવા મળી છે.

તપાસના કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ તોરણિયાના આ કુટુંબોમાં જમીનનું કદ વધતું જાય છે તેમ તેમ માત્ર ૨.૫થી ૫.૦ એકરના ગ્રુપમાં ૫.૦થી ૭.૫ એકરના ગ્રુપમાં આવક ઘટે છે. એ સિવાયનાં બધા જ ગ્રુપોમાં આવકનો ક્રમ વધતો જતો જવા મળે છે. આ કુટુંબોમાં કુટુંબદીઠ આવક ઘણા કરતાં પણ ખૂબ વધારે છે. પરંતુ આ કુટુંબદીઠ આવક આટલી વધારે હોવા છતાં માથાદીઠ આવક જોઈએ તો મોટા તફાવતવાળી જોવા મળતી નથી. જેમ કે માથાદીઠ આવક ૭૫૨.જ્થી વધીને ૧૨૩૧.૧ રૂપિયાની થાય છે. જયારે કુટુંબદીઠ આવક ૪૦૮૪.૦થી વધીને ૯૮૪૯ રૂપિયા થાય છે.

તપાસના કુટુંબોમાં જમીનનું કદ વધતાની સાથે ખેતીની આવકો વધતી જાય છે. ૧૫થી ઉપર જમીન ધરાવતા ગ્રુપમાં આ આવકોનું પ્રમાણ વધીને ૯૧૦૦.૦ રૂપિયાની થાય છે. જે ૦.૦થી ૨.૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં આ આવક ૩૦૫૧.૧ રૂપિયાની છે. આ બધી રીતે જોઈએ તો ખેતીની કુટુંબદીઠ સરેરાશ આવક ૪૭૯૪.૬ રૂપિયાની છે. ઉપરના ૦.૦થી ૨.૫ એકર જમીન ધરાવતા ગ્રુપોમાં જ ખેતીની સરેરાશ આવકો કુલ સરેરાશ આવકો કરતાં ઓછી છે. બાકીના બધા જ ગ્રુપોમાં તે આવકો વધારે છે.

ખેતી સિવાયના ધંધામાંથી થતી આવકોમાં જમીન વધવાની સાથે આવકો વધવાનું વલણ નથી. આ આવકો જુદા જુદા ગ્રુપોમાં દરેક વ્યવસાયમાં અનિયમિતપણે જોવા મળે છે. જેમ કે પશુપાલન આવક ૦.૦થી ૨.૫ એકરના ગ્રુપમાં ૧૨૬૭.૧ રૂપિયાની છે. જે ૧૫થી વધારે એકર ગ્રુપ કરતાં બહામાં ઓછી જોવા મળે છે. એટલે જમીન ઓછી તેમપણ આવક ઓછી એવો ક્રમ અહીં જોવા મળતો નથી. જો કે ખેતી પછીના કોઈ વ્યવસાયમાં વધારે આવક થતી હોય તે પશુપાલનની છે. તે પછી મજૂરી, નોકરી અને અન્ય વ્યવસાયોની આવકો જોવા મળે છે.

કોઠા નં. ૪.૮

જમીનના કદ પ્રમાણે ધંધાવાર આવક-કુટુંબદીઠ, માથાદીઠ

| ક્રમ | જમીનનું કદ | ખેતીની આવક | પશુપાલન | ખેતમજૂરી | નોકરી | અન્ય આવક બહિકામ અંબર | કુટુંબદીઠ કુલ આવક | માથાદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦.૦થી ૨.૫ | ૩૦૫૧.૧ | ૧૨૬૭.૧ | ૩૦૦.૦ | ૩૪૨.૯ | ૭૧.૫ | ૪૦૮૪.૦ | ૭૫૨.૪ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૪૦૦૦.૦ | ૯૨૨.૨ | ૨૬૧.૧ | - | ૩૩.૩ | ૪૧૫૧.૧ | ૮૧૨.૧ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૫૩૦૦.૦ | ૫૬૦.૦ | ૪૭૦.૦ | - | ૧૭૦.૦ | ૫૦૨૪.૬ | ૭૮૫.૦ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૭૦૫૦.૦ | ૪૬૬.૭ | ૧૧૬.૭ | - | ૧૦૦.૦ | ૬૩૯૬.૭ | ૯૫૯.૫ |
| ૫. | ૧૦.૦થી ૧૫.૦ | ૮૬૫૦.૦ | ૮૭૫.૦ | ૫૦૦.૦ | - | - | ૮૧૬૨.૫ | ૨૭૨૦.૮ |
| ૬. | ૧૫.૦થી વધારે | ૯૧૦૦.૦ | ૪૮૦૦.૦ | ૩૦૦.૦ | - | - | ૯૮૩૯.૦ | ૧૨૩૧.૧ |
| ૭. | નાપ્રિ જમીન નથી | ૨૮૦૦.૦ | ૧૦૦૦.૦ | - | - | ૧૫૦.૦ | ૩૯૫૦.૦ | ૫૬૨.૩ |
| ૪ | કુલ કુટુંબદીઠ | ૪૭૯૪.૬ | ૯૬૧.૪ | ૨૯૧.૦ | ૮૫.૭ | ૭૫.૦ | ૪૯૮૧.૨ | ૮૮૮.૩ |
| | ટકા | ૭૭.૨૪ | ૧૫.૪૮ | ૪.૯૯ | ૧.૩૮ | ૧.૨૧ | ૧૦૦.૦ | - |
| | એકરદીઠ | ૯૭૮.૭ | ૧૯૬.૨ | ૫૯.૫ | ૧૭.૫ | ૧૫.૩૧ | ૧૦૧૬.૮ | ૮૮૮.૪ |

મજૂરીના વ્યવસાયની આવક ૨૯૧૦ રૂપિયાની છે. પરંતુ તેમના ઉપરના ઓછી જમીન ધરાવતા ૦થી ૨.૫ એકર, ૨.૫થી ૫.૦ એકર અને ૫.૦થી ૭.૫ એકરવાળા ગ્રુપોમાં જ મજૂરીની આવકો વિશેષ જોવા મળે છે. એટલે ઓછી જમીન ધરાવતા કુટુંબોમાં કુટુંબકદ વધારે હોય ત્યારે ખેતી ઉપરાંત આ મજૂરીનો વ્યવસાય કરવો પડે છે. આ મજૂરી બધા ને રોજગારી આપતી નથી.

અહીં જંગલ મજૂરીનો પ્રમાણ બિલકુલ જોવા મળતું નથી. એટલે તેના કોઈ વ્યવસાયમાંથી તેમને આવક પ્રાપ્તિ થતી નથી. આ સિવાય તેમને નોકરી, અન્ય અx મજૂરી મળી છે જે કોઠામાં દર્શાવ્યા પ્રમાણે જણાઈ હતી.

માથાદીઠ આવકની રીતે જોઈએ તો ૧૦.૦થી ૧૫.૦ એકર જમીન ધરાવતા ગ્રુપના કુટુંબોની માથાદીઠ આવક ૨૭૨૦.૮ રૂપિયા છે. જે સૌથી વધારે છે. આ ગ્રુપની માથાદીઠ આવક સૌથી ઊંચી હોવાનું કારણ અન્ય ગ્રુપ કરતાં આ ગ્રુપના કુટુંબનું કદ સૌથી નાનું છે. સમગ્ર તપાસના કુટુંબોની માથાદીઠ સરેરાશ આવક કરતાં ૧થી ૭.૫ એકર સુધીના જમીન ધરાવતા કુટુંબોની આવકનું પ્રમાણ નીચુ છે. જ્યારે બાકીના ત્રણ ગ્રુપોની માથાદીઠ આવકનું પ્રમાણ કુલ માથાદીઠ સરેરાશ આવક કરતાં વધારે છે. માત્ર જેને નામે જમીન નથી એવા એક કુટુંબની માથાદીઠ આવકનું પ્રમાણ સૌથી ઓછુ જણાયુ છે. માથાદીઠ આવક રૂ.૮૮૮.૩ છે. આથી દૈનિક માથાદીઠ આવક માત્ર ૫.૬૬ની થાય છે. તોરણિયાના તપાસના કુટુંબોની માથાદીઠ આવક ઓછી હોવાનું મુખ્ય કારણ કુટુંબનું કદ મોટું છે. અને ખેતી સિવાય આવક મેળવવાની કોઈ મહત્વનો ધંધો નથી. કુલ આવકમાંથી ખેતીના ધંધામાંથી થતી આવક ૭૭.૨૪% છે. બીજા નંબરે સહાયક એવા પશુપાલનના ધંધામાંથી માત્ર ૪.૬૯% છે. જ્યારે નોકરીમાંથી ૧.૩૮% અને અન્ય આવકોનું પ્રમાણ ૧.૨૧%નું છે.

<u>મજૂરી :</u>

દરેક આદિવાસી વિસ્તારોમાં જુદા જુદા પ્રકારની મજૂરીમાંથી સહાયક આવકો મેળવવામાં આવે છે. કારણ કે તેમનો મહત્વનો ધંધો ખેતી છે અને આ ખેતીમાંથી મળતી આવકો ઘણી ઓછી છે. એટલે તેમને પોતાની પ્રાથમિક જીવન જરૂરિયાતો માટે અનેક નાના મોટા ધંધાઓમાં ખેતમજૂરી, જંગલમજૂરી, બાંધકામ, નજીકના કારખાનામાં છૂટક મજૂરી વગેરે ગણાવી શકાય. પહેલાં અહીં જંગલ મજૂરી મળતી હતી છેલ્લા કટલાક વખતથી જંગલ સાફ થઈ જવાથી તે મજૂરી સદંતર બંધ થઈ ગઈ છે. અત્યારે તેમને ખેતમજૂરી, બાંધકામ મજૂરી, છૂટક મજૂરી, અંબર ચરખાની મજૂરી મળે છે.

તોરણિયાનાં પસંદ કરાયેલાં કુટુંબોમાં મહત્વનો ધંધો ખેતી છે. છતાં મજૂરીના ધંધાનું મહત્વ ખૂબ છે. કારણ કે તોરણિયાની આસપાસ જંગલ નથી. એટલે જંગલ મજૂરી મળતી નથી. ઉપરાંત જંગલની આવકનું પ્રમાણ ભાગ્યે જ જોવા મળે છે. એટલે તેમાંથી મજૂરી મળતી નથી. ખેતીમાં જમીનનું પ્રમાણ વ્યકિતદીઠ ખૂબ નીચું એટલે ખેતમજૂરીની શકયતાઓ નથી. જે મળે છે તે ખૂબ ઓછી છે. આ વિસ્તારમાં તેમને રસ્તા, રાહત, તળાવ, કૂવા, બાંધકામ મજૂરી મળે છે તે પણ અનિયમિત હોય છે. મળે તો ખૂબ દૂર જવું પડે અને તે પણ દરરોજ મજૂરી મળતી નથી. દરેક વર્ષે પણ આ પ્રકારના તળાવ, કૂવાનાં કામો હોતા નથી. એટલે મજૂરીની આવકની કોઈ નિશ્ચિતતા હોતી નથી.

પશુપાલન :

તોરણિયામાં આદિવાસી કુટુંબોમાં ઢોરની સંખ્યા પહેલાં સારા પ્રમાણમાં હતી. પરંતુ વચ્ચે એકાદ બે દુષ્કાળમાં તેમની પાસેની ઢોરની સંખ્યા ખૂબ ઘટી જવા પામી છે. પશુઓના ખોરાકમાં અહીં તેમના પાકતા પાકોમાંથી મકાઈ તથા અન્ય જુવાર જેવા પાકોનું ઘાસ અને સહેજ જંગલ વિસ્તારમાંથી મળતું ઘાસ છે. આ ઘાસ પણ પૂરતા પ્રમાણમાં મળતું નથી. એટલે ઢોરો જંગલ વિસ્તારમાં આખો દિવસ ચારે છે તેથી ઢોરોને પૂરતું ઘાસ નહીં મળવાથી ઢોર નબળાં માયકાંગલાં હોય છે. જેમાંથી થતું ઉત્પાદન પણ ખૂબ ઓછું હોય છે. સાથે સાથે જમીન ઓછી હોવાથી તેમાંથી પણ ઢોરો માટેનું ઘાસ ઓછું મળે છે. અહીં તેમની તેના કારણ કુટુંબદીઠ એકાદ બળદ છે. પરંતુ બીજાં ઢોરો ઓછા છે. તોરણિયાનાં તપાસનાં કુટુંબોમાંથી કુટુંબદીઠ ઢોરનું પ્રમાણ ૭.૩૬નું છે. જેમાંથી બળદ, ભેંસ, ગાય અનુક્રમે જોઈએ તો કુટુંબદીઠ સરેરાશ ૦.૯૩, ૦.૧૭ અને ૦.૩૨નું પ્રમાણ છે.

કોઠા નં. ૪.૯

પશુધન

| ક્રમ | પશુની જાત | સંખ્યા | કુટુંબદીઠ સરેરાશ |
| --- | --- | --- | --- |
| ૧. | બળદ | ૨૬ | ૦.૯૩ |
| ૨. | ગાય | ૯ | ૦.૩૨ |
| ૩. | ભેંસ | ૫ | ૦.૧૭ |
| ૪. | બકરાં | ૪૭ | ૧.૬૮ |
| ૫. | વાછરડા, વાછરડી પાડા, પાડી | ૮ | ૦.૨૯ |
| ૬. | મરઘાં | ૧૧૧ | ૩.૯૬ |

આ પશુધનમાંથી બળદ માત્ર ખેતીકામના ઉપયોગમાં આવે છે. જયારે ગાય, ભેંસ, મરઘાં, બકરાં દ્વારા તેઓ થોડી ઘણી કમાણી કરે છે. જો કે તપાસનાં કુટુંબોમાંથી તોરણિયામાં પશુ વ્યવસાયમાંથી થતી આવકનું પ્રમાણ કુટુંબદીઠ સરેરાશ ૯૫૭.૯ રૂપિયાનું છે. જો પશુદીઠ આ ઉત્પાદન જોઇએ તો ખૂબ જ ઓછું આવે છે. જો કે ઉત્પાદન ઓછું હોવા માટેના કારણો આપણે જોયા કે ઘાસચારો અપૂરતો છે. તદુપરાંત ઢોરની માવજત, બજારનો અભાવ તેમનામાં જોવા મળતી ઢોર ઉપરની અજ્ઞાનતા મહદ્દંશે જોવા મળે છે.

<u>અન્ય વ્યવસાયો :</u> (બાંધકામ, સિમેન્ટ ફેકટરીમાં મજૂરી )

ગામમાંથી બીજી કોઇ રીતે આવક પ્રાપ્તિ થતી હોય તો તે છે બાંધકામ મજૂરી,(રોડ તળાવ, કૂવો) એ સિવાય નજીકમાં આવેલી શ્રી રામ, શ્રી અંબિકા અને રાધાકિશન સિમેન્ટ ફેકટરીઓની મજૂરીની આવક છે. એ સિવાય બીજા એવા કોઇ વ્યવસાયો કે ઉદ્યોગો અહીં નથી કે તેમને મજૂરી આપી શકે.

<u>નિર્વાહ ખર્ચ :</u>

આ વિસ્તારોમાં મુખ્ય પાક મકાઇ છે. એટલે ખોરાકમાં બીજા વિસ્તારોની જેમ સવાર સાંજ બારે માસ મકાઇનો ઉપયોગ કરે છે. એ સિવાય કઠોળનો ઉપયોગ કરે છે. બાકી ચટણી સાથે ખાય તે છે. મળે તે શાકભાજી ઉગાડીને ખાય છે.

મરઘાં, બકરાં, સસલાંના માંસનો તેઓ ઉપયોગ કરે છે. ખાસ કરીને મરઘાં અને તેનાં ઇંડાનો ઉપયોગ વધુ છે. શિકાર ઓછો મળે છે. એટલે સસલાંનું માંસ મળે ત્યારે ખાય છે.

એ સિવાય દૂધનો ઉપયોગ ચા માટે કરે છે. સાથે ખાંડ, ગોળનો ઉપયોગ કરે છે. ખોરાકમાં તેલનો ઉપયોગ પણ નજીકના સંપર્કને કારણે વધ્યો છે.

તેઓની ઓછી આવકને કારણે ખોરાક તથા જરૂરી કપડાં પાછળનું ખર્ચ કરવું પડે છે. તે સિવાય બીજું કોઇ મહત્વનું ખર્ચ તેઓ કરી શકતા નથી.

કુલ ખર્ચના ૫૩.૦% ખોરાક પાછળની ચીજવસ્તુઓ માટે ખર્ચ કરે છે. તોરણિયાના તપાસનાં કુટુંબો કુલ ખર્ચના ૨૫.૭% જેટલું ખર્ચ તો માત્ર અનાજનું છે. દૂધ, ઘી પાછળના ખર્ચનું પ્રમાણ ૨.૭% છે. જે ઘરમાં ભેંસ કે ગાય દૂધ દેતી હોય છે તેને ત્યાં બાળકો અને મોટાઓ (ચા)માં દૂધનો ઉપયોગ કરે છે. ચા પાછળનો ખર્ચ ખૂબ નજીવો છે. શાકભાજી મહદ્દંશે વાડામાં ઉગાડેલા જ ખાય છે. છતાં પણ તેનો ઉપયોગ છેલ્લાં વર્ષોમાં વધ્યો છે.

કોઠા નં. ૪.૧૦

વાર્ષિક નિર્વાહ ખર્ચ (કુટુંબદીઠ અને ટકામાં)

| વિગત | કુટુંબદીઠ | ટકા |
|---|---|---|
| અનાજ | ૧૩૮૨.૧ | ૨૫.૪ |
| શાકભાજી | ૨૧૯.૬ | ૪.૦ |
| માંસ ઈંડાં | ૪૭૩.૨ | ૮.૭ |
| દૂધ ઘી | ૧૪૩.૭ | ૨.૭ |
| ખાંડ | ૫૫.૬ | ૧.૦ |
| ગોળ | ૧૬૦.૬ | ૨.૯ |
| તેલ | ૨૯૬.૫ | ૫.૪ |
| ચા કોફી | ૬૪.૧ | ૧.૧ |
| ગરમ મસાલા | ૧૦૧.૭ | ૧.૮ |
| દારૂ | ૩૮૭.૫ | ૭.૧ |
| તમાકુ, બીડી | ૩૩૩.૯ | ૬.૧ |
| વીજળી | ૩૧.૨ | ૦.૬ |
| દિવાબત્તી | ૨૦.૮ | ૦.૪ |
| અન્ય ફળ વગેરે | ૧૩.૯ | ૦.૩ |
| મુસાફરી | ૧૧૦.૫ | ૨.૧ |
| કપડાં | ૬૪૪.૬ | ૧૧.૮ |
| પગરખાં | ૫૩.૦ | ૦.૯ |
| શિક્ષણ | ૪૨.૩ | ૦.૮ |
| દવા દારૂ | ૭૦.૬ | ૧.૨ |
| અન્ય ખર્ચ | ૭૨.૩ | ૧.૩ |
| સામાજિક ખર્ચ | ૭૫૮.૦ | ૧૩.૯ |
| કુલ | ૫૪૨૫.૮ | ૧૦૦.૦૦ |

ખાંડ કરતાં ગોળ પાછળનો ખર્ચ વધુ હોય છે. કારણ કે આ ખાંડ રેશનકાર્ડ પર મળતી હોય છે. અને આમુખ તેઓ ગોળનો ઉપયોગ વધુ કરે છે. શાકભાજીનો ઓછો વપરાશ છતાં દાળનો ખોરાક વધવાથી તેલનો ખર્ચ તેઓમાં વધતો જોવા મળે છે. તેઓ પાસે આજે પણ રોકડા પૈસા ન હોય તો મકાઈ, તુવેર, ઘઉંના સાટામાં તેલ લઈ આવતા હોય છે. માંસ, ઈંડાના ખોરાકને કારણે પણ તેલ પાછળનો ખર્ચ વધુ જોવા મળે છે.

મસાલા એ એમના રોજીંદા જીવનમાં ખોરાકમાં ખૂબ મહત્વના ગણાય છે. તેમના ખોરાકમાં મરચું અથવા બીજી તીખી ચટણી અવશ્ય હોય છે. આ તેમનો ખોરાક પાછળની ચીજવસ્તુઓનો અને બીજી જીવન જરૂરિયાતો પાછળનો નિર્વાહ ખર્ચ કોઠા નં. ૪.૧૦માં દર્શાવ્યા પ્રમાણે છે.

તેમનો કુટુંબદીઠ ખોરાક પાછળનો સરેરાશ ખર્ચ રૂ. ૨૮૯૭.૧ રૂપિયાનો છે. પરંતુ માથાદીઠ આ ખર્ચ ૨૪૬ રૂપિયાનો છે. આમ એક વ્યક્તિને વર્ષ દરમિયાન ખોરાકની બધી વસ્તુઓ માટે ૨૪૬ રૂપિયાનો ખર્ચ કરી પૂરી કરવાની હોય છે. જેમાં દૂધ, ઘી, તેલ, શાકભાજી, મસાલા પાછળનું ખર્ચ ખૂબ ઓછું હોય છે. એટલે તેમને મકાઈ, જુવારના ખોરાકથી પેટ ભરવાનું હોય છે. બીજી ખોરાકી ચીજવસ્તુઓનો ઉપયોગ તેઓ કરી શકતા નથી.

તમાકુ, બીડી અને દારૂના વ્યસન પાછળ પણ સારો એવો ખર્ચ તેઓ કરે છે. ઘરના બધા જ બીડી, તમાકુ અને દારૂ પીએ છે. બીડી વેચાતી લાવવાને બદલે કેટલાક જાતે બનાવી કે ચુંગીમાં તમાકુ પીતે છે.

મુસાફરીનું ખર્ચ પણ પહેલાં કરતાં વધ્યું છે. પહેલા ચાલીને જતા હતા આજે વાહનવ્યવહાર વધવાથી તેઓ તેનો ઉપયોગ કરે છે. તેઓનું કપડાં પાછળનું ખર્ચ ખૂબ ભારે છે. પુરુષો કરતાં સ્ત્રીઓનાં કપડાં પાછળનું ખર્ચ વધુ હોય છે.

આ સિવાય બીજું મોટું ખર્ચ સામાજિક ખર્ચાઓ પાછળનું હોય છે. એ સિવાય દવા, દારૂ, સાબુ મોજશોખના પગરખાં, શિક્ષણ પાછળના ખર્ચાઓ હોય છે. પરંતુ ખૂબ ઓછા હોય છે. આમ આવક કરતાં ખર્ચાઓ જે કુટુંબના વધારે હોય છે તેવાં કુટુંબોને દેવાની સ્થિતિમાં મૂકાઈ જવાની ફરજ પડે છે. વધુ માહિતી આવક અને ખર્ચની કોઠા નં. ૪.૧૧માં આપી છે.

કોઠા નં.૪.૧૧

જમીનના પ્રમાણમાં આવક અને ખર્ચ

| જમીનનું પ્રમાણ | ક્રમ | કુલ આવક | કુલ ખર્ચ | ટેવાની શિસ્તિવાળા |
|---|---|---|---|---|
| ૦૦થી ૨.૫ | ૧ | ૨૮૭૦ | ૩૭૯૦ | |
| | ૨ | ૫૩૦૦ | ૫૬૦૦ | |
| | ૩ | ૩૯૪૦ | ૪૮૫૦ | |
| | ૪ | ૨૮૩૫ | ૨૯૨૦ | |
| | ૫ | ૩૧૯૮ | ૩૪૨૫ | |
| | ૬ | ૫૦૮૫ | ૬૧૧૫ | |
| | ૭ | ૫૩૬૦ | ૪૮૦૫ | |
| ૨.૫થી ૫.૦ | ૮ | ૪૩૧૫ | ૪૫૮૦ | |
| | ૯ | ૬૦૮૫ | ૫૩૬૫ | |
| | ૧૦. | ૩૧૧૦ | ૩૧૬૦ | |
| | ૧૧ | ૪૬૮૦ | ૪૬૫૫ | |
| | ૧૨ | ૩૫૪૫ | ૩૪૦૫ | |
| | ૧૩ | ૩૪૦૫ | ૫૯૪૦ | |
| | ૧૪ | ૪૭૬૫ | ૫૪૮૦ | |
| | ૧૫ | ૩૭૦૫ | ૪૨૦૫ | |
| | ૧૬ | ૪૬૭૦ | ૪૯૦૦ | |
| ૫.૦થી ૭.૫ | ૧૭ | ૪૪૨૦ | ૬૪૭૫ | |
| | ૧૮ | ૪૩૦૦ | ૩૬૯૦ | |
| | ૧૯ | ૬૦૧૦ | ૭૩૭૫ | |
| | ૨૦ | ૭૭૮૮ | ૮૬૧૦ | |
| | ૨૧ | ૨૬૦૫ | ૩૯૮૫ | |
| ૭.૫થી ૧૦.૦ | ૨૨ | ૫૭૬૦ | ૭૪૦૦ | |
| | ૨૩ | ૬૫૨૦ | ૭૨૦૦ | |
| | ૨૪ | ૬૯૪૦ | ૬૪૨૫ | |
| ૧૦.૦થી ૧૫.૦ | ૨૫ | ૯૮૦૦ | ૭૬૩૦ | |
| | ૨૬ | ૬૫૨૫ | ૬૮૪૦ | |
| ૧૫.૦થી વધારે | ૨૭ | ૯૮૪૯ | ૯૬૮૫ | |
| નામ જમીન નથી | ૨૮ | ૩૦૪૦ | ૪૪૨૦ | |

| કુલ આવક | કુલ ખર્ચ |
|---|---|
| ૧૩૯૪૭૫ | ૧૫૧૯૩૦ |
| (૪૯૮૧.૨) | (૫૪૨૬.૦) |

આવક પ્રમાણે ખર્ચનું પ્રમાણ :

૦ નપાસના તોરણિયાનાં કુટુંબોનું કુટુંબદીઠ સરેરાશ ખર્ચ ૫૪૨૬.૦ રૂપિયાનું છે. પરંતુ ૦.થી ૨.૫ અને ૨.૫થી ૫.૦ એકર ગ્રુપ જમીન ધરાવતા કુટુંબોનું કુટુંબદીઠ સરેરાશ ખર્ચ અનુક્રમે ૪૫૦૦.૭ રૂપિયા અને ૪૬૩૨.૨ રૂપિયાનું છે. જ્યાં વધારે જમીન ધરાવતા ઓછા એવા કુટુંબોવાળા ગ્રુપમાં ૧૦.૦થી ૧૫.૦ અને ૧૫ થી વધારે એકર જમીન ધરાવતા વિભાગમાં કુટુંબદીઠ સરેરાશ ખર્ચ અનુક્રમે ૭૨૩૫.૦ રૂપિયા અને ૯૬૮૫.૦ રૂપિયાનું છે. એટલે વધારે જમીન ધરાવતા ઓછા કુટુંબોનું ખર્ચનું પ્રમાણ વિશેષ છે.

કુટુંબદીઠ આવકનું પ્રમાણ ૪૯૮૧.૨ રૂપિયાનું છે. જ્યારે કુટુંબદીઠ ખર્ચનું પ્રમાણ ૫૪૨૬.૦ રૂપિયાનું છે. આમ આવક કરતાં ખર્ચનું પ્રમાણ ૪૪૪.૮ રૂપિયાનું વધારે છે. માથાદીઠ આવકનું પ્રમાણ ૮૮૮.૩ રૂપિયાનું છે. જ્યારે માથાદીઠ ખર્ચનું પ્રમાણ ૯૬૭.૭ રૂપિયાનું છે. આથી માથાદીઠ આવક કરતાં ખર્ચ ૭૯.૪ વધારે છે.

કોઠા નં.૪.૧૨

દેવાના સાધન પ્રમાણે દેવાનું વર્ગીકરણ

| સાધન | દેવાદાર કુટુંબ સંખ્યા | દેવાની રકમ (રૂ.) |
|---|---|---|
| શાહુકાર | ૨ | ૧૫૦૦ |
| મંડળી | ૧ | ૧૧૦૦ |
| ગ્રામીણ વિકાસ બેંક | ૧૨ | ૪૯૧૦૦ |
| કુલ | ૧૫ | ૫૧૭૦૦ |

કોઠા નં.૪.૧૩

દેવાના હેતુ પ્રમાણે વર્ગીકરણ

| દેવાનો હેતુ | દેવાદાર કુટુંબો | દેવું (રૂ.) |
|---|---|---|
| ખેતી માટે (કુવા-એન્જીન | ૮ | ૩૫૬૦૦ |
| ધંધા દુકાન | ૧ | ૫૦૦૦ |
| સામાજિક ખર્ચ | ૨ | ૧૫૦૦ |
| પશુઓ માટે | ૪ | ૯૬૦૦ |
| કુલ | ૧૫ | ૫૧૭૦૦ |

**દેવું :**

આવકો ઘણા કુટુંબોની ઓછી હોવાને કારણે અને કેટલીકવાર નિર્વાહ ખર્ચ અને અન્ય ખર્ચાઓનું પ્રમાણ આવક કરતાં પણ વધારે હોવાને લીધે દેવું કરવાની આવશ્યકતા ઉભી થાય છે. તેમનું કરેલું દેવું ઉત્પાદકીય અને બિનઉત્પાદકિય જોવા મળે છે. જો કે ઉત્પાદકીય વધુ છે. જેમાં ખેતી પાછળ, ધંધા અને પશુઓ પાછળ કરેલું દેવું- રોકાણ ઉત્પાદકીય અને સામાજિક ખર્ચાઓનું દેવું બિન ઉત્પાદકીય છે.

તપાસનાં ૨૮ કુટુંબોમાંથી જેટલાં કુટુંબોએ દેવાની રકમ અને તેની પાછળનો હેતુ સાધન પ્રમાણે બતાવ્યો હતો તેટલા કુટુંબોની માહિતી કોઠા નં. ૪.૧૨ અને ૪.૧૩માં દર્શાવ્યા પ્રમાણે હતી. તપાસનાં કેટલાક કુટુંબોએ દેવું હોવા છતાં તેમણે બતાવવાનો ઈન્કાર કર્યો હતો. તેની માહિતી આપી શકાઈ નથી. પરંતુ આવક ખર્ચના કોઠા નં.૪.૧૧માં દર્શાવ્યા પ્રમાણે જોવાથી કેટલાંક કુટુંબો આવક કરતાં વધુ ખર્ચ કરતાં હતાં. જેમને નાનુ મોટું દેવું કર્યું હશે. પરંતુ કોનું કેટલું છે તે જણાવ્યુ નહોતું.

**મિલકત :**

તપાસના તોરણિયા ગામમાં પણ બીજા સમાજોની જેમ મિલકત એ ઘણું મહત્વનું કહી શકાય એવું સાધન છે. તેમાંય જેની પાસે જમીનની મિલકત હોય તેનો માન મોભો હોય છે. કુલ મિલકતના ૪૯.૦૭% મિલકતો જમીનની જ હતી. જે કુટુંબો વધારે જમીન ધરાવતા હોય છે તેવા કુટુંબોની મિલકતનું પ્રમાણ વધારે હોય છે. તેની ભિન્ન ઓછી મિલકત ધરાવતા કુટુંબો પાસે જમીન રૂપિ મિલકતનું પ્રમાણ ઓછું હોય છે.

તપાસનાં કુટુંબોમાં જમીનરૂપી મિલકતનું પ્રમાણ સૌથી વધુ ૧૮૭૭૭.૮ રૂ.નું છે. પરંતુ ૦થી ૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબો પાસે ૪૮૦૦૦.૦ રૂપિયાની જમીન મિલકત છે. જમીન ઘણી જગ્યાએ ગામમાં સારી જગ્યાએ અને સિંચાઈની સગવડવાળી હોવાથી એકરદીઠ જમીનના ભાવ વધતા જતા જોવા મળે છે. જમીન ઉપર વસ્તીનું ભારણ હોઈ અછત જોવા મળે છે. તેથી પણ તેના ભાવ સારા મળે તેમ છે.

જમીન સિવાયની મિલકતોમાં ઘર, ખેતીનાં સાધન, પશુઓ, વૃક્ષો, ઘરેણાં, વાસણ, ઘરવખરી વગેરે હોય છે. જે કોઠા નં. ૧.૧૪માં દર્શાવ્યા પ્રમાણે જોવા મળી હતી. આ કુલ મિલકતોમાં જમીન મિલકત ૪૯.૦૭% છે. જ્યારે ખેતીનાં સાધન (કુવા-એન્જીન) ૨૦.૦૭% જેટલાં છે. જે સિંચાઇ વધવાથી તેમાં સતત વધારો થયો છે. એ સિવાય બાકીની મિલકતોમાં ઘરની ૧૭.૩૬%ની છે. બાકી બીજી જાણવા મળેલી મિલકતોમાં વાસણ, ઘરવખરી અને ઘરેણાં જેવી મિલકતોનું પ્રમાણ ખૂબ ઓછું છે. ,રની સ્થિતિમાં કોઇ ફેરફાર થયા નથી. છતાં આજની કિંમતે તે મિલકતની કિંમત માત્ર વધી હોય તેમ જોવા મળે છે. ઘરેણાંમાં ખાસ કરીને ચાંદી-કથીરનું પ્રમાણ વધારે છે. સોનાનાં ઘરેણાં આજે પણ ઓછા જ ધરાવે છે.

કોઠા નં. ૪.૧૪

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ મિલકતનું વર્ગીકરણ

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | કુલ જમીન એકર-ગુંઠા | જમીન | ઝાડ | ઘર | પશુઓ | ખેતીનાં સાધન | વાસણ | ઘરવખરી | ઘરેણાં | કુટુંબદીઠ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦.૦થી ૨.૫ | ૭ | ૧૧.૩૮ | ૫૭૧૪.૩ | ૭૬૪.૩ | ૩૮૫૭.૧ | ૧૮૩૮.૩ | ૮૬૮૧.૪ | ૧૯૨.૯ | ૨૩૮.૭ | ૩૦૭.૧ | ૨૧૫૯૫.૧ |
| ૨.૫થી ૫.૦ | ૯ | ૨૯.૦૬ | ૧૪૩૩૩.૩ | ૯૮૩.૩ | ૬૩૩૩.૩ | ૨૯૫૧.૭ | ૬૫૭૮.૯ | ૨૨૪.૭ | ૨૪૪.૩ | ૫૮૮.૯ | ૩૨૨૩૮.૪ |
| ૫.૦થી ૭.૫ | ૫ | ૩૧.૧૯ | ૨૩૦૦૦.૦ | ૧૨૮૦.૦ | ૮૦૦૦.૦ | ૨૯૬૨.૦ | ૭૩૫૪.૦ | ૨૦૭.૪ | ૨૬૪.૪ | ૭૪૦.૦ | ૪૩૮૦૭.૮ |
| ૭.૫થી ૧૦.૦ | ૩ | ૨૨.૦૮ | ૩૩૩૩૩.૩ | ૬૩૩.૩ | ૮૬૬૬.૭ | ૨૧૩૦.૦ | ૫૨૩૫.૦ | ૨૨૮.૩ | ૩૯૬.૩ | ૧૩૬૬.૭ | ૫૧૯૮૯.૭ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૨ | ૨૬.૭૧ | ૩૭૫૦૦.૦ | ૮૫૦.૦ | ૮૦૦૦.૦ | ૩૦૭૫.૦ | ૬૨૨૦.૦ | ૩૩૫.૦ | ૪૦૨.૦ | ૧૩૫૦.૦ | ૫૭૭૩૨.૦ |
| ૧૫.૦થી વધુ | ૧ | ૧૬.૧૫ | ૪૦૦૦૦.૦ | ૫૦૦.૦ | ૧૨૦૦૦.૦ | ૭૬૬૦.૦ | ૧૯૨૪૫.૦ | ૩૪૫.૦ | ૧૯૦.૦ | ૧૨૦૦.૦ | ૮૯૧૪૦.૦ |
| જમીન નામે નથી | ૧ | - | - | ૧૫૦.૦ | ૪૫૦૦.૦ | ૩૫૪૦.૦ | ૩૧૮૦.૦ | ૨૩૦.૦ | ૨૧૨.૦ | ૪૦૦.૦ | ૧૨૨૧૨.૦ |
| કુલ કુટુંબદીઠ | ૨૮ | ૧૩૭.૧૭ | ૧૮૭૭૭.૮ | ૮૮૭.૫ | ૬૫૭૭.૯ | ૨૭૮૫.૪ | ૭૪૦૪.૩ | ૨૨૬.૩ | ૨૯૦.૯ | ૬૬૮.૨ | ૩૬૮૯૭.૭ |
| ટકા | - | ૫.૦૮ | ૪૯.૦૭ | ૨.૪૧ | ૧૭.૬૬ | ૭.૫૫ | ૨૦.૦૭ | ૦.૬૧ | ૦.૭૩ | ૧.૮૯ | ૧૦૦.૦૦ |

## પ્રકરણ - ૫

## ૧૯૮૯ માં આદિવાસીઓમાં દેખાતાં પરિવર્તનો

આગળનાં પ્રકરણોમાં ૧૯૮૯માં તપાસમાં લીધેલ કુટુંબોની આર્થિક સામાજિક સ્થિતિ શું છે તે જોયું. આ ચાલુ પ્રકરણમાં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસની તુલનાત્મક સ્થિતિના વર્ણન પરથી તોરણિયા ગામમાં વસતા આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તનનો ખ્યાલ આવે છે. આગળના ૧૯૬૯ના અભ્યાસમાં ૫૯ આદિવાસી કુટુંબોનો અભ્યાસ થયો હતો. ૧૯૭૯માં સર્વેક્ષિત ૫૯ કુટુંબોમાંથી ૪૩ કુટુંબોનો અભ્યાસ થયેલો જ્યારે ૧૯૮૯ માં ૪૩ અભ્યાસનાં કુટુંબોમાંથી ૧૫ કુટુંબના વડા ગુજરી ગયા હતા. એટલે ૨૮ કુટુંબોનો અભ્યાસ થઇ શક્યો છે.

આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તનો જોતાં પહેલાં તોરણિયા ગામ જે ૧૯૬૯ અને ૧૯૭૯માં હતું તેના કરતાં અત્યારે કેવું છે ? એટલે કે તેમાં કેવા કેવા ફેરફાર થયા છે તે જોઇએ.

**ગામમાં આવેલ પરિવર્તન :**

તોરણિયા ગામ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલું છે. તોરણિયા વિશે એવી દંતકથા છે કે પ્રથમ 'તોરણિયા'નું નામ ગામનું નહોતું, બીજું કંઇ હતું. ગામમાં જાગીરદાર આવેલ તેમને તે ગામ અટપટુ લાગેલ તેથી તોરણિયા રાખેલ. જાગીરદારના માનમાં પાડાને મારીને તેનું તોરણ બાંધેલ. એટલે તોરણિયા નામ રાખેલ. તોરણિયા આજે છે તેનાથી ઘણું મોટું હતું. જેનાં ૬ ફળિયાં હતાં. જેના પરથી રેવન્યુ વ્યવસ્થા ચાલતી હતી. આજે તોરણિયા જૂના ફળિયાઓના બનેલા ૬ ફળિયાંઓની વચ્ચે છે. જેના તોરણિયાનાં આજે પાંચ ફળિયાં છે. જે અત્યારે અલગ ગામ તરીકે ઓળખાય છે. ગામ પાસેથી હડાદ દાંતા રસ્તા ઉપર જ આવેલું છે. તોરણિયા હડાદથી ૫ કિ.મી. પર આવેલું છે. અંબાજી ખેડબ્રહ્મા ઉપરના મુખ્ય ડામર માર્ગ ઉપર હડાદ આ વિસ્તારનું પ્રથમ ગામ છે. દાંતા હડાદ, ખેડબ્રહ્મા રસ્તા પર ઘણી બસો અને બીજો વાહનવ્યવહાર છે. વાહનવ્યવહારની આ સગવડને કારણે વિશાળ પાયા પર પરિવર્તન આવ્યું છે. તોરણિયા નજીકનું જ ગામ હોઇ આ વાહનવ્યવહારને કારણે સારી પરિસ્થિતિમાં મૂકાયું છે. એને કારણે વિકાસ ક્ષેત્રના કર્મચારીઓ પણ સહેલાઇથી અહીં આવે છે.

ગામની પાસે ૫ કિ.મી.ના અંતરમાં શ્રી જગદંબા, શ્રી રામ અને અને રાધાકૃષ્ણ સિમેન્ટ ફેકટરીઓ ચાલે છે. અને નજીકમાં આરસ બનાવતી કામગીરી પણ ચાલે છે. એટલે વાહનવ્યવહારનું અને રોજગારીની સુવિધાઓ વધી છે.

ગામનાં કુટુંબો પોતાની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની ખરીદી માટે ભાગે હડાદથી કરે છે. ગામમાં ત્રણ દુકાનો છે. તેમાં બે આદિવાસી કુટુંબો અને એક બ્રાહ્મણ કુટુંબ દુકાન ધરાવે છે. દુકાનોમાં પાન, બીડી, ચા, ખાંડ, ચોકલેટ અને બીજી સામાન્ય ગોળ કે પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ મળે છે. બાકીનો હડાદથી ખરીદીને લાવે છે. ગામના પાણી માટે ઘણા બધા કૂવાઓ પોતાની માલિકીના લોકો ધરાવે છે. પરંતુ છેલ્લા દાયકામાં ૯ જેટલા હેન્ડપંપ ગામના દરેક ફળિયાઓમાં થયા છે. જેમાં ૪ પંપ બંધ અને ૫ ચાલુ હાલતમાં છે. જયારે ગામ લોકો પીવાનું પાણી ઉપરાંત ઢોરોને પાણી પાય છે. અને બીજા વપરાશમાં પણ લે છે.

ગામમાં વીજળી છેલ્લા (૧૯૮૮) વર્ષથી છે. ગામના ત્રણ ફળિયામાં વીજળીના થાંભલા છે. આ ત્રણ ફળિયામાં જે આદિવાસી કુટુંબો છે તેમને ઘણાએ પોતાને ત્યાં વીજળી લીધી છે.

આ ઉપરાંત ગામમાં એક દળવાની ઘંટી ગામની નિશાળના શિક્ષકને ત્યાં ચાલે છે. તેમની પાસે જ સાયકલ છે. ગામમાં સહકારી કે બીજી કોઇ મંડળી નથી. રેડિયો પણ માત્ર શિક્ષકને ત્યાં જ છે.

ગામમાં પ્રાથમિક શાળા છે. જેમાં ૧થી ૪ ધોરણ સુધીની સુવિધા છે. જેમાં એક માત્ર શિક્ષક છે. તેમાં ધોરણ કે શિક્ષકમાં વધારો થયો નથી. છતાં શાળાનું મકાન કાચું હતું તે અત્રે પાકું મકાન છે. સાથે મધ્યાહ્ન ભોજનનું પાકું મકાન છે. જેને કારણે નિશાળમાં છોકરાઓની સંખ્યા પહેલાં કરતાં વધવા પામી છે. ૧૯૮૯ની ધોરણવાર છોકરાઓની સંખ્યા જે અભ્યાસમાં આંકડાઓ મળ્યા મુજબ ૧થી ૪ ધોરણમાં ૪૧ છોકરા અને ૩૦ છોકરીઓની સંખ્યા હતી. જે ૧૯૭૧.

આમ તપાસનાં ગામોમાં અગાઉની તપાસ કરતાં કુટુંબના વડાના મૃત્યુ થવાથી ઓછાં કુટુંબો તપાસમાં છે. અભ્યાસના એના એ જ કુટુંબોમાં ૧૯૬૯ની જેમ ૧૯૭૯ના અભ્યાસ વખતે સંયુકત કુટુંબોની સંખ્યા વધવા પામી હતી. જે હાલની ૧૯૮૯ના અભ્યાસની કુટુંબોની

સ્થિતિ જોઇએ તો સંયુકત કુટુંબોની સંખ્યા ઘટવા પામી છે. નીચેના કોઠામાં તે અંગેના આંકડાઓ આપ્યા છે. તે જોતાં ખ્યાલ આવશે કે ૧૯૬૯ની સંયુકત કુટુંબોની ટકાવારી ૪૬.૫૧% હતી, જે વધીને ૧૯૭૯માં ૬૯.૬૭%ની થવા પામી હતી. જે ઘટીને ૧૯૮૯માં ૩૯.૨૯%ની થઇ હતી. એ જ રીતે વિભકત કુટુંબોની ટકાવારી ૧૯૬૯માં ૫૩.૪૯%ની હતી. ઘટીને ૧૯૭૯માં ૩૦.૩૩%ની થઇ હતી. જે વધીને ૧૯૮૯માં ૬૦.૭૧% જેટલી એટલે કે ભવડી થઇ છે. આમ સંયુકત-વિભકત કુટુંબોની વધઘટ પાછળ તેમની જમીન મિલકત ભેગી પરંતુ ચૂલા જુદા હોવાથી બને છે. એટલે તેના પરથી ખ્યાલ આવે છે કે મોટા ભાગનાં કુટુંબો પોતાની જાતને વિભકત રાખવાનું પસંદ કરતાં હતાં.

કોઠા નં.૫.૧

કુટુંબના પ્રકાર પ્રમાણે વહેંચણી (ટકામાં)

| પ્રકાર | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| સંયુકત | ૪૬.૫૧ | ૬૯.૬૭ | ૩૯.૩૯ |
| વિભકત | ૫૩.૪૯ | ૩૦.૩૩ | ૬૦.૭૧ |
| કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

૧૯૬૯ અને ૧૯૭૯ના વર્ષના આંકડા જોતાં માલુમ પડે છે કે કુટુંબના કદમાં કોઇ ઝાઝો ફેરફાર થયો નથી. પરંતુ (૧૯૮૯) હાલના અભ્યાસમાં કુટુંબ કદમાં ફેરફાર નોંધાયો છે. કોઠા નં. ૫.૨ કુટુંબ કદની માહિતી છે. તોરણિયા ગામમાં મોટાં કુટુંબોની સંખ્યા વિશેષ હતી. અહીં નાના ૧થી ૩ની સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા વધવા પામી છે. જયારે ૧૧થી ઉપરની સંખ્યા ધરાવતું એક પણ કુટુંબ રહેવા પામ્યું નથી. ૭થી ૯ની સંખ્યા ધરાવતા કુટુંબોની ૧૯૭૯માં સંખ્યા વધવા પામી છે. આના પરથી જોઇ શકાય છે કે મોટાં કુટુંબોમાંથી લગ્ન થવાથી અને વિભકત કુટુંબોમાં રહેવાનું પસંદ કરવાથી નાનાં કુટુંબોની સંખ્યા વધવા પામી છે.

કોઠા નં.૫.૨

કદ પ્રમાણે કુટુંબોની વહેંચણી (ટકામાં)

| ક્રમ | પ્રથી કદ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | ૧થી ૩ | ૬.૯૮ | ૨.૩૩ | ૨૫.૦૦ |
| ૨. | ૪થી ૬ | ૩૯.૫૩ | ૩૭.૨૧ | ૩૫.૭૧ |
| ૩. | ૭થી ૯ | ૩૦.૨૩ | ૩૪.૮૮ | ૩૯.૨૯ |
| ૪. | ૧૦થી ઉપર | ૨૩.૨૬ | ૨૫.૫૮ | - |
| | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આમ ૧૦થી ઉપરની સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબો ૧૯૮૯મા રહેવા પામ્યાં નથી. ઉલટું ૧થી ૩ની સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબો ૧૯૬૯માં ૬.૯૮% અને ૧૯૭૯માં ૨.૩૩% હતાં જે વધીને ૧૯૮૯માં ૨૫.૦૦ % થવા પામ્યાં છે. આમ ઓછી સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબોની સંખ્યા વધવા પામી છે. ૪થી ૬ અને ૭થી ૯ની વધુ સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબો પણ ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં વધવા પામ્યાં છે. આમ ઓછી સભ્યસંખ્યાવાળાં કુટુંબો વધવા પાછળ છોકરીઓનાં વધુ લગ્નો અને એક કુટુંબમાંથી લગ્ન બાદ જુદા થવાનું પ્રમાણ વધવા કદાચ આ બન્યું છે.

તોરણિયા ગામની વૈવાહિક દરજ્જાની પરિસ્થિતિ અંગેના કોઠા નીચે આપ્યા છે. એ જોતાં ખ્યાલ આવશે કે ૧૯૭૯માં જે કેટલાંક સ્ત્રી પુરુષોની ગણતરી અપરિણીતોમાં હતી તેમના ઘણા પરિણીત ગણતરીમાં છે. ૧૯૬૯માં અપરિણિત પુરુષો ૫૬.૬૮% હતા અને સ્ત્રીઓ ૫૬.૮૮% હતી જે ૧૯૮૯માં ૫૨.૯૮% અને સ્ત્રીઓ ૫૦.૦% હતી જે ૧૯૮૯માં જોઈએ તો અપરિણીત પુરુષોની સંખ્યા ૫૮.૭૦%ની છે. એટલે વધવા પામી છે. જ્યારે અપરિણી સ્ત્રીઓની સંખ્યા ૪૪.૬૨% છે. એટલે કે ઘટવા પામી છે.

કોઠા નં.૫.૩

વૈવાહિક દરજ્જા પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓ (ટકામાં)

| વૈવાહિક દરજ્જો | ૧૯૬૯ | | ૧૯૭૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| પરિણીત | ૪૨.૭૬ | ૪૦.૬૨ | ૪૪.૬૪ | ૪૮.૭૨ | ૩૯.૧૩ | ૫૫.૩૮ |
| અપરિણીત | ૫૬.૫૮ | ૫૬.૮૮ | ૫૨.૯૮ | ૫૦.૦૦ | ૫૮.૭૦ | ૪૪.૬૨ |
| વિધવા | - | ૨.૫૦ | - | ૧.૨૮ | - | - |
| વિધુર | ૦.૬૬ | - | ૨.૩૮ | - | ૨.૧૭ | - |
| કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આ રીતે પરિણીત પુરુષોની સંખ્યા ૧૯૭૯ અને ૧૯૭૯માં જોઇએ તો ૧૯૭૯માં વધવા પામી હતી. જે ૧૯૮૯માં ઘટવા પામી છે. જ્યારે પરિણીત સ્ત્રીઓની સંખ્યા ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની ત્રણ તપાસમાં ઉત્તરોત્તર વધવા પામી છે.

વિધવાઓનું પ્રમાણ ૧૯૭૯ અને ૧૯૭૯ની તપાસવેળા ઓછું પણ જોવા મળ્યું હતું. જે હાલ ૧૯૮૯માં જોવા મળ્યું નથી. વિધુરોનું પ્રમાણ ૧૯૭૯માં જેટલું જ લગભગ ૧૯૮૯માં જણાયું છે.

છેલ્લાં વીસ વર્ષોમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓના લગ્નનું પ્રમાણ સતત વધવા પામ્યું છે. વિધવા વિધુરના પ્રમાણમાં જોઇએ તો વિધવા કોઇ જણાઇ નથી. એટલે કે ૧૯૬૯ અને ૧૯૭૯માં જે વિધવાની સંખ્યા જાણવા મળી હતી તે કદાચ મરી ગઇ હોય કે લગ્ન કરી લીધા હોય એમ બને. વિધુરનું પ્રમાણ ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં વધવા પામ્યું હતું. જે ૧૯૮૯માં ૧૯૭૯ જેટલું જ જણાયું છે. એટલે કે પુરુષો કરતાં સ્ત્રીઓનાં મૃત્યુ કદાચ વહેલાં થતાં હોય એમ લાગે છે.

ભૌતિક સંપત્તિની રીતે જોઇએ તો ૧૯૬૯ અને ૧૯૭૯ દરમિયાન ઝાઝો તફાવત નોહોતો. એ જ રીતે ૧૯૮૯માં પણ જે પ્રકારના આગળની બંને તપાસમાં ઘરો હતાં એવાં કાચાં ઘરો હતાં. હાં થોડાં ઘરોમાં હવા ઉજાસ માટેની સુવિધાઓ વધી છે. તેમજ કેટલાંક ઘરોમાં ઢોરને

અલગ બાંધવાની સગવડો ઊભી કરી છે. ઘરની આજુબાજુ વાંસની વાડો હતી જે અત્યારે વાંસને બદલે બોર કાંટા કે બીજા મળતાં લાકડાથી વાડો બનાવે છે. ઘરડા પુરુષો અને સ્ત્રીઓના પોશાક બદલાયેલા જોવા મળતા નથી. પરંતુ યુવાન સ્ત્રી પુરુષોના પોશાક બદલાયેલા છે. તેઓ પાયજામો, ટુંકા પેન્ટ, બુશર્ટ, શર્ટ, સ્ત્રીઓ સાડી, બોડીસ, ઘાઘરો વગેરે પહેરે છે. ૧૯૬૯, ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં પગરખાં પાછળ ખર્ચ કરે છે એટલે તેનો વધુ ઉપયોગ કરે છે. યુવાનો રૂઢિગત ઘરેણાં કાન, હાથ, કેડના છોડી અને ઘડિયાળ, કડુ, નકલ ચેઇન, વીંટી પહેરે છે. ૧૯૬૯ અને ૧૯૭૯માં સ્ત્રીઓ હાંસડી પહેરતી હતી જે ૧૯૮૯માં કેટલીક સ્ત્રીઓ હાંસડી વગરની જોવા મળે છે. યુવાન છોકરીઓ-સ્ત્રીઓ નવાં પાઉડર, કાયજપ્લાસ્ટીકની બંગડીઓ વાપરતી અને પહેરતી થઇ છે.

આમ નોરખિયા ગામમાં ત.મની રોજીંદી અનેક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર નહીં પણ કેટલીક બાબતોમાં ફેરફાર અવશ્ય થયા છે. જે ૧૯૬૯ અને ૧૯૭૯ની સાલમાં જોવા મળ્યા નહોતા સવારે ઉઠીને પહેલાં દળતા હતા અને ઘંટીએ જઇ દળાવી આવે છે. પહેલાં કૂવે પાણી ભરવા જતા હવે હેન્ડપંપ નજીકમાં જઇ ભરી આવે છે. નાહવાં કપડાં અને સ્નાનવિધિ કૂવે જ કરી લેતી અને તેઓ ઘરે જ કે પંપ ધોવાનું કે સ્નાન કરવાનું રાખે છે. નવરાશના સમયમાં ગમે ત્યાં બેસી ન રહેતા સ્ત્રીઓ કે પુરુષો બેબર ચરખો કાંતવાનું રાખે છે. જે ૧૯૬૯ અને ૧૯૭૯માં પ્રવૃત્ત રહેતા નહોતા જે એક શક્ય બન્યું છે. આમ ૧૯૬૯, ૧૯૭૯ કરતાં કેટલીક નવીન પ્રવૃત્તિઓ જોવા મળે છે. તેમનો મુખ્ય ધંધો ત્રણ વર્ષની તપાસ વેળાએ ખેતી જ રહેવા પામ્યો છે. ખેતીવાડીમાં પહેલાંની બંને તપાસ વેળા કરતાં ૧૯૮૯ની તપાસ વખતે ખૂબ સારી પ્રગતિ તેની સિંચાઇ અને નવીન પાકોની ઉપજને કારણે રહેવા પામી છે. આ છેલ્લાં વીસ વર્ષમાં આ ખેતીવાડી સંબંધે કેટલું પરિવર્તન આવ્યું છે તે જોઇએ.

આગળ દર્શાવ્યું છે તેમ ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં ખૂબ ઓછાં કુટુંબો અભ્યાસમાં લઇ શકાયાં છે. કારણ આગળની બંને તપાસ કરતાં છેલ્લીમાં માત્ર ૨૮ આદિવાસી કુટુંબોનો અભ્યાસ શક્ય બન્યો છે. જે આગળની તપાસમાં હતા એવા ૩૧ કુટુંબો તેના વડાઓ ગુજરી જવાથી અભ્યાસમાં લીધા નથી. શક્ય બનેલાં ૨૮ કુટુંબોમાંથી તેમની જમીનધારકતા અને તેમની માલિકીની જમીનનું કદ નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણે છે.

સેન્સસ મુજબ માત્ર ૯ પુરુષો જ અક્ષરજ્ઞાનવાળા હતાં. જ્યારે ૧૯૮૧માં તે વધીને ૩૩ પુરુષો અને એક સ્ત્રી અક્ષરજ્ઞાનવાળા નોંધાયા હતા. એટલે કે ૧૯૮૯માં ૭૧ જેટલાં બાળકો શાળામાં અભ્યાસ કરતા હતાં. એટલે અક્ષરજ્ઞાન લેનારની સંખ્યા વધવા પામી છે.

આમ ગામમાં પ્રાથમિક સુવિધાઓનો વધારો થયેલો જોવા મળે છે. જેમાં પાણી, વાહનવ્યવહાર, વીજળી, શાળા વગેરે સુવિધાઓ વધી છે.

આદિવાસી કુટુંબોમાં આવેલું પરિવર્તન :

૧૯૬૯માં તોરણિયા ગામમાંથી ૫૯ આદિવાસી કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં. આજ કુટુંબોની સ્થિતિ ૧૯૭૯અને ૧૯૮૯માં નીચે પ્રમાણે રહી હતી.

કોઠા નં. ૫.૪

| વર્ષ | મૃત્યુ પામેલ | નપાસમાં કુલ કુટુંબો | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૧૯૬૯ | - | ૫૯ | ૫૯ |
| ૧૯૭૯ | ૧૬ | ૪૩ | ૫૯ |
| ૧૯૮૯ | ૧૫ | ૨૮ | ૫૯ |

ઉપરોક્ત કોઠા પરથી જોઇ શકાશે કે છેલ્લાં વીસ વર્ષના ગાળામાં પ્રથમ થયેલ ૫૯ કુટુંબોમાંથી ૩૧ (૫૨.૫૪%) કુટુંબોના વડાનું મૃત્યુ થયું છે.

કોઠા નં.૫.૫

| ક્રમ | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૦.થી ૨.૫ | ૭ | ૨૫.૦૦ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૯ | ૩૨.૧૪ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૫ | ૧૭.૮૭ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૩ | ૧૦.૭૧ |
| ૫. | ૧૦.૦થી ૧૫.૦ | ૨ | ૭.૧૪ |
| ૬. | ૧૫.૦થી વધારે | ૧ | ૩.૫૭ |
| ૭. | જમીન નામે નથી | ૧ | ૩.૫૭ |
| | કુલ | ૨૮ | ૧૦૦.૦૦ |

ઉપરના આંકડાકીય ચિત્રથી ખ્યાલ આવે છે કે ૭૫% ૨૧ કુટુંબો ૦થી ૨.૫થી ૭.૫ એકર સુધીની કુલ ૭૨.૨૩ એકરજમીન ધરાવે છે. બાકીના ૨૧.૪૨% ૬ કુટુંબો ૬૫.૫૪ એકર જમીન ધરાવે છે. માત્ર એક કુટુંબ પાસે નાવે જમીન નથી. હજુ પણ કેટલાંક કુટુંબો સિંચાઈની પૂરી સવગડના અભાવે ખાડા ટેકરાવાળી જમીન હોવાથી અને પૂરતા ખેતીના સાધનોના અભાવે પૂરતી ઉપજ મળવી શકતાં નથી. છતા ઘણાને સિંચાઈને કારણે છેલ્લા દાયકામાં એકરદીઠ ઉત્પાદન વધવા પામ્યુ છે.

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની સરેરાશ જમીન ધારકતા નીચના કોઠામાં બતાવી છે.

કોઠા નં: ૫.૬

| વર્ષ | સરેરાશ જમીન ધારકતા (એકરમા) | કુટુંબ સંખ્યા |
| --- | --- | --- |
| ૧૯૬૯ | ૩.૭૦ | ૫૯ |
| ૧૯૭૯ | ૪.૫૪ | ૪૩ |
| ૧૯૮૯ | ૪.૯૦ | ૨૮ |

આમ કોઠા પરથી જોઈ શકાય છે કે ૧૯૬૯માં સરરાશ જમીન ૩.૭૦ એકર હતી. ૧૯૭૯માં સરેરાશ જમીન ૪.૫૪ એકર હતી. આમ જ દાયકામાં સરરાશ જમીન ઘટી છે. જ્યારે ૧૯૮૯માં સરેરાશ જમીન ૪.૯૦ એકર જોવા મળી છે. એટલે ખેતીની સરેરાશ જમીન ઉત્તરોત્તર વધવા પામી છે.

એ જ રીતે ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં જુદા જુદા જમીનના કદ પ્રમાણે જમીનો જોવા મળી હતી તે નીચે મુજબ હતી.

કોઠા નં.૫.૭

જુદા જુદા કદ પ્રમાણે કુટુંબોની કુલ જમીન (એકરમાં)

| જમીનનું કદ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ | કુટુંબ સંખ્યા (ટકામાં) ૧૯૬૯-૭૯ | ૧૯૮૯ |
| --- | --- | --- | --- | --- | --- |
| ૦૦થી ૨.૫ | ૨૫.૩૧ | ૧૦.૩૯ | ૧૦.૩૮ | ૧૬.૨૭ | ૧૯૮૮૯ |
| ૨.૫થી ૫.૦ | ૩૦.૧૬ | ૨૯.૧૬ | ૨૯.૦૬ | ૧૮.૬૬ | ૩૨.૧૪ |
| ૫.૦થી ૭.૫ | ૫૫.૦૭ | ૬૦.૨૫ | ૩૧.૧૯ | ૨૩.૨૫ | ૧૭.૮૭ |
| ૭.૫થી ૧૦.૦ | ૩૭.૧૪ | ૩૯.૨૮ | ૨૨.૦૮ | ૧૧.૬૨ | ૧૦.૭૧ |
| ૧૦.૦થી૧૫ | ૩૦.૩૬ | ૩૮.૧૫ | ૨૬.૭૧ | ૬.૯૬ | ૭.૧૪ |
| ૧૫.૦થી ઉપર | ૩૫.૧૦ | ૧૬.૧૫ | ૧૬.૧૫ | ૨.૩૨ | ૩.૫૭ |

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ જમીન, કુટુંબના ટકા .

| જમીન ધારણનું કદ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ | ૧૯૬૯-૭૯ બંનેમાં | ૧૯૮૯ |
|---|---|---|---|---|---|
| ૦.૦થી ૨.૫ | ૨૫.૩૧ | ૧૦.૩૯ | ૧૧.૩૮ | ૧૬.૨૭ | ૨૫.૦૦ |
| ૨.૫થી ૫.૦ | ૩૦.૧૬ | ૨૯.૧૬ | ૨૯.૦૬ | ૧૮.૬૬ | ૩૨.૧૪ |
| ૫.૦થી ૭.૫ | ૫૫.૦૭ | ૬૦.૨૫ | ૩૧.૬ | ૨૩.૨૫ | ૧૭.૮૭ |
| ૭.૫થી ૧૦ | ૩૬.૧૪ | ૩૯.૨૮ | ૨૨.૦૮ | ૧૧.૬૨ | ૧૦.૭૧ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૩૦.૩૬ | ૩૮.૧૫ | ૨૬.૭૧ | ૬.૯૬ | ૭.૧૪ |
| ૧૫.૦થી ઉપર | ૩૫.૧૦ | ૧૬.૧૫ | ૧૬.૧૫ | ૨.૩૨ | ૩.૫૭ |
| જમીનવિહોણા | ૩.૩૯ | - | - | ૨૦.૯૨ | ૩.૫૭ |
| કુલ | ૨૧૮.૩૩ | ૧૯૫.૧૨ | ૧૩૬.૫૭ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| કુટુંબદીઠ સરેરાશ | ૩.૭૦ | ૪.૫૪ | ૪.૦૦ | - | - |

આમ ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની પૂર્ણ તપાસ વખતે જુદા જુદા કદ પ્રમાણે કુટુંબોની કુલ જમીન જોવા મળી હતી. તેમાં જમીનધારણના કદ પ્રમાણે કેટલા ટકા કુટુંબો કેટલી જમીન ધરાવતા હતા તે કોઠા નં.      માં દર્શાવ્યા પ્રમાણે હતું. જેમાં ૦.૦થી ૨.૫ એકરથી ૫.૦ એકરના કદ સુધીમાં જમીન ધરાવતા વધારેમાં વધારે કુટુંબો ૧૯૮૯ની તપાસ વખતે જોવા મળ્યા હતા. એટલે જમીન ધરાવનારની સંખ્યા ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં આ ૦થ. ૨.૫ થી ૫.૦ એકરસુધીમાં વધવા પામી છે. એટલે જમીનના ટૂકડા વધ્યા છે. બાકીની જમીન ધારકતામાં ખાસ મોટો તફાવત જમીન કદ અને કુટુંબ સંખ્યામાં જોવા મળતો નથી. માત્ર ૫.૦થી ૭.૫ એકરનું જમીન કદ ધરાવતા કુટુંબો પાસે જમીનનું પ્રમાણ ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં ઘટવા પામ્યું છે. એ જ રીતે ૭.૫ થી ૧૫ એકરના ગ્રુપમાં પણ જમીન પ્રમાણ ઘટ્યું છે.

પાકની દૃષ્ટિએ ગામમાં ૧૯૬૯, ૧૯૭૯ માં મકાઈનો મુખ્ય પાક હતો. તે જ રહેવા પામ્યો છે. આ સિવાય ખરીફ પાકોમાં કપાસ અને જુદા જુદા કઠોળ ચણા, અડદ, તુવેર, ઘઉં વગેરે પાકો લે છે. કપાસનો પાક ૧૯૬૯માં નહોતો તે ૧૯૭૯માં શરૂ કર્યો હતો. જે આજે ૧૯૮૯માં ઓછો થઈ જવા પામ્યો છે. નવા પાકમાં રાયડાની ખેતી છેલ્લાં ૫ વર્ષથી થાય છે. શેરડીનું વાવેતર ૧૯૭૯માં થયું હતું તે આજે રહેવા પામ્યું નથી. ૧૯૬૯ અને ૧૯૭૯ની સરખામણીમાં ઘઉં,

રાયડાનો પાક વધુ નજરે જોવા મળતો હતો. સિંચાઇને લાગે વળગે છે ત્યાં સુધી ગામ આજુ બાજુના ગામો કરતા વધુ સારી સ્થિતિ ધરાવે છે. મીરાંવાસ તળાવનું પાણી કેટલાક ખેડૂતો લે છે. એ સિવાય ગામના લગભગ બધા જ ખેતરમાં કૂવાની સગવડ છે. પરંતુ ગામના કેટલાક લોકોના કહેવા પ્રમાણે છેલ્લાં ચાર પાંચ વર્ષથી મીરાંવાસ તળાવમાં પાણી ઘણું ઊંડું હોઇ સિંચાઇ તે પાણીથી ઓછી થાય છે. જે લોકો ૧૯૬૯ અને ૧૯૭૯માં કૂવા પર કોસ કે રેંટથી પાણી કાઢીને સિંચાઇ કરી હતી તેમને આજે કૂવા પર ઓઇલ એન્જીન મૂક્યાં છે. જેઓ ખાતરનો ઉપયોગ ખૂબ ઓછો કરતા હતા તેઓ આ સિંચાઇને લીધે ઘઉં વગેરે પાકોમાં વધુ ખાતર વાપરતા થયા છે.

આજે તેમની ખેતીવાડીની સ્થિતિ સારી હોવા છતાં તેમની આર્થિક પરિસ્થિતિ ખરેખર હોવી જોઇએ તેટલી સારી નથી. આ સ્થિતિ માટે તેઓ પોતે જવાબદાર છે કે કેમ કે તેઓ બિનજરૂરી ખર્ચાઓ કરે છે. જેમ કે મરીમસાલા જેવી રોજ વપરાશની ચીજો રોજરોજ ખરીદવી, કપડાંની પાછળનો વધુ ખર્ચ, રોજરોજ ઘણા દારૂના વ્યસન પાછળ ખર્ચાઓ વગેરે તેમની સંપૂર્ણ કમાણીને તેઓ વેડફી દે છે. આ બધા ખર્ચાઓ પાછળ રોકડા પૈસા ન હોય ત્યારે જે અનાજ હોય તેના સાટામાં તેઓ લે છે. એટલે આવે વખતે દુકાનદાર કે જે તે વસ્તુવાળાઓ અનાજના પૈસા ઓછા આંકી માલના પૈસા પ્રમાણમાં વધુ લઇ લે છે. પોતે પકવેલું અનાજ ઓછી કિંમતે આપે છે અને વધારે કિંમતે જરૂર પડે ત્યારે લઇ આવે છે. આ રીતે તેઓ લૂંટાય છે. વેપારીઓ પહેલેથી ખેડૂતના માલની કિંમત ઓછી આંકી પાછા માલ ખેડૂતનો લે એટલે પાકના ભાવ બજારમાં ખેડૂતને ઓછા મળે છે. તેમ છતાં ખેડૂતો નૈતિક રીતે જોઇએ તો વેપારી કરતાં સારા કહેવાય. તેવો માલનો સોદો કરે અગાઉ પરંતુ વધુ ભાવ આવતા ફરી જતા નથી.

આ ઉપરાંત તેઓ સામાજિક, ધાર્મિક પ્રસંગોએ કરવાના ખર્ચાઓ માટે વેપારી પાસેથી અવાર નવાર પૈસા લે છે. કન્યા વિક્રયની દહેજની કિંમત ૧૯૬૯માં ૨૦૦થી ૩૦૦ જેટલી હતી તે ૧૯૭૯માં ૧૦૦૦ જેટલી થઇ હતી જે ૧૯૮૯માં ૪૦૦૦થી ૫૦૦૦ ઉપર જેટલી થઇ છે. ઉપરાંત ઘરેણાં આપવા પડે છે. આમ છેલ્લાં ૨૦ વર્ષમાં તેની કિંમત ઘણી વધી જવા પામી છે. અ અહીં જાણવા મળ્યા મુજબ અધિકારીઓનું શોષણ પણ ચાલુ જ છે. તેઓ પૈસા વગર કામ કરતા જ નથી. જેમાં ગામના સરપંચ, તલાટી પણ સામેલ હોય છે. તેવું તપાસ દરમિયાન લોકો કહેતા હતા. તેમના અંગત ઝઘડાઓના નિકાલ માટે પણ પૈસા ક્યારેક લેવાય છે.

આવાં ઘણાં બધાં કારણોસર ખેતીની પેદાશ સિંચાઈની સગવડ વગેરેમાં નોંધપાત્ર સુવિધાઓ હોવા છતાં વીસ વર્ષનો સમય પસાર થયો હોવા છતાં તોરણિયા ગામના લોકોની આર્થિક પરિસ્થિતિમાં જોઈએ તેટલો સુધારો કે વિકાસ જોઈ શકાતો નથી. આ માટે તેમની ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ના દેવાની પરિસ્થિતિ અંગેના આંકડા તપાસે તો ખબર પડે કે તોરણિયા ગામમાં કુટુંબોનું કુલ દેવું ૧૯૬૯માં ૧૧૮૬૦ અને ૧૯૭૯માં ૩૭૦૫૦ રૂપિયાનું અને ૧૯૮૯માં તે ૫૧૭૦૦ રૂપિયાનું થયું. આ વીસ વર્ષમાં પાંચગણા જેટલું અને છેલ્લા દસ વર્ષમાં [illegible] દોઢ ગણા કરતાં વધુ દેવું છે.

....

## અભ્યાસ આધારિત

## પ્રશ્નો, તારણો અને સૂચનો

૧૯૮૯માં તોરણિયા ગામની પુનઃતપાસ કરી, તપાસ દરમિયાન ગામના આગેવાનો, કુટુંબના વડાઓ અને અવલોકનથી જે કંઈ પ્રશ્નો જોવા, જાણવા મળ્યા તેને અહીં બે વિભાગમાં મૂકયા છે. (૧) ગામ સંબંધના પ્રશ્નો અને (૨) આદિવાસી કુટુંબોના પ્રશ્નો.

આ પ્રશ્નોમાં પાયાની સુવિધાઓને લગતા પ્રશ્નો સાથે બીજા કેટલાક પ્રશ્નો લીધા છે.

(૧) <u>પીવાનું પાણી :</u>

પીવાના પાણી માટે ગામનાં કેટલાંક ફળિયામાં હજુ હેન્ડપંપ ચાલુ નથી. એટલે જયાં ચાલુ છે ત્યાંથી બીજા ફળિયે પાણી લેવા કે કપડાં ધોવા, ઢોર પાવા જવું પડે છે. જો હેન્ડપંપ કે કેટલાક કૂવા પથ્થર આવવાથી નકામા પડયા છે તેને થોડી કાળજી લઇ ચાલુ કરાવાય તો ગામના આવા બે ત્રણ ફળિયાના કુટુંબોને પાણી પ્રશ્ન ન રહે.

(૨) <u>રહેઠાણ :</u>

તોરણિયામાં ૧૯૭૯ની તપાસ સમયે ૮૨ કુટુંબો હતાં, જે ૧૯૮૯માં ૧૧૯ થયાં છે. એ રીતે વસવાટ માટેની જમીન વધતી નથી. રહેઠાણની સમસ્યા કેટલાકને સતાવે છે. હવે ગામ અને ફળિયાવાર રહેઠાણ છે ત્યાં આજુબાજુ મકાનો બનાવી રહી શકાય એમ નથી. ઘણા ડુંગર પર ઘર બાંધી વસ્યા છે. ઉપરાંત ઘરોની સ્થિતિ હજુ સુધરી નથી. કાચાં અને સુવિધા વિનાનાં છે. અહીં જંગલના લાકડાનો પ્રશ્ન પણ તેમને માટે વિકટ બન્યો છે.

(૩) <u>જાહેર આરોગ્ય :</u>

ગામમાં ડોકટર કે દવાખાનું નથી. બધા જ હડાદથી દવા લાવે. કારણ કે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી સિમેન્ટ ફેકટરી, આરસની ફેકટરીમાં ગામના ઘણા જાય છે. જેમનું આરોગ્ય કેવું હોય છતાં કોઇ જાહેર આરોગ્ય કેન્દ્રની સુવિધા હજુ ગામના કાચા મેટલ રોડને કારણે મળતી નથી. મેલેરિયાગ્રસ્ત વિસ્તાર હોઇ ઘણા તાવથી પિડાય પણ કરે શું.

(૪) રસ્તા :

તોરણિયા ગામનો હડાદ-દાંતાને જોડતો રસ્તો ૧૯૭૯થી હજુ પણ મેટલવાળો જ રહેવા પામ્યો છે. ગામની નજીકમાં નદી ઉપર પૂલ કે મોટું નાળુ ન હોવાથી ચોમાસે હડાદ જવા મુશ્કેલી પડે છે. અને હડાદ બધા જ કામો માટેનું તેમનું સેન્ટર છે. ગામ જુદા જુદા ફળિયામાં વસ્યું હોઈ ડુંગરના પગદંડીવાળા રસ્તા સહાયે ગામમાં છે. એટલે એ તો સુધારી શકાય તેમ નથી. ત્યાં કુટુંબના બધા જ ચાલીને જ જાય છે. મોટા ભાગના ગામના ફળિયામાં રસ્તા જ નથી.

૨. આદિવાસી કુટુંબોના પ્રશ્નો :

તોરણિયાનાં આદિવાસી કુટુંબો પાયાની સુવિધાઓ વસવાટની રીતે અને આર્થિક રીતે મુશ્કેલીવાળી સ્થિતિમાં છે. તેમના મુખ્ય પ્રશ્નો નીચે મુજબ છે.

(૧) રહેઠાણ :

આ કુટુંબો માટે રહેઠાણનો પ્રશ્ન જેમ જેમ કુટુંબોની સંખ્યા વધતી જાય છે તેમ તેમ વિકટ બનતો જાય છે. તેમનું રહેઠાણ ડુંગરની ધારે, ઉપર કે સહેજ નીચેના ભાગે હોય છે. ઘરમાં માત્ર બારણાં જોવા મળે. હવા ઉજાસ માટે બારી હોતી નથી. તેમજ માળિયા દેખાય જેમાં થોડી વસ્તુઓ હોય. એ સિવાય બહુ સારી સ્થિતિમાં ઘરો જોવા મળતાં નથી. હજુ પણ પરંપરાગત નળિયાંવાળાં, કાચી ભીંતોવાળાં રહેઠાણો છે. તેમાં પણ અગાઉ જંગલમાંથી લાકડું મળતું બંધ થવાથી નવું સમારકામ કેટલાંયે વર્ષોથી થયું લાગતું દેખાતું નથી. એટલે રહેઠાણની જમીન ઉપરાંત ઘર બાંધવાનો સામાન પણ અગાઉ જે સહેજ મળતો હતો તે બંધ થયો છે.

(૨) ખેતીની જમીન :

ગામમાં વસતાં કુટુંબો પાસે એટલે કે અહીં ઉપરાંત પાસે સરેરાશ બે કે ત્રણ એકર જમીન છે. અને તે વળી ડુંગરની ધારે ટેકરા ઉપર જ્યાં જમીનનું ધોવાણ થાય છે ત્યાં. તેમાંયે કુટુંબ કદ સરેરાશ ૫ નું હોઈ તેના ઉપર જીવનનિર્વાહ કરવો કેટલો કપરો બને એ તો વિચાર ખ્યાલ આવે તેમ નથી, અનુભવે જ ખ્યાલ આવી શકે કે કેમ જીવનનિર્વાહ કરાતો હશે. આ તો જમીનની વાત થઈ તેમાંય વરસાદ ઓછો પડે, અનિયમિત આવે, સાથે કેટલાકને સિંચાઈ-ની સુવિધા નથી. કેટલાક પાસે પૂરતા ખેતીના ઓજારો કે બિયારણો નથી. પછી કેવી રીતે ખેતીનું વધુ ઉત્પાદન લઈ શકાય.

(૩) સિંચાઇ :

ગામમાં ઘણાં કુટુંબોને કૂવા-એન્જીન છે. તો ઘણા પાસે માત્ર જ સૂકી ખેતી છે. કારણ ઢોળાવવાળી જમીનમાં માત્ર વરસાદથી જ ખેતી કરવી પડે. સિંચાઇ પણ પૂરતા પાણીના અભાવે કૂવામાંથી બે ચાર કલાક ચલાવી માંડ બે ત્રણ અંતર સિંચાઇ કરી શકે છે. તળાવ દર વર્ષે ભરાતું નથી. એટલે સિંચાઇ માટે તેનું પાણી પણ દર વર્ષે મળતું નથી. એટલે પાક નિષ્ફળ પણ જાય છે.

(૪) મજૂરી :

જે કુટુંબો પાસે ઓછી જમીન છે તેવાં બધાં કુટુંબોને મજૂરી કરવી પડે છે. પરંતુ ખેતમજૂરી ખૂબ જ ઓછી મળે છે. તેવાં કુટુંબોના કેટલાક સભ્યો સિમેન્ટ ફેક્ટરીમાં કે ઈંટકામ મજૂરીમાં જાય છે. અને મજૂરી મેળવી જીવનનિર્વાહ ગોઠવે છે. મજૂરીના દર પણ ઓછા છે. ૬-૭ રૂપિયા મળે છે.

(૫) વીજળી :

તોરણિયામાં છેલ્લા બે માસથી (૧૯૯૦) માં વીજળી મળી છે. તેમાંય માત્ર બે ફળિયાંના થોડા કુટુંબોમાં થાંભલા ફાળવ્યા હોઇ તે કુટુંબો વીજળી મેળવી શક્યા છે. બાકી ત્રણ ફળિયામાં વીજળી મળી નથી. જાહેર થાંભલે લાઇટ હોતી નથી. ગામમાં કેટલાંય કુટુંબો વીજળીનો લાભ ખર્ચે લઇ શકે તેમ નથી એટલે એ રહી જ જવાના.

(૬) શિક્ષણ :

ગામમાં વર્ષોથી પ્રાથમિક શાળામાં ૧થી ૪ ધોરણ જ ચાલે છે. છતાં અભ્યાસ વખતે વિદ્યાર્થીઓની સંખ્યા સારી જોવા મળી હતી. જે સારું લક્ષણ છે. નિશાળનું પાકું મકાન છે જ નહોતું. પરંતુ વર્ષોથી એક શિક્ષક ચાર ધોરણ લે છે. એ ક્યારે માળખું બદલાશે ખ્યાલ નથી. શિક્ષણ લેનાર છોકરા વધ્યા છે પરંતુ ઘણા સગવડના અભાવે ચાર ધોરણથી તો ઘણા સણોસી કે હડાદ જઇ સાત ધોરણથી ઉઠી જાય છે. છતાં છેલ્લા દાયકામાં ધોરણ ૭થી ૧૦ સુધી ઘણા છોકરા ભણ્યા છે.

તારણો :

૧. ગામનાં કેટલાંક ફળિયાના કુટુંબોને પીવાનાં પાણીની અછત પણ મુશ્કેલી પડે છે. ઉનાળો ની ખાસ હોય છે.

૨. ગામના લગભગ બધા જ કુટુંબો પાસે કાચાં મકાનો છે. કેટલાય મકાનો ખૂબ જ અગવડવાળા હવા ઉજાસ વિનાના, નીચાં અને મરામતના વાંકે પડે તેવાં છે. છતા તેમાં વસવાટ છે.

૩. મનોરંજનનું કોઇ સાધન ગામમાં નથી. આખા ગામમાં એક કુટુંબને ત્યાં રેડિયો છે. બીજાં કોઇ સાધનો નથી.

૪. ગામનાં બે જ ફળિયામાં વીજળીના થાંભલા છે. ત્યાં વસતાં કુટુંબોમાં જ વીજળી જોડાણ છે. આખા ગામમાં ૧૫ જેટલાં કુટુંબોને ત્યાં લાઇટ છે. જો કે વીજળી હમણાં જ (૧૯૯૦) ગામમાં મળી છે.

૫. શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. પરંતુ અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઘણું છે. ગામની શાળામાં વર્ષોથી ૧થી ૪ ધોરણ સાળા અને એક શિક્ષક છે.

૬. મિલકતમાં જમીન, ઘર, પશુધન ઘરવખરી, ઘરેણાં, ખેતીનાં સાધન, વૃક્ષો, કૂવા છે. કુટુંબદીઠ સરેરાશ ૮૦૨૭ રૂપિયાની હતી. ૧૯૮૯માં ૩૬૮૯ રૂપિયાની છે. છેલ્લા વર્ષોની મોંઘવારી જોઇએ આ ૨૮ કુટુંબો ની કુલ મિલકત કેટલી ઓછી ગણાય તે કલ્પી શકાય તેમ છે. તેઓ કેટલાં ઓછાં સાધનો વડે જીવનનિર્વાહ ગોઠવતા હશે તે જોઇ શકાય છે.

૭. અભ્યાસનાં બધાં જ કુટુંબો ખેતી કરે છે. તેમ છતાં ખેતીનાં સાધનો ખૂબ ઓછાં હતાં. જેમ કે હળ ૩૨, કરબ ૧૫, નાના ઓજાર ૧૪૪, બળદ ૨૬, ગાય ૯, ભેંસ ૫ હતાં. ગાડું કોઇની પાસે જણાયું નથી. આમ ઉપરના આંકડા ઉપરથી ખ્યાલ આવે છે કે તેઓ પાસે ખેતીનાં કેટલાં ઓછાં સાધનો છે.

૮. ગામનાં જે કુટુંબોને મજૂરી ફરજિયાત કરવી પડે છે તેમને આખું વર્ષ કાયમ મજૂરી મળતી નથી. મજૂરીના દર ૬ કે ૭ રૂપિયા જ ચૂકવાય છે.

૯. આખાં ગામમાં ઘણાં આદિવાસી કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે. ગરીબી સતત વધતી જાય તે તેમની કુટુંબદીઠ સરેરાશ આવક જોતાં ખ્યાલ આવે છે. થોડા સભ્યો સિમેન્ટ ફેક્ટરીમાં નમૂનારૂપ નોકરી કરે છે.

૧૦. આરોગ્ય અંગેનું ચિત્ર બહુ સારું દેખાતું નથી. સિમેન્ટ ફેક્ટરી અને પૂરતા પ્રમાણમાં ખોરાક ન મળતો હોઇ અને આરોગ્યની સુવિધાઓનો અભાવ હોઇ ઘણાંના આરોગ્ય સારાં લાગતા નથી.

૧૧. સિંચાઇમાં કૂવા, તળાવ છે. છતાં તળાવમાં પાણી ઓછું ભરાય છે. અને કૂવા ઘણા ફેલ જવાથી સિંચાઇમાં મુશ્કેલી પડે છે. યોગ્ય વ્યવસ્થાના અભાવે ઓછી સિંચાઇ ગામમાં શકય બને છે.

સૂચનો :

૧૯૬૯માં તોરણિયા ગામનો અભ્યાસ કરી અહેવાલ કરાયો હતો. તે પછી ૧૯૭૯ અને ૧૯૮૯માં આ ગામ અને તેમાં વસતાં કુટુંબોમાં કયા કયા પાસાઓમાં કેટલું પરિવર્તન થયું તેને ખ્યાલમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અહેવાલના પ્રકરણમાં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં ગામ અને તેમાં રહેતા કુટુંબોમાં કેવું પરિવર્તન આવ્યું છે તે બતાવ્યું છે. જેનાથી ખ્યાલ આવશે કે પરિવર્તન કયાં કેવું શકય બન્યું છે. ગામમાં પાયાની સુવિધાઓમાં ઘણા ભાગે ફેરફારો નોંધાયા છે. લોકોના પહેરવેશ, ખોરાક, કામ કરવાની પદ્ધતિમાં ફેરફારો કયાંક જોવા મળે છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણની અસરો દૂરગામી હોવા છતાં વાહન વ્યવહારથી સંકળાયેલ હોઇ જોઇ શકાય છે. તેમ છતાં અહીં વસતા આદિવાસી કુટુંબોની આર્થિક સ્થિતિમાં ઝાઝો ફેરફાર દેખાયો નથી. ગરીબી ખેતીની સ્થિતિ સુધરવા છતાં ગરીબી ઘટવાને બદલે વધવા પામી છે. શિક્ષણ વધવા સાથે અપવ્યય અને સ્થગિતતાની સ્થિતિ જોવા મળે છે. હજુ કેટલાક સામાજિક કુરિવાજો છે. આ સાથે સરકારશ્રીની કેટલીક વિકાસની યોજનાઓ છતાં યોજનાકીય લાભ હજુ મળતા નથી. એવા દાખલા જોવા મળે છે. ઘણાને મળ્યા પણ છે. પરંતુ તેની પાછળ પૈસા આપવા પડયા હોય એવી વાતો જાણવા મળી છે. આ સંદર્ભમાં આ બધી બાબતોને નજરમાં રાખી વિકાસનો લાભ સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઇ ગોઠવાય તો ઘણા પ્રશ્નો ઉકેલવાની દિશામાં આગળ વધી શકાય તેમ છે.

તેમની સાથેની ચર્ચાઓ પરથી અભ્યાસના આધારે કેટલાંક સૂચનો કર્યાં છે.

૧. જે કુટુંબો પાસે ખેતીની ટૂંકી જમીન છે તેમને ખેતીમાં સીધી મદદ કરવી જોઇએ. તેમને કિટસ, દવા, સાધનો અને જરૂર પડયે પશુઓ માટેની મદદ સીધી જ થવી જોઇએ. જેથી વચ્ચેના લોકો તેમનું થોડું ઘણું ય શોષણ કરતા અટકે. ઘણાની જમીન ઢોળાવવાળી હોઇ તેમને પાળા બાંધવા માટે પણ સહાય કરવી જોઇએ. કારણ કે તેની આર્થિક સ્થિતિ જમીન સરખી કરવા માટેની નથી. સારું ઉત્પાદન લઇ શકે માટે રાયડા, ઘઉં જેવા અનુકૂળ પાકો માટે જરૂરી સહાય અને માર્ગદર્શન આપવાં જોઇએ. કારણ કે અત્યારે ઘઉં, રાયડાની ખેતી કરવા તરફનું તેમનું વલણ વધ્યું છે.

૨. જે કુટુંબો પાસે ટૂંકી જમીન છે તેમને ઘણાને સિંચાઈની સુવિધા નથી. તેમને સિંચાઈના અભાવે માત્ર ચોમાસુ પાક જ લેવાય છે. તેવા કુટુંબોને મીરાંવાસ તળાવમાંથી કે નવા કૂવા બનાવવા માટેની સુવિધા ઊભી કરી આપવી જોઈએ.

૩. ખેતી માટે ઓજારોની જરૂરિયાત ખૂબજ રહે છે. આગળ જોયુ તેમ કેટલાંક કુટુંબો પાસે ખેતીવાડીનાં પૂરતાં સાધનો નથી આવાં કુટુંબો અને જેમની પાસે ખેતીનાં કેટલાંક સાધનો છે નહીં તેવા માટે અગ્રતાક્રમે જરૂરી સાધનો લોન સબસીડીથી પણ પૂરા પાડવાં જોઈએ.

૪. છેલ્લાં ઘણાં વર્ષોથી ખેતી સાથેના પૂરક વ્યવસાય તરીકે પશુપાલન (દૂધાળાં ઢોર) રાખવા તરફનું વલણ દૂધ મંડળીઓ થવાથી વધ્યું છે. જેને કારણે ઘણા કુટુંબોને ખેતીની ઓછી આવક હોય ત્યારે ખૂબ સહારો પશુપાલનથી થયો છે. જો આવાં ટૂંકી ખેતી ધરાવતા કુટુંબોને તેમને જરૂર દૂધાળા પશુઓ આપવામાં આવે તેમ આર્થિક રીતે તેમને કંઈક રાહત થાય. સાથે દૂધ મંડળી ઊભી કરાય તો તેમનું શોષણ થતું પણ અટકે.

૫. ગામમાં કેટલાંયે કુટુંબોમાંથી આજે ખેતી સાથે ખેતમજૂરી, છૂટક મજૂરી ઘણા કરે છે. તેમને મજૂરી આખુX આખુય વર્ષ પૂરતી મળતી નથી. તો કાયમી મજૂરી મળી રહે તે માટેની વ્યવસ્થા કરવી જોઈએ. થોડા મહિનાથી અંબર ચરખા ઘણાં કુટુંબોને મળ્યા છે તેમાંથી થોડી મજૂરી મળશે. બાકીનાં કુટુંબોમાં પણ તે અપાય તો રોજી મળી રહે.

૬. ગામના ઘણા થોડા કુટુંબોમાંથી નજીકમાં આવેલી સિમેન્ટ ફેક્ટરીઓમાં કામ જાય છે. તેવી જ રીતે ગામના યુવકોને તાલીમ આપીને તૈયાર કરાય તો રોજી મળી રહે. જેમ કે સુથા દરજીકામ, હીરા ઘસવા, લુહારીકામ, લાઈટ ફીટીંગ, પગ લૂછણીયાં બનાવવા વગેરે કામોની તાલીમ આપી સાધનો પૂરાં પાડવાં જોઈએ.

૭. શિક્ષણ લેવાનું વલણ ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં સુધર્યું છે. હજુ જો રસ લઈને બાળકોની સંખ્યા જે વધવા પામી છે તેમાં બીજો શિક્ષક મૂકવો જોઈએ. અને બીજા ઓરડાની જોગવાઈ કરી આપવી જોઈએ. શાળામાં અને ગામમાં જે અપવ્યય અને સ્થગિતતાની સ્થિતિ સર્જાય છે તે શાથી છે તે તપાસી દૂર કરવા પગલાં લેવાં જોઈએ. બને તો આદિવાસી વસ્તીને ધ્યાનમાં લઈ આશ્રમશાળા કે છાત્રાલય ખોલવાં જોઈએ.

૯. ગામમાં ઉનાળામાં ખાસ કરીને ઢોરોને પાણી પાવા માટે દૂર સુધી જવું પડે છે. ગામના વચ્ચેના ફળિયે અકાદ હોજ થોડી સહાય કરી બનાવાય તો આ મુશ્કેલી કાયમને માટે દૂર થાય તેમ છે.

૧૦. મકાનોની સમસ્યા છે પરંતુ જે છે તેને સમારકામ કરી રહી શકાય તેટલી મદદ કરવી જોઇએ. કારણ કે જંગલ સાફ થઇ જતા તેઓ લાકડું બજારમાંથી લાવીને તેને સરખું કરી શકે તેમ નથી. તો તેમને શકય હોય તેમ મકાન માટેની સહાય કરવી જોઇએ.

૧૧. ૧૯૬૯ અને ૧૯૭૯થી ગામ પાસેથી કાચો મેટલ રસ્તો પસાર થયો છે. જે વીસ વર્ષ પછી પણ એ જ હાલતમાં છે. ૧૯૮૯માં પણ જો એ હાલત હોય તો આજુબાજુના રાજ્યના કોઇપણ ભાગમાં જઇ શકાય તેવો હાઇવે પસાર થાય છે તેનો સંપર્ક કઇ રીતે રહે. શકય હોય તો નદી ઉપર મોટું નાળું બાંધી, પાકો ડામરનો રસ્તો કરી આપવો જોઇએ. તો બહારના સમાજથી સંપર્કમાં તેઓ રહી વિકાસની પગદંડી તરફ પ્રયાણ જલદી કરી શકશે.

...